૨૦૩ વર્ષ

દૈનિક મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 244 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ આશ્વિન સુદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 October 2024, Monday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

સોમવાર, ૧૪ ઓક્ટોબર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાતમાં રિન્યુએબલ એનર્જી પ્લાન્ટ્સમાં ₹ ૪૩,૪૫૦ કરોડનું રોકાણ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં રિન્યુએબલ એનર્જી એટલે કે પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે થયેલી કામગીરી નોંધનીય છે. રાજ્યએ વીજ ઉત્પાદનની કુલ ૫૨,૪૨૪ મેગાવૉટની સ્થાપિત ક્ષમતા હાંસલ કરી છે, જેમાં ૫૦ ટકાથી વધુ એટલે કે ૨૫,૪૭૨ મેગાવૉટ પુનઃપ્રાપ્ય સ્રોતોમાંથી આવે છે. ગુજરાત આ સીમાચિહ્ન સુધી પહોંચનારું પ્રથમ રાજ્ય બન્યું છે. માર્ચ ૨૦૨૩ના આંકડા મુજબ, ગુજરાતની વીજ ઉત્પાદન ક્ષમતા ૪૫,૯૧૨ મેગાવૉટ હતી, જેમાં પુનઃપ્રાપ્ય ઊર્જાનો ફાળો ૧૯,૪૩૫ મેગાવૉટ હતો. ૨૦૨૪ સુધીમાં આ ક્ષમતામાં ૬,૫૧૨ મેગાવોટનો વધારો થયો છે, જેમાં ૬,૦૩૬ મેગાવૉટ પુનઃપ્રાપ્ય સ્રોતોમાંથી આવે છે. પુનઃપ્રાપ્ય ઊર્જાની લાંબા ગાળાની ક્ષમતાનો વિચાર કરીને ગુજરાતે પહેલાંથી જ રિન્યુએબલ એનર્જી પ્લાન્ટ્સમાં રૂ.૪૩,૪૫૦ કરોડનું રોકાણ કર્યું છે, જે પરંપરાગત વીજ ઉત્પાદનમાં રોકાણ કરવામાં આવેલા રૂ.૨૮,૮૬૪ કરોડ કરતાં વધુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારની ગુજરાત રિન્યુએબલ એનર્જી પૉલિસી ૨૦૨૮ સુધી લંબાવવામાં આવી છે, જે વૃદ્ધિને વધારે વેગ આપશે તેવી અપેક્ષા છે. આ પૉલિસી નવીન રિન્યુએબલ એનર્જી ઉકેલોનું સમર્થન કરે છે, જેમાં સોલાર રૂફટોપ ઇન્સ્ટોલેશન, ફ્લોટિંગ સોલાર ફાર્મ્સ અને કેનાલ-ટોપ સોલાર પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. ગુજરાત પાસે ૧૬૦૦ કિમી લાંબો દરિયાકિનારો અને પુષ્કળ સૂર્યપ્રકાશ જેવા ભૌગોલિક ફાયદા હોવાના કારણે તે પુનઃપ્રાપ્ય ઊર્જાની મહત્તમ ક્ષમતાનો ઉપયોગ કરી શકે છે. ગુજરાતે પુનઃપ્રાપ્ય ઊર્જાની જરૂરિયાત અને ફાયદાઓને ધ્યાનમાં રાખીને આગામી વર્ષોમાં ૭,૧૩૦ મેગાવૉટ રિન્યુએબલ એનર્જી ક્ષમતા ઉમેરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. ગુજરાત સૌર, પવન અને હાઇબ્રિડ એનર્જી પ્રોજેક્ટ્સ દ્વારા પર્યાવરણીય ફૂટપ્રિન્ટ ઘટાડીને પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પાદનમાં વધારો થાય એની ખાતરી કરશે.

## કચ્છના અબડાસા, લખપત, નખત્રાણા, ભુજમાં એકથી ત્રણ ઇંચ જેટલો વરસાદ



(તસવીર- ઉત્સવ વૈદ્ય)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ચોમાસું જ્યારે વિદાય લઇ રહ્યું છે ત્યારે ભુજ સહિત કચ્છના સંખ્યાબંધ સ્થળોએ આજે બપોર બાદ વરસાદે તેની ઝમકદાર બેટિંગ બતાડતાં એકથી ત્રણ ઇંચ જેટલો વરસાદ કચ્છના અબડાસા, લખપત, નખત્રાણા, ભુજ અને તેની આસપાસના વિસ્તારોમાં નોંધાયો હતો, રાત્રે પણ કચ્છના કેટલાક ભાગોમાં વરસાદ ચાલું રહ્યો હતો. દિવસભરના અસહ્ય ઊકળાટ બાદ વાતાવરણ પલટાયું હતું અને પ્રથમ હળવાં ઝાપટાં વરસ્યા બાદ અચાનક ભારે વરસાદ શરૂ થઇ ગયો હતો.

આ વરસાદ દરમ્યાન ભારે વીજળી-મેઘગર્જનાના કડાકા-ભડાકા થયા હતા અને ભુજ શહેરમાં બેથી ત્રણ સ્થળોએ વીજળી પડી હોવાના બિનસત્તાવાર અહેવાલ પણ મળ્યા હતા. આ દરમ્યાન, ખેડૂતોએ જણાવ્યું હતું કે, આ વરસાદને કારણે શિયાળુ પાકને તો ફાયદો થશે, પણ લગભગ તૈયાર થઇ ચૂકેલી મગફળીના પાકને નુકસાની થવાનો ડર ઉભો થયો છે. ■

## ટ્રેન ઊથલાવવાનું વધુ એક નિષ્ફળ કાવતરું

### ઉત્તરાખંડના રુરકી-લક્સર રૂટ પર ટ્રેક પરથી ગૅસ સિલિન્ડર મળ્યું



**ભાંગફોડનો પ્રયાસ?:** રૂડકીમાં રવિવારે રેલવે ટ્રેક પરથી એક ગૅસ સિલિન્ડર મળી આવ્યું હતું. (એજન્સી)

હરિદ્વાર: ઉત્તરાખંડના રુરકી-લક્સર રૂટ પર ટ્રેક પરથી ગૅસ સિલિન્ડર મળ્યું હોવાનું પોલીસે રવિવારે કહ્યું હતું.

બીસીએન ગુડ્સ ટ્રેનના ગાર્ડે ઢાંઢેરા રેલવે સ્ટેશન નજીક બાજુના ટ્રેક પર ગૅસ સિલિન્ડર પડ્યું હોવાની નોંધ લીધી હતી. લક્સરના જીઆરપી ઈન્ચાર્જ સંજય શર્માએ કહ્યું હતું કે ઘટના સમયે એ ટ્રેક પર કોઈ ટ્રેન આવવાની નહોતી.

હરિદ્વારના એસપી સ્વપન કિશોરે કહ્યું હતું કે રુરકી તરફ આવતા રેલવે ટ્રેક પર ત્રણ કિલોગ્રામ વજન ધરાવતું એક નાનું ગૅસ સિલિન્ડર પડેલું જોવા મળ્યું હતું. મળેલી બાતમીને પગલે પોલીસ અને આરપીએફની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને સિલિન્ડર કબજે કર્યું હતું.

સિલિન્ડર ખાલી હતું એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ઘટનાને મામલે અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ઘટનાને મામલે તપાસ ચાલી રહી હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)■

## આસામમાં ૪.૨ની તીવ્રતાનો ભૂકંપ

ગુવાહાટી: આસામના ઉત્તર-મધ્ય ભાગમાં રવિવારે સવારે ૪.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. એક સત્તાવાર બુલેટિનમાં આ જાણકારી આપવામાં આવી હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના રિપોર્ટમાં જણાવ્યા અનુસાર ભૂકંપ બ્રહ્મપુત્રના ઉત્તર કાંઠે આવેલા ઉદલગુરી જિલ્લામાં સવારે ૭-૪૭ વાગ્યના સુમારે ૧૫ કિલોમીટરની ઊંડાઇએ નોંધાયો હતો. ભૂકંપનું ચોક્કસ સ્થાન ગુવાહાટીથી લગભગ ૧૦૫ કિ.મી. ઉત્તરમાં અને તેજપુરથી ૪૮ કિ.મી. પશ્ચિમમાં આસામ-અરુણાચલ પ્રદેશ સરહદ નજીક હતું. તેમ જ પડોશના દારંગ, તામુલપુર, સોનિતપુર, કામરૂપ અને વિશ્વનાથ જિલ્લામાં પણ લોકોએ ભૂકંપના આંચકા અનુભવ્યા હતા. અહેવાલમાં જણાવ્યા મુજબ ભૂકંપ પશ્ચિમ અરુણાચલ પ્રદેશના

(જુઓ પાનું ૨) ▶▶

**બાબા સિદ્દીકીની હત્યા**

## શૂટરો હરિયાણાની જેલમાં બિશ્નોઇ ગૅન્ગના સભ્યોના સંપર્કમાં આવ્યા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈ: મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન બાબા સિદ્દીકીની બાંદ્રા વિસ્તારમાં શનિવારે કરાયેલી હત્યામાં સંડોવાયેલા શૂટરો હરિયાણાની જેલમાં લોરેન્સ બિશ્નોઇ ગૅન્ગના સભ્યોના સંપર્કમાં આવ્યા હતા અને બાદમાં તેમને બાબા સિદ્દીકીની હત્યા માટે અઢીથી ત્રણ લાખ રૂપિયાની સુપારી આપવામાં આવી હતી. હત્યા અગાઉ આરોપીઓ મુંબઈ અને પુણેમાં ભાડાના ઘરમાં રોકાયા હતા અને તેમણે બાબા સિદ્દીકીના ઘર-ઓફિસની રેકી કરી હતી. બાબા સિદ્દીકીની હત્યાના કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ હરિયાણાના રહેવાસી ગુરમૈલ બલજીત સિંહ અને ઉત્તર પ્રદેશના ધર્મરાજ કાશ્યપ તરીકે થઇ હતી. આ કેસમાં શિવકુમાર ઉર્ફે શિવાનંદ ગૌતમ અને મોહંમદ જીશાન અખ્તર ફરાર છે. ગૌતમ ત્રણ શૂટરોમાંનો એક હતો, જ્યારે બાબા સિદ્દીકીની હત્યાનો કોન્ટ્રેક્ટ જીશાન અખ્તરને આપવામાં આવ્યો હતો. શિવકુમાર પુણેમાં ભંગારના વેપારીને ત્યાં કામ કરતો હતો. ફરાર આરોપીઓને પકડવા ક્રાઇમ બ્રાન્ચની પંદર ટીમ તૈયાર કરવામાં આવી છે અને આ ટીમને પુણે, હરિયાણા, દિલ્હી અને ઉજ્જૈન રવાના કરવામાં આવી હોવાનું અધિકારીએ કહ્યું હતું.

કુર્લા વિસ્તારમાં તેઓ ૨ સપ્ટેમ્બરથી ભાડાના ઘરમાં રહેવા લાગ્યા હતા. ઘરનું ભાડું માસિક ૧૪ હજાર રૂપિયા હતું. હત્યા માટે આરોપીઓને અઢીથી ત્રણ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા, જે તેમણે આપસમાં વહેંચી દીધા હતા. શૂટરોના ભાગે રૂ. ૫૦-૫૦ હજાર આવ્યા હતા. આરોપીઓને બાદમાં શસ્ત્રો પણ પૂરાં પાડવામાં આવ્યાં હતાં.આરોપીઓને ગુનો માટે વાહનો અને શસ્ત્રો કોણે પૂરાં પાડ્યાં હતાં, પૈસા કોણે આપ્યા હતા, ગુનો આચરવા અગાઉ આરોપીઓને કોણે શસ્ત્રો ચલાવવાની તાલીમ આપી હતી, બાબા સિદ્દીકી પર શનિવારે પોતાના બે અંગરક્ષકો સાથે બાંદ્રા પૂર્વમાં નિર્મલનગર ખાતે મીટિંગમાં ગયા હતા. તેઓ રાતે ઘરે આવવા માટે નીકળ્યા ત્યારે ત્રણ અજાણ્યા શખસે બાબા સિદ્દીકી પર પિસ્તોલમાંથી અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. એ સમયે દશેરા નિમિત્તે ફટાકડા ફૂટી રહ્યા હતા. ગોળીબાર કર્યા બાદ એક શૂટર ફરાર થઇ ગયો હતો, જ્યારે બાકીના બેને પોલીસે પકડી પાડ્યા હતા.■

## કોલકાતામાં જુનિયર ડૉક્ટરોની ભૂખ હડતાળ નવમા દિવસમાં પ્રવેશી

કોલકાતા : આરજી કર હૉસ્પિટલના બનાવને પગલે પશ્ચિમ બંગાળના જુનિયર ડૉક્ટરે તેમની માગણીના સમર્થનમાં શરૂ કરેલી ભૂખહડતાળ રવિવારે નવમા દિવસમાં પ્રવેશી છે. બીજી બાજુ લોકો રાજ્યના વિવિધ વિસ્તારોમાં આ આંદોલનકારોને ટેકો આપવા 'પ્રતીક ઉપવાસ' કરી રહ્યા હતા.


કોલકાતા અને રાજ્યના ઉત્તર ભાગમાં આવેલા સિલગુડીમાં આમરણાંત ઉપવાસ કરી રહેલા ત્રણ જુનિયર ડૉક્ટરની સ્થિતિ વણસી જતા તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જુનિયર ડૉક્ટર્સ ફોરમના નેતાએ કહ્યું હતું કે જુનિયર તબીબોની હાલત કથળી ગઈ છે, પરંતુ રાજ્ય વહીવટીતંત્ર ટસનું મસ થતું નથી. દરમિયાન આરજી કર હૉસ્પિટલના ભૂતપૂર્વ વિદ્યાર્થીનું જૂથ બાર કલાકના પ્રતીક ઉપવાસ માટે હૉસ્પિટલ પહોંચ્યું હતું. જોકે અદાલતના હુકમથી સુરક્ષા કરી રહેલા સીઆઈએસએફના જવાનોએ તેમને રોક્યા હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થી જેમાંના મોટા ભાગના સિનિયર સિટિઝન છે તેમણે કહ્યું હતું કે કંઈ પણ થાય પણ અમે અમારા પ્રતીક ઉપવાસનો કાર્યક્રમ આગળ વધારીશું. માલદા અને મુરશિદાબાદ જિલ્લામાં અનેક લોકોએ 'પ્રતીક ઉપવાસ' કર્યા હતા. આંદોલન કરી રહેલા તબીબોએ લોકોને રવિવારે રસોઈ ન બનાવીને તેમને ટેકો આપવાની અપીલ કરી હતી. દુર્ગા પૂજા ચાલુ હતી તો પણ અનેક લોકોએ તબીબોના આંદોલનના સ્થળની મુલાકાત લીધી હતી. (એજન્સી) ■

### મહિલા ટી-૨૦ વર્લ્ડકપ

## ઓસ્ટ્રેલિયા સામે ભારતને મળ્યો ૧૫૨ રનનો ટાર્ગેટ

શારજાહ: મહિલા ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં ઓસ્ટ્રેલિયાએ ભારત સામે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં આઠ વિકેટ ગુમાવી ૧૫૧ રન ફટકાર્યા હતા. ભારતને મેચ જીતવા માટે ૧૫૨ રનનો ટાર્ગેટ મળ્યો હતો. ભારત સામે ટી-૨૦ વર્લ્ડકપમાં સેમિફાઇનલમાં પહોંચવા માટે આ મેચ કોઇ પણ ભોગે જીતવી જરૂરી છે. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ભારત ગ્રુપ-એમાં ૩ મેચમાં ૨ જીત સાથે બીજા સ્થાને છે. જ્યારે ઓસ્ટ્રેલિયાની ટીમ પ્રથમ સ્થાન પર છે. જો ભારતે સેમિફાઈનલમાં સ્થાન નિશ્ચિત કરવું હોય તો તેને આ મેચ જીતવી પડશે. હાર આગળ જવાની કોઈ પણ આશાને લગભગ ખતમ કરી દેશે. પ્રથમ બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયાએ ગ્રેસ હેરિસના ૪૦, તાહલિયા મેકગ્રા ૩૨ અને એલિસ પેરીના ૩૨ રનની ઇનિંગની મદદથી ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૫૧ રન કર્યા હતા. ભારત તરફથી રેણુકા સિંહ અને દીપ્તિ શર્માએ બે-બે વિકેટ લીધી હતી. જ્યારે શ્રેયંકા, પૂજા અને રાધાને એક-એક સફળતા મળી હતી. મેચની શરૂઆતમાં રેણુકાએ સતત બે બોલમાં બે વિકેટ ઝડપી છે. ઇનિંગ્સની ત્રીજી ઓવરમાં ચોથા બોલ પર રેણુકાએ બેથ મૂની (૨) અને પાંચમા બોલ પર જ્યોર્જિયા વેરહેમ (૦)ને પોતાનો શિકાર બનાવ્યા હતા. ■



**સૌર ચુંબકીય તોફાન:** સૂર્યના બાહ્ય વાતાવરણમાંથી આવતાં સૌર ચુંબકીય તોફાનની પૃથ્વી પર અસર થતી જોવા મળે છે. તસવીરમાં નજરે પડી રહેલો સફેદ પ્રકાશિત ભાગ સૌર તોફાનને જન્મ આપનાર સૂર્યની જ્વાળાઓનું સ્થાન દર્શાવે છે. (એજન્સી)

## પછાત વર્ગની ભલામણોની મંજૂરી બાદ જ કાશ્મીરમાં પંચાયતની ચૂંટણી થશે

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુ : જમ્મુ અને કાશ્મીરમાં પંચાયત ચૂંટણી બીજા પછાત વર્ગ (ઓબીસી) પંચની અનામત ભલામણોને નવી સરકાર મંજૂરી દેશે ત્યાર બાદ જ યોજાશે. સ્થાનિક શાસનમાં ભવિષ્યને આકાર દેનારા ૬૫ લાખ મતદાતાઓ સાથે પછાત પંચ ભલામણો પર પોતાનો અહેવાલ અંતિમ રૂપ દેવા કમર કસી રહ્યો છે.

હાલમાં થયેલી લોકસભા અને વિધાનસભાની ચૂંટણી બાદ રાજ્ય ચૂંટણી પંચ ગ્રામીણ ક્ષેત્રોના વિકાસમાં સ્થાનિક સ્વાયત્ત સંસ્થાની ભૂમિકા સમજીને પંચાયત ચૂંટણી કરવા તત્પર છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર ચૂંટણી પ્રક્રિયાને સુગમ બનાવવા માટે આ મહિનાના અંત સુધી મતદારયાદી ચૂંટણી પંચની વેબસાઈટ પર અપલોડ કરવાની તૈયારી ચાલે છે. મતદાતા ખાસ સારાંશ પ્રક્રિયા દરમિયાન પોતાનો રેકોર્ડ સુધારી શકે છે. અહીં ઉલ્લેખનીય છે કે કેન્દ્રશાસિત પ્રસાશને સેવાનિવૃત્ત ન્યાયાધીશ જનક રાજ કોતવાલની આગેવાનીમાં સેવાનિવૃત્ત અધિકારી રાજ કુમાર ભગત અને એસકેયુએએસટી જમ્મુના પૂર્વ ડીન પ્રોફેસર મોહિન્દર સિંહ સાથે ત્રણ સભ્યના ઓબીસી આયોગની રચના કરી છે. આ પંચનું કામ કુલ વસતિમાં ઓબીસીના પ્રતિનિધિત્વનું મૂલ્યાંકન કરવાનું છે અને નગર નિગમો અને અન્ય સ્થાનિક નિગમોમાં આરક્ષણ જોગવાઈઓને લાગુ પાડવાની છે. આ અભૂતપૂર્વ પહેલનો હેતુ જમ્મુ-કાશ્મીરમાં પંચાયત અને સ્થાનિક એકમની ચૂંટણીમાં પહેલી વાર ઓબીસી આરક્ષણ લાગુ પાડવાનો છે. પંચનો

(જુઓ પાનું ૨) ▶▶



**'સિંદૂર ખેલા':** પટણામાં રવિવારે દુર્ગા પૂજાના તહેવારની ઉજવણીનાં અંતે નૃત્ય કરી રહેલી 'સિંદૂર ખેલા'માં ભાગ લેનારી મહિલા. (એજન્સી)

## મ.પ્ર.ના છતરપુર નજીક ટ્રેનના કોચમાં આગ, કોઇ જાનહાનિ નહીં

છતરપુર: મધ્ય પ્રદેશના છતરપુર જિલ્લામાં રવિવારે સવારે ગીતા જયંતી એક્સપ્રેસ ટ્રેનના એક કોચમાં આગ લાગી હતી. જો કે આ ઘટનામાં કોઇ જાનહાનિ થઇ નથી અને આગ પર તાત્કાલિક કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. આ માહિતી એક અધિકારીએ આપી હતી. જિલ્લા મુખ્યાલયથી ૨૫ કિલોમીટર દૂર ઇશાનગર પોલીસ સ્ટેશન નજીક સવારે ૭-૩૦ વાગ્યે ટ્રેનના કોચમાં આગ લાગી હતી. સ્ટેશન માસ્ટર આશિષ યાદવે જણાવ્યું કે આ ઘટનાને કારણે ટ્રેન લગભગ એક કલાક મોડી પડી હતી. ટ્રેન ઇશાનગર સ્ટેશન પર બે મિનિટ થોભી હતી. અધિકારીએ જણાવ્યું કે જેવી ટ્રેન આગળ વધી કે રેલવે કર્મચારીઓએ ગીતા જયંતી એક્સપ્રેસ(૧૧૮૪૨)ના ડીફાઇવ કોચમાંથી ધુમાડો નીકળતા જોયો અને ટ્રેનને રોકી દેવામાં આવી. આ ટ્રેન કુરુક્ષેત્ર અને ખજૂરાહો વચ્ચે ચાલે છે. તેમણે જણાવ્યું કે રેલવે કર્મચારીઓએ તુરંત જ અગ્નિશામક સાધનોનો ઉપયોગ કરીને આગને કાબૂમાં લીધી હતી.

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મદરેસાઓ ખરેખર બંધ જ કરી દેવી જોઈએ

**નેશનલ** કમિશન ફોર ચાઈલ્ડ પ્રોટેક્શન (એનસીપીસીઆર)એ દેશનાં તમામ રાજ્યોને પત્ર લખીને મદરેસાઓને આપવામાં આવતા ફંડને રોકવા કહેતાં વિવાદ ઉભો થઈ ગયો છે. રાષ્ટ્રીય બાળ પંચ બંધારણીય સત્તામંડળ નથી તેથી કોઈ પણ રાજ્ય સરકારને આદેશ ના આપી શકે પણ આ વાત તેણે સૂચનના સ્વરૂપમાં કરી છે.

રાષ્ટ્રીય બાળ પંચનું કહેવું છે કે, મદરેસાઓ આ રાઈટ-ટુ-એજ્યુકેશન (આરટીઆઈ)ના નિયમોનું પાલન કરતા નથી તેથી તેમને ફંડ ના અપાય. બાળ પંચે 'ગાર્ડિયન્સ ઑફ ફેઇથ ઓર ઓપોનન્ટ્સ ઑફ રાઈટ્સ: કોન્સ્ટિટ્યુશનલ રાઈટ્સ ઑફ ચિલ્ડ્રન વર્સસ મદરેસા' નામનો રિપોર્ટ બનાવ્યો છે કે જેમાં મદરેસાઓ શું કામ કરે છે, કઈ રીતે શિક્ષણ આપે છે, ક્યા ક્યા વિષયો ભણાવાય તેની વિગતો આવરી લેવાઈ છે. આ વિગતો પ્રમાણે, મદરેસાઓમાં સંપૂર્ણ ધ્યાન ધાર્મિક શિક્ષણ પર અપાય છે તેથી બાળકોને અન્ય વિષયોનું જરૂરી શિક્ષણ મળતું નથી. આ કારણે મદરેસાઓમાં ભણનારાં બાળકો અન્ય બાળકોથી પાછળ રહે છે.

આ સ્થિતિ સુધારવા માટે બાળ પંચે રાજ્યોને લખેલા પત્રમાં ત્રણ ભલામણ કરી છે. પહેલી ભલામણ એ છે કે, રાજ્ય સરકારો દ્વારા મદરેસા અને મદરેસા બોર્ડને આપવામાં આવતું ફંડ બંધ કરવું જોઈએ. બીજી ભલામણ એ છે કે, બિન-મુસ્લિમ બાળકોને મદરેસાઓમાંથી દૂર કરવાં જોઈએ. બંધારણની કલમ ૨૮ મુજબ કોઈપણ બાળકને માતા-પિતાની સંમતિ વિના ધાર્મિક શિક્ષણ ન આપી શકાય. ત્રીજી ભલામણ એ છે કે, ધાર્મિક અને ઔપચારિક શિક્ષણ એક સંસ્થામાં એકસાથે ના આપવું જોઈએ.

બાળ પંચની ભલામણ સામે રાજકીય પ્રતિક્રિયાઓ શરૂ થઈ ગઈ છે ને મોદી સરકારના માથે માછલાં ધોવાવાનું પણ શરૂ થઈ ગયું છે. સમાજવાદી પાર્ટીના મુખિયા અખિલેશ યાદવે આ હિલચાલને મદરેસાઓ બંધ કરી દેવાની દિશામાં પહેલું કદમ ગણાવ્યું છે. અખિલેશના કહેવા પ્રમાણે, ભાજપ સરકાર બંધારણમાં કરાયેલી તમામ જોગવાઓએ બદલી નાખવા માગે છે. ભાજપ નફરતનું રાજકારણ રમવા માગે છે, ભાજપ ભેદભાવનું રાજકારણ રમવા માગે છે, લોકોને ધર્મ અને જ્ઞાતિના નામે લડાવીને રાજકારણ રમવા માગે છે.

ઉત્તર પ્રદેશમાં મુસ્લિમો અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટીની મોટી મતબેંક છે. લોકસભાની ચૂંટણીમાં યુપીની ૮૦ લોકસભા બેઠકોમાંથી ૩૭ બેઠકો જીતીને સમાજવાદી પાર્ટી સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરી છે. આ કારણે મુસ્લિમોને લગતી કોઈ પણ વાત આવે કે તરત અખિલેશ યાદવ સૌથી પહેલાં મેદાનમાં આવી જાય છે. અખિલેશ યાદવે લોકસભાની ચૂંટણીમાં ભાજપ સરકાર દેશનું બંધારણ બદલી નાખવા માગે છે એ મુદ્દાને પણ અસરકારકતાથી ચલાવેલો તેથી હવે દરેક વાતમાં બંધારણની વાત ઘૂસાડી દે છે. આ કિસ્સામાં પણ તેમણે એ જ કર્યું છે ને મદરેસાઓને ફંડ રોકી દેવાથી બંધારણ બદલી દેવાશે એવો દાવો કર્યો છે.

અખિલેશ રાજકીય ફાયદાને ખાતર ભલે આવી વાતો કરતા હોય પણ મદરેસાઓને અપાતું ફંડ રોકવાની વાતને બંધારણ બદલવાની હિલચાલ ગણાવવી એ બાલિશ હરકત કહેવાય. વાસ્તવમાં બાળ પંચે તો બંધારણને બચાવવા માટે આ ભલામણ કરી છે કેમ કે મોટા ભાગના મદરેસા રાઈટ-ટુ-એજ્યુકેશનના નિયમોનું પાલન કરતા નથી. રાઈટ-ટુ-એજ્યુકેશન દેશનાં તમામ બાળકોને બંધારણે આપેલો અધિકાર છે. તેનું પાલન નહીં કરનારાં મદરેસાઓને ફંડ રોકવાનું કહેવું એ બંધારણનું જતન છે, બંધારણ બદલવાની તેમાં વાત જ નથી.

મોટા ભાગના મદરેસાઓમાં ક્યા પ્રકારનું શિક્ષણ અપાય છે એ આખી દુનિયા જાણે છે. ભાજપ અને હિંદુવાદી સંગઠનો તો વરસોથી મદરેસાઓને આતંકવાદનાં ઉછેર કેન્દ્રો ગણાવે છે. ભાજપના નેતા કહેતા રહ્યા છે, કે મદરેસાઓમાં અપાતું ધાર્મિક શિક્ષણ આતંકવાદને પોષવામાં મોટી ભૂમિકા ભજવે છે. મદરેસાઓમાં ભણાવનારા કટ્ટરવાદી હોય છે ને એ લોકો ત્યાં ભણતાં છોકરાંના મનમાં કોમવાદનું ઝેર રેડે છે. તેના કારણે મદરેસાનાં બાળકો બીજાં ધર્મનાં લોકોને પોતાના દુશ્મન જ સમજે છે ને આખી દુનિયા પર ઈસ્લામના ઝંડા ફરકાવવાનાં સપનાં જોતા થઈ જાય છે. ધર્માંધતા અને કટ્ટરતા વધે એવું શિક્ષણ મદરેસાઓમાં અપાય છે એ હકીકત છે. મુસ્લિમોની ભાવિ પેઢીને ધર્માંધ અને કટ્ટર બનતી રોકવા માટે તેમને મદરેસાઓમાં જતી રોકવી જરૂરી છે. એ માટે ખરેખર તો મદરેસાઓ જ બંધ કરાવી દેવી જોઈએ.

મદરેસાઓ બંધ કરાવવા માટે બીજાં બે કારણ પણ છે. પહેલું કારણ એ કે, મદરેસા દેશના બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંતની વિરુદ્ધ છે. જે દેશ સેક્યુલારિઝમને વરેલો હોય એ દેશમાં સ્કૂલમાં ધર્મનું શિક્ષણ અપાય ને તેના માટે સરકાર ફંડ આપે એ જ સેક્યુલારિઝમની મોટી મજાક કહેવાય. કમનસીબે આપણા બંધારણના ઘડવૈયા લઘુમતીઓનાં વારસાનું રક્ષણ કરવાના નામે મદરેસાઓનું તૂત ઘૂસાડતા ગયા તેમાં વરસોથી આ મજાક ચાલી રહી છે. લઘુમતીઓને પોતાના ધાર્મિક વારસાની જાળવણી કરવી હોય તો કરી શકે. તેની સામે કોઈને વાંધો નથી પણ તેની શિક્ષણમાં ભેળસેળ ના હોવી જોઈએ. જેમને પોતાનાં સંતાનોને ઈસ્લામનું શિક્ષણ આપવું હોય એ મસ્જિદોમાં કે બીજી સંસ્થાઓમાં મોકલીને ધર્મનું જ્ઞાન આપી શકે.

બીજું કારણ એ છે કે, મદરેસાઓમાં આધુનિક શિક્ષણ અપાતું નથી તેથી મુસ્લિમોનાં બાળકો આધુનિક શિક્ષણથી વંચિત રહી જાય છે. મુસ્લિમોનાં બાળકો સાથે થઈ રહેલો આ ઘોર અન્યાય છે અને બંધારણીય જોગવાઈ હેઠળ જ આ ઘોર અન્યાય થયો. જે રીતે ટ્રિપલ તલાક સહિતની બકવાસ પ્રથાઓ મુસ્લિમ પર્સનલ લો હેઠળ પોષાઈ એવું જ આ કિસ્સામાં પણ થયું છે એવું મદરેસાઓમાં પણ થયું છે.

ઉત્તર પ્રદેશ સરકારે તો એફિડેવિટ કરીને ૧૯ સપ્ટેમ્બરે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે મદરેસામાં ભણતાં બાળકો માત્ર ૧૦મા અને ૧૨મા ધોરણ સુધીની લાયકાત ધરાવતી એટલે કે ચોથા વર્ગના કર્મચારી તરીકેની નોકરી માટે જ લાયક હોય છે. યુપી સ્ટેટ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ સિલેબસ અનુસાર, મદરેસાઓમાં માત્ર ૮મા ધોરણ સુધી જ મુખ્ય પ્રવાહના વિષયો ભણાવવામાં આવે છે. ૯ અને ૧૦મા ધોરણમાં મુખ્ય પ્રવાહના વિષયોનો અભ્યાસ ફરજિયાત નથી તેથી ધર્મનું જ્ઞાન ઠાંસવામાં આવે છે.

આ બહુ મોટો અન્યાય છે ને મોદી સરકારે એ અન્યાય દૂર કરવો જોઈએ. મદરેસાઓને અપાતું ફંડ રોકીને એ દિશામાં પહેલું પગલું ભરાયું હોય તો એ પગલાને આવકારવું જોઈએ. જાગ્યા ત્યારથી સવાર સમજીને મુસ્લિમ બાળકોને દેશનાં બીજાં બાળકોની જેમ જ સામાન્ય અને રોજગારલક્ષી શિક્ષણ અપાય તેનાથી ઉત્તમ બીજું શું હોય?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર શરદઋતુ)

સોમવાર, તા. ૧૪-૧૦-૨૦૨૪, પાશાકુંશા ભાગવત એકાદશી

- ભારતીય દિનાંક ૨૨, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન સુદ-૧૧
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ સુદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧લો હોરમજદ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૧મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર શતભિષા ક. ૨૪-૪૨ સુધી, પછી પૂર્વાભાદ્રપદા.
- ચંદ્ર કુંભમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૩ અમદાવાદ ક. ૦૬ મિ. ૩૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૪, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સવારે ક. ૦૯-૧૯, રાત્રે ક. ૨૧-૪૮
- ઓટઃ બપોરે ક. ૧૫-૩૭, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૩૪ (તા. ૧૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન શુક્લ - એકાદશી. પાશાકુંશા ભાગવત એકાદશી (ટેટી), વિષ્ટિ ક. ૦૬-૪૨ સુધી, પારસી ૩જો ખોરદાદ માસારંભ. સૂર્ય મહાનક્ષત્ર ચિત્રામાં, વાહન મહિષી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ ચંદ્ર-રાહુ ગ્રહદેવતાનું પૂજન, ક્ષય તિથિ હોઈ સાંસારિક, માંગલિક કામકાજ વર્જ્ય છે. વરુણ દેવતાનું પૂજન, વાયુદેવતાનું પૂજન, કદંબનું વૃક્ષ વાવવું, મંદિરમાં ધજા, કળશ પતાકા ચઢાવવી, પાટ-અભિષેક પૂજા, એકાદશી વ્રત ઉપવાસ, બગીચો બનાવવો, માલ લેવો, નિત્ય થતાં દુકાન-વેપારના કામકાજ.
- આચમનઃ સૂર્ય-ગુરુ ત્રિકોણ વેપારમાં સફળતા પ્રાપ્ત થાય. સૂર્ય-મંગળ ચતુષ્કોણ કજિયાખોર, ચંદ્ર-શનિ યુતિ કાળજીવાળા, શુક્ર-રાહુ પ્રતિયુતિ ખોટી રુચિ, શોખ નિર્માણ થાય.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-ગુરુ ત્રિકોણ, સૂર્ય-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-શનિ યુતિ, શુક્ર-રાહુ પ્રતિયુતિ (તા. ૧૫)

ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, બુધ-તુલા, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-વૃશ્ચિક, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીઃ રાજકીય પરિવારના નવા ઓછામાં ઓછા ૧૩ વિધાનસભ્ય

શ્રીનગરઃ જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં રાજકીય પરિવારના નવા ઓછામાં ઓછા ૧૩ વિધાનસભ્ય છે જેમના પરિવારના સભ્યો ભૂતકાળમાં ચૂંટણી લડ્યા કે જિત્યા હતા.

નવા ચૂંટાઈ આવેલા સભ્યોમાં નેશનલ કૉન્ફરન્સના વિધાનસભ્યોની સંખ્યા સૌથી વધુ છે.

જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણીમાં સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી આવેલો નેશનલ કૉન્ફરન્સ સરકાર રચશે.

જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણીમાં નેશનલ કૉન્ફરન્સ અને કૉંગ્રેસ સાથે મળીને ચૂંટણી લડ્યા હતા.

અબ્દુલ્લા પરિવારમાંથી મુખ્ય પ્રધાન બનનાર ઓમર અબ્દુલ્લા પરિવારની ત્રીજી પેઢીના છે.

ઓમર અબ્દુલ્લાના પિતા ફારુખ અબ્દુલ્લા અને દાદા શેખ મુહમ્મદ અબ્દુલ્લા પણ અગાઉ જમ્મુ-કાશ્મીરના વિધાનસભ્ય અને મુખ્ય પ્રધાન રહી ચૂક્યા છે.

જમ્મુ એન્ડ કાશ્મીર પ્રદેશ કૉંગ્રેસ કમિટી (જેકેપીસીસી)ના પ્રમુખ તારિક હમીદ કારા શ્રીનગરના વગદાર રાજકીય પરિવારમાંથી આવે છે.

જેકેપીસીસીના વડા પણ ભૂતપૂર્વ વિધાનસભ્ય છે. વર્ષ ૨૦૧૪માં તેઓ લોકસભાની ચૂંટણીમાં શ્રીનગર મતદારક્ષેત્રમાંથી સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. (એજન્સી)

# પુરીના જગન્નાથ મંદિરમાં શ્રદ્ધાળુઓને મહાપ્રસાદ વિનામૂલ્યે અપાશે

ભુવનેશ્વર : ઓડિશા સરકાર પુરીના જગન્નાથ મંદિરમાં શ્રદ્ધાળુઓને 'મહાપ્રસાદ'નું મફત વિતરણ કરવા વિચારી રહી છે, એવી માહિતી રાજ્યના પ્રધાને રવિવારે આપી હતી.

ઓડિશાના કાયદાપ્રધાન પૃથ્વીરાજ હરિચંદને પત્રકારોને કહ્યું હતું કે સૂચિત યોજના ટૂંકમાં સાકાર થશે. પ્રધાને કહ્યું હતું કે મફત મહાપ્રસાદના વિતરણથી રાજ્ય સરકારને દર વર્ષે ૧૪-૧૫ કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ થશે. અમે નાણાકીય રીતે સધ્ધર શ્રદ્ધાળુઓને આ માટે આગળ આવીને પહેલમાં જોડાવવા અપીલ કરીએ છીએ. અમુક લોકોએ આ પહેલને ટેકો આપવા સંમત થયા છે. પવિત્ર ઓડિયા કાર્તિક મહિના બાદ આ યોજનાનો અમલ થશે એવી સંભાવના છે. પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે જે મહિલાઓ કાર્તિક મહિનામાં ખાસ વિવિધ 'હબિસયાલી' કરે છે તો તેમને માટે ખાસ વ્યવસ્થા કરાઈ છે.

પૃથ્વીરાજે કહ્યું હતું કે અમે જગન્નાથ મંદિરના દર્શન આસાન બનાવવા યોજના ઘડી છે. શ્રદ્ધાળુઓ ૧૨મી સદીના તીર્થસ્થાનની મુલાકાતમાં કોઈ મુશ્કેલી ન આવે એ માટે નવી સિસ્ટમ શરૂ કરાશે. (એજન્સી)

# કમલા હૅરિસ વાવાઝોડાથી પ્રભાવિત ઉત્તર કૅરોલિનાના અશ્વેત નેતાને મળ્યાં

નવી દિલ્હીઃ અમેરિકાના વાઈસ પ્રેસિડન્ટ કમલા હૅરિસ શનિવારે વાવાઝોડાંથી પ્રભાવિત ઉત્તર કૅરોલિનાના અશ્વેત નેતાને મળ્યાં હતાં.

વાવાઝોડાંથી પ્રભાવિત લોકો માટે રાહત પૅકેજની તૈયારી કરી રહેલા કાર્યકર્તાઓને મળવા તેમ જ રાજ્યમાં પ્રચારઝુંબેશ શરૂ કરવા કમલા હૅરિસ કૅરોલિના પહોંચ્યાં હતાં.

રવિવારે તેમણે એક પ્રચાર રેલીમાં હાજરી આપી હતી અને ચર્ચની મુલાકાત લીધી હતી. ૨૬ સપ્ટેમ્બરે રાજ્યમાં વાવાઝોડું હૅલૅને ત્રાટક્યાં બાદ કૅરોલિનાની તેમની આ બીજી મુલાકાત હતી. આ વાવાઝોડાએ ૨૩૦ જણનો ભોગ લીધો હતો.

ડેમોક્રેટિક પક્ષના અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીનાં ઉમેદવાર હૅરિસે ગયા અઠવાડિયે પણ કૅરોલિનાની મુલાકાત લીધી હતી.

વર્ષ ૨૦૨૦માં નૉર્થ કૅરોલિનાના લોકોએ ટ્રમ્પને ટેકો આપ્યો હતો. જોકે, ડેમોક્રેટોને એમ લાગી રહ્યું છે કે આ વખતની ચૂંટણીમાં કૅરોલિનામાં તેમને વિજય મળશે.

વૉશિંગ્ટન જવાં રવાનાં થતાં અગાઉ પત્રકારોને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે પહેલાં હું વાવાઝોડાંનાં અસરગ્રસ્તોને મળીશ અને તેમની પ્રવર્તમાન સ્થિતિ અંગે જાણકારી મેળવીશ. (એજન્સી)

# ઇઝરાયલના લેબેનોન અને ઉત્તર ગાઝામાં ફરી હુમલા

બેરુતઃ ઇઝરાયલે હવાઇ હુમલામાં ઓછામાં ઓછા બાવીસ લોકોનાં મોત થયાનાં કલાકો બાદ શનિવારે ઉત્તર ગાઝા પર ભારે બોંબમારો ચાલુ રાખ્યો હતો. ઇઝરાયલ સતત ગાઝા અને દક્ષિણ લેબનોનમાં જ્યાં આતંકવાદી જૂથો હમાસ અને હિઝબુલ્લાહ વિરુદ્ધ તેના હુમલા ચાલુ છે ત્યાં લોકોને તે વિસ્તારો ખાલી કરવાનું કહી રહ્યું છે.

લેબનોનમાં સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સેનાએ કહ્યું કે શુક્રવારે મોડી રાત્રે નકૌરા સ્થિત તેના મુખ્યમથક પર ફરથી હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં એક શાંતિ સૈનિકને ગોળી વાગી હતી. સૈનિકની હાલત સ્થિર હોવાનું તેમણે કહ્યું હતું. જો કે ગોળી કોણે ચલાવી તે અંગે કોઇ સ્પષ્ટ માહિતી આપવામાં આવી નથી. આ ગોળીબાર ઇઝરાયલી સેના દ્વારા સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સેનાના હેડક્વાર્ટર પર સતત બીજા દિવસે ગોળીબાર કર્યાના એક દિવસ બાદ થયો હતો. શાંતિ સૈનિકોને તેમનું સ્થાન છોડવાની ચેતવણી આપનાર ઇઝરાયલે આ હુમલા પર તાત્કાલિક કોઇ પ્રતિક્રિયા આપી ન હતી. ઉત્તરી ગાઝાના રહેવાસીઓનું કહેવું છે કે તેઓને મહિનાની શરૂઆતથી રાહત સહાય મળી નથી. જેના કારણે ખાદ્ય કટોકટી સર્જાઇ છે. યુનાઇટેડ નેશન્સ વર્લ્ડ ફૂડ પ્રોગ્રામે જણાવ્યું કે ૧ ઓક્ટોબર બાદથી ઉત્તર ગાઝામાં કોઇ ખાદ્ય સહાય પહોંચી નથી. હજુ પણ અહીં ૪૦૦,૦૦૦ લોકો રહેતા હોવાનો એક અંદાજ છે.



**હવાઈ હુમલોઃ** ઈઝરાયલ દ્વારા શનિવારે રાત્રે દક્ષિણ લેબેનોનના નાબાતિયે નગર પર કરવામાં આવેલા હુમલામાં ધરાશાયી થયેલી ઈમારતના કાટમાળ પર ઊભેલા હિઝબુલ્લાહના બચાવ કાર્યકર્તાઓ. (એજન્સી)

# 'પીએમ ગતિશક્તિ' ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ક્રાંતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે પરિવર્તનકારી પહેલઃ વડા પ્રધાન

નવી દિલ્હીઃ પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન ભારતના ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં ક્રાંતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે એક પરિવર્તનકારી પહેલ તરીકે ઊભરી આવ્યો છે અને તમામ ક્ષેત્રોમાં ઝડપી અને વધુ કાર્યક્ષમ વૃદ્ધિને પ્રોત્સાહન આપે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે આ વાત કહી હતી.

પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન(પીએમજીએસ-એનએમપી) ૧૩ ઑક્ટોબર, ૨૦૨૧ના રોજ વિવિધ આર્થિક ક્ષેત્રોને મલ્ટી-મોડલ કનેક્ટિવિટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરવા માટે લોન્ચ કરવામાં આવ્યો હતો. પીએમ ગતિશક્તિ આર્થિક વિકાસ અને સતત વિકાસ માટેનો એક પરિવર્તનકારી અભિગમ છે જે સાત એન્જિનો- રેલવે, રસ્તા, બંદરો, જળમાર્ગો, એરપોર્ટ, માસ ટ્રાન્સપોર્ટ અને લોજિસ્ટિક્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા સંચાલિત છે.

એક્સ પર એક પોસ્ટમાં મોદીએ કહ્યું કે પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન ભારતના ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં ક્રાંતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે એક પરિવર્તનકારી પહેલ તરીકે ઊભરી આવ્યો છે જેનાથી મલ્ટિમોડલ કનેક્ટિવિટીમાં નોંધપાત્ર વધારો થયો છે. જેનાથી તમામ ક્ષેત્રોમાં ઝડપી અને વધુ કાર્યક્ષમ વિકાસ થયો છે. તેમણે કહ્યું કે વિભિન્ન હિતધારકોના અવિરત એકીકરણથી લોજિસ્ટિક્સમાં વધારો થયો છે, વિલંબમાં ઘટાડો થયો છે અને ઘણા લોકો માટે નવી તકો ઊભી થઇ છે.

વડા પ્રધાને જણાવ્યું કે ગતિશક્તિનો આભાર, ભારત વિકસિત ભારતના અમારા વિઝનને પૂર્ણ કરવા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. તે પ્રગતિ, ઉદ્યોગસાહસિકતા અને નવીનતાને પ્રોત્સાહન આપશે. મોદીએ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલની પોસ્ટને ટેગ કરી હતી, જેમાં તેમણે ત્રણ વર્ષ પૂરા થવા પર ગતિશક્તિ પહેલની પ્રશંસા કરી હતી.

# જગન્નાથ મંદિરના રત્ન ભંડારનો સર્વે રિપોર્ટ ટૂંકમાં બહાર પડાશે

ભુવનેશ્વર : પુરીના જગન્નાથ મંદિરના રત્ન ભંડારનો ટેક્નિકલ સર્વે રિપોર્ટ ટૂંક સમયમાં બહાર પડે એવી સંભાવનાની વાત ઓડિશાના કાયદાપ્રધાન પૃથ્વીરાજ હરિચંદને રવિવારે કરી હતી. આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઈન્ડિયા (એએસઆઈ)એ સપ્ટેમ્બરમાં રતનભંડારનો ગ્રાઉન્ડ પેન્ટરેટિંગ રડાર (જીપીઆર) સર્વે કરવા સહિતની આખી કવાયત કરી હતી.

તેમણે કહ્યું હતું કે રાજ્ય સરકારને આગામી ત્રણ-ચાર દિવસમાં જીપીઆર સર્વેનો અહેવાલ મળશે. જો કિંમતી વસ્તુઓ અંદર રખાઈ હોવાનું માલૂમ પડશે તો સરકાર યોગ્ય કાર્યવાહી કરશે. જો કંઈ નહીં મળે તો રત્નભંડારનું સમારકામ શરૂ કરાશે. રત્નભંડાર ૪૬ વર્ષ બાદ જુલાઈમાં ખોલવામાં આવ્યો હતો અને આમાં કોઈઅમૂલ્ય વસ્તુઓ છે કે નહીં એનો સ્ટોક લેવામાં આવ્યો હતો. રત્નભંડારનું સમારકામ કરવાની પણ દરખાસ્ત છે. ભંડારના આંતરિક અને બાહ્ય ચેમ્બરમાં મળેલા દાગીના અને અમૂલ્ય વસ્તુઓ મંદિરની અંદરના હંગામી સ્ટ્રોન્ગરૂમમાં રખાયા છે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### આસામમાં

કેટલાક વિસ્તારોની સાથે સાથે પૂર્વ ભૂતાનમાં પણ અનુભવાયો હોવાની શક્યતા છે. કોઇના ઘાયલ થવાના કે કોઇપણ મિલકતને નુકસાન થયાના તાત્કાલિક કોઇ અહેવાલો નથી. ઉત્તર-પૂર્વ ક્ષેત્ર ઉચ્ચ સિસ્મિક ઝોનમાં આવતું હોવાથી આ વિસ્તારમાં વારંવાર ભૂકંપ આવે છે.

### પછાત વર્ગની

અહેવાલ એ નક્કી કરવામાં મદદરૂપ થશે કે શું સંબંધિત ક્ષેત્રોમાં પહેલેથી પર્યાપ્ત પ્રતિનિધિઓ છે જે આરક્ષણની આવશ્યકતા પરના નિર્ણયને પ્રભાવિત કરી શકે.

હાલની પંચાયતોનો કાર્યકાળ ૯ ફેબ્રુઆરી, ૨૦૨૪માં સમાપ્ત થયો છે જેમાં વિકાસ કાર્ય બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર (બીડીઓ) દ્વારા કરાય છે. ૬૫,૮૫,૨૬૩ મતદાતા મતદાન કરવાની પાત્રતા ધરાવે છે. આ આંકડાને ચૂંટણી પહેલાં અપડેટ કરવામાં આવી રહ્યા છે જે નવેમ્બર-ડિસેમ્બર માટે નિર્ધારિત છે. સરકાર પંચાયતી રાજ આધિનિયમ હેઠળ ચૂંટણી પ્રક્રિયા પર દેખરેખ રાખશે જેમાં રાજ્ય ચૂંટણી પંચ પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે. જમ્મુ અને કાશ્મીરમાં કુલ ૪,૨૯૧ પંચાયતો છે જેની આગેવાની સરપંચ કરે છે. કુલ ૩૩,૫૯૭ પદ ચૂંઠણીમાં ઉપલબ્ધ હશે.

પંચાયતની સંખ્યા વિવિધ જિલ્લામાં અલગ-અલગ છે. ઉધમપુર (૨૩૬), રામવન (૧૪૩), પૂંછ (૨૨૯) અને કાશ્મીરના વિવિધ જિલ્લામાં પંચાયતની ઉલ્લેખનીય સંખ્યા છે. શ્રીનગરમાં ૨૧ અને બારામુલ્લામાં ૪૦૨ પંચાયત છે. રાજ્ય ચૂંટણી પંચ બી. આર. શર્માએ એ વાતને સમર્થન આપ્યું કે પંચાયત અને શહેરની સ્થાનિક ચૂંટણી ઓબીસી અનામતને આખરી સ્વરૂપ આપ્યા બાદ જ કરાશે.

# આરજી કાર મામલે બંગાળના કલ્યાણી જેએનએમ હૉસ્પિટલના ૭૭ ડૉક્ટરની સામૂહિક રાજીનામાની ચીમકી

કોલકાતાઃ પશ્ચિમ બંગાળની કલ્યાણી જેએનએમ હોસ્પિટલના ૭૫થી વધુ વરિષ્ઠ તબીબોએ સામૂહિક રાજીનામાની ધમકી આપી છે. આરજી કાર હોસ્પિટલની પીડિતા માટે ન્યાય અને અન્ય માગણીઓને લઇને આમરણાંત ઉપવાસ પર બેઠેલા જુનિયર ડોક્ટરો સાથે એકમત વ્યક્ત કર્યો છે. તબીબી સુવિધાના કુલ ૭૭ ડોક્ટરોએ ૧૪ ઓક્ટોબરથી કામ બંધ કરવાના તેમના નિર્ણય અંગે ઇમેઇલ દ્વારા પશ્ચિમ બંગાળ આરોગ્ય યુનિવર્સિટીના રજિસ્ટ્રારને જાણ કરી છે. તેણે આ પગલાં પાછળનું કારણ માનસિક ખુવારી અને વર્તમાન માનસિક સ્થિતિમાં કામ કરવામાં અસમર્થતા દર્શાવ્યું છે. તેમના સંદેશમાં ડોક્ટરોએ કહ્યું કે તેઓ આમરણાંત ઉપવાસ કરી રહેલા જુનિયર ડોક્ટરોના સમર્થનમાં ઊભા છે, જેમની તબિયત લથડી રહી છે. તેમણે આ મુદ્દાને ઉકેલવા માટે રાજ્ય સરકાર તરફથી સ્પષ્ટ પ્રયત્નોના અભાવ અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે.

કલ્યાણી જેએનએમ હોસ્પિટલના ડોક્ટરોએ સમસ્યાના સમાધાન માટે પગલાં લેવા માટે સત્તાવાળાઓને ૧૪ ઓક્ટોબર સુધીનો સમય આપ્યો છે. જો આમ ન થયું તો તેઓ ઔપચારિક રીતે સામૂહિક રાજીનામું આપવાનું આયોજન કરી રહ્યા છે.

# અમેરિકામાં ટેનેસી યુનિવર્સિટીમાં બે જૂથ વચ્ચે થયેલા ગોળીબારમાં એકનું મોત

નેશવિલઃ અમેરિકામાં અવારનવાર ગોળીબારની ઘટનાઓ સામે આવે છે. એવા જ એક બનાવમાં ટેનેસી યુનિવર્સિટી નજીક બે જૂથો વચ્ચે ગોળીબાર થયો હતો. જેમાં એક ૨૪ વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને નવ ઘાયલ થયા હતા. આ માહિતી પોલીસે આપી હતી. મેટ્રો નેશવિલે પોલીસના પ્રવક્તા ડોન એરોનના જણાવ્યા અનુસાર ટેનેસી સ્ટેટ યુનિવર્સિટીમાં આયોજિત એક કાર્યક્રમ બાદ સાંજે ૫ વાગ્યે બે જૂથો વચ્ચે ગોળીબાર થયો હતો. તેમણે જણાવ્યું કે કારતૂસોના ખોખા પરથી જાણવા મળે છે કે યુનિવર્સિટી કેમ્પસ નજીક રસ્તા પર બે જૂથો વચ્ચે ગોળીબાર થયો હતો. ફાયરિંગમાં ૨૪ વર્ષીય યુવકનું મોત થયું છે. જ્યારે નવ લોકો ઘાયલ થયા છે. એરોને જણાવ્યું કે ઘાયલોમાં ત્રણ કિશોરો પણ સામેલ છે.

## નવસારીના વાંસદા તાલુકામાં ૧૧૭ કરોડનાં રસ્તાઓનાં ખાતમુહૂર્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારી જિલ્લામાં ભારે વરસાદના કારણે તૂટી ગયેલા અને લાંબા સમયથી બિસ્માર એવાં વાંસદા તાલુકાના ગ્રામીણ વિસ્તારોનાં રસ્તાઓનું લોકસભાના દંડક તેમ જ વલસાડ ડાંગના સાંસદ ધવલભાઈ પટેલના હસ્તે અંદાજે ૧૧૭ કરોડ રૂપિયાના ખર્ચે તમામ રસ્તાઓના નવીનીકરણ માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

વલસાડ લોકસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ વાંસદા તાલુકાના ઝરી, વાંદરવેલા, વાધાબારી, રંગપુર, રૂપવેલ, કંડોલપાડા, કાંટસવેલ, મોટી વાલઝર, નાની ભામટી, મોટી ભામટી, ચારણવાડા, મહુવાસ, કેળકચ્છ, સિણધઈ, પાલગભાણ, ભીનાર, જેવા અનેક ગામોના વિકાસ માટે કરાયેલી પહેલથી સ્થાનિકોમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ દિપ્તિબેન પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ પટેલ, વસુધારા ડેરીના ચેરમેન ગમનભાઈ પટેલ તેમ જ જિલ્લા પંચાયત સભ્યો, તાલુકા પંચાયત સભ્યો, વિવિધ ગામોના સરપંચો, આગેવાનો, મોટીસંખ્યામાં ગામજનો ઉપસ્થિત રહ્યાં હતા. ■

## ભુજમાં ૬૬ ટીમના સર્વેલન્સમાં મલેરિયા તાવના ૩૮ અને એક ડેન્ગ્યૂ ફિવરનો કેસ મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ હાલ ચાલી રહેલા ઋતુ સંધિકાળમાં મચ્છરજન્ય બીમારીઓએ વ્યાપ વધાર્યો છે ત્યારે ભુજ શહેરમાં આવેલી મલેરિયા સર્વેલન્સની ૬૬ જેટલી ટુકડીઓએ ઘેર-ઘેર જઈને સર્વે કામગીરી આરંભી હતી. આ સર્વેલન્સમાં અંદાજે ૧૧૫૭૦ જેટલી વ્યકિતઓની તપાસ દરમિયાન મલેરિયાના ૩૮ શંકાસ્પદ કેસ જણાતાં તેમના લોહીના નમૂના લેવાયા હતા, એક કેસ ડેન્ગ્યૂનો જણાયો હતો. મલેરિયા સર્વેલન્સની ટુકડીઓ દ્વારા દર્દીઓને દવા અપાઈ હતી.

અતિભારે વરસાદ અને હાલ પ્રવર્તી રહેલી મિશ્ર ઋતુને કારણે મચ્છરજન્ય બીમારીમાં આવેલા સપર્ટને અટકાવવા માટે ભુજ શહેરના સૌથી વધુ મચ્છર ઉત્પત્તિવાળા વિસ્તારોને આવરી લેતા સર્વેલન્સની કામગીરીમાં ભુજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ૧૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મલ્ટીપરપઝ હેલ્થ વર્કર સાથેની કામગીરી ૧૦ સુપરવાઈઝરના માર્ગદર્શન હેઠળ પાંચ યુપીએચસીના ૬૬ સભ્યોની ટુકડીએ કરી હતી.

કચ્છમાં ઑક્ટોબર માસના વીતેલા તેર દિવસો દરમ્યાન ચાર મલેરિયા પોઝીટીવ કેસ નોંધાયા હોવાનું જિલ્લા મેલેરિયા અધિકારી ડૉ. કેશવકુમાર સિંઘે જણાવ્યું હતું. પાંચે ટુકડીએ શહેરના અલગ અલગ વિસ્તારના કુલ ૨૩૬૭ ઘરના સર્વેમાં ૧૧,૫૭૦ લોકોને આવરી લેતાં શંકાસ્પદ મલેરિયાના ૩૮ અને એક ડેન્ગ્યૂના કેસ જણાયો હતો. ૩૮ મલેરિયા શંકાસ્પદના લોહીના નમૂના અને આરડીટી પરીક્ષણ હેતુ લેવાયા હોવાનું જાણવા મળે છે. ઘરની અંદરની તપાસમાં ૬૪ ઘરના ૧૮૬૦૬ પાણી ભરેલા ખુલ્લા પાત્રો તપાસતાં ૮૬માં મચ્છરના પોરા દેખાયા હતા, જ્યારે ૨૩૮૮ એબેટ દવા નખાઈ હતી. પેરા ડોમેસ્ટિક કામગીરીમાં ૪૭ પૈકી ૬માં પોરા નજરે પડયા હતા.

તાવગ્રસ્તોને ૯૯ ઓઆરએસ અપાયા હતા. લોકોને ૯૨૭ ક્લોરીન ગોળી અપાઈ હતી. ૫૫ જગ્યાએ ક્લોરીનેશન ટેસ્ટ કરતાં ૩૦ નેગેટિવ જણાયા હતા. ૪૨૨૩ લોકોને ટીમો દ્વારા આરોગ્ય શિક્ષણ અપાયું હોવાનું કેશવકુમાર સિંઘે ઉમેર્યું હતું. ■

## રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૩ તાલુકામાં વરસાદ, ઉકાઇ ડેમનાં ૧૦ દરવાજા ખોલાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં મેઘરાજા તેમની હાજરી જણાવતા હોય તેમ મહેર કરી રહ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૩ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જૂનાગઢ, અમરેલી, નવસારી, પંચમહાલ, દાહોદ, તાપી સહિતનાં જિલ્લાઓમાં વરસાદ ખાબક્યો હતો, જ્યારે ઉકાઇ ડેમમાં પાણીની આવક થતાં ૧૦ દરવાજા ખોલવામાં આવ્યા હતા. ઉપરાંત, જેતપુરનો ભાદર ૧ ડેમ ઓવરફ્લો થતાં પાણી છોડાયું હતું.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૩ તાલુકામાં ખાબક્યો હતો. જૂનાગઢનાં માળિયા હાટીનામાં સવા ત્રણ ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો જ્યારે જેતપુર, જામજોધપુરમાં અઢી ઇંચ વરસાદ વરસ્યો છે. અમરેલીની વાત કરીએ તો કુકાવાવાવ-વડિયામાં ૨-૨ ઇંચ, નવસારીનાં ગણદેવી, અમીરગઢમાં પણ ૨-૨ ઇંચ, તાપીનાં કુકરમુંડા, જૂનાગઢનાં માંગરોળમાં દોઢ ઇંચ અને અન્ય તાલુકાઓમાં અડધાથી ૧ ઇંચ સુધીનો વરસાદ નોંધાયો હતો. પંચમહાલ જિલ્લાનાં કાંટુ, ગજાપુરામાં પણ વરસાદી ઝાપટા જોવા મળ્યા હતા. દાહોદ જિલ્લામાં પણ લીમડી, ઝાલોદ, વરોડ, મીરાખેડી, પાવડીમાં વરસાદ વરસ્યો હતો.

બીજી તરફ તાપી જિલ્લાના ઉપરવાસમાં ખાબકેલા વરસાદના કારણે ઉકાઇ ડેમમાં વરસાદી પાણીની આવક વધી હતી. ૧ લાખ ૧૩ હજાર ક્યુસેક પાણીની આવક થતાં ડેમના ૧૦ દરવાજા પાંચ ફૂટ ખોલીને તાપી નદીમાં પાણી છોડવામાં આવ્યું હતું. માહિતી મુજબ, ઉકાઈ ડેમમાંથી અંદાજિત ૧ લાખ ૧૩ હજાર ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હતું. હાલ, ડેમની સપાટી ૩૪૪.૯૬ ફૂટ પર પહોંચી છે. બીજી તરફ સૌરાષ્ટ્રનો બીજા નંબરનો જેતપુરનો ભાદર ૧ ડેમ પણ ઓવરફ્લો થતા પાણી છોડાયું હતું. ભાદર-૧ ડેમનાં ૭ દરવાજા ૬ ફૂટ સુધી ખોલી પાણી છોડવામાં આવ્યું હતું. ડેમમાં હાલ ૧૨૮૪૦ ક્યૂસેકની આવક સામે ૧૨૮૪૦ ક્યૂસેકની જાવક છે. વીરપુર, જેતપુર, રાજકોટ, ખોડલધામનાં ૨૨ લાખ લોકોને આ ડેમ પાણી પૂરું પાડે છે. ડેમ ઓવરફ્લો થતાં નીચાણવાળા ગામોને તંત્રે સતર્ક કર્યા હતા. ■

## ગુજરાતમાં નવરાત્રિ દરમિયાન અકસ્માતના સરેરાશ ૫૦૦ કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજયમાં નવરાત્રિ મહોત્સવની પૂર્ણાહુતિ થઈ, નવરાત્રિ દરમિયાન ખેલૈયાઓ મોડી રાત સુધી ગરબે રમ્યા હતા, જો કે આ દરમિયાન અકસ્માતોનું પ્રમાણ વધ્યું હતું. નવરાત્રિ દરમિયાન દરરોજ સરેરાશ ૫૦૦ કેસ નોંધાયા હતા, આ સાથે જ ૯ દિવસમાં અકસ્માતના કેસોમાં ૧૮ ટકાનો વધારો થયો હતો. ૯ દિવસમાં રાજ્યમાં અકસ્માતની ૪૪૮૯ ઘટના નોંધાઈ હતી. અમદાવાદમાં ૯ દિવસ દરમિયાન અકસ્માતના ૯૩ કેસ નોંધાયા હતા અને નવરાત્રિ દરમિયાન હૃદયની સમસ્યાના ૨૩૬૨ કેસ નોંધાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ટ્રાફિકના નિયમોનું પાલન ન કરનારા સામે અમદાવાદમાં કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેના પરિણામ સ્વરૂપે શહેરમાં છેલ્લા ૭ મહિનામાં અકસ્માતથી થતા મોતનો આંકડો ૨૫ ટકા સુધી ઘટ્યો છે. શહેરમાં પોલીસ ટ્રાફિક, હેલમેટ અને અન્ય નિયમોનું પાલન ન કરનારા સામે પણ કડક કાર્યવાહી કરી રહી છે. ઓવર સ્પીડિંગ કરનારા પાસેથી રૂપિયા ૧૦ કરોડનો દંડ વસૂલવામાં આવ્યો છે.

અમદાવાદમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા પાસેથી છેલ્લા ૮ મહિનામાં રૂપિયા ૩૮.૭૪ કરોડ દંડની રકમ વસૂલવામાં આવી છે. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે દંડની રકમમાં જંગી વધારો નોંધાયો છે. ■

## ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી જાન્યુ.ના પ્રથમ પખવાડિયામાં યોજાવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં રાજકીય પક્ષોથી માંડીને મતદારો દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે મળતી માહિતી મુજબ દિવાળી પછી જાન્યુઆરીના પ્રથમ પખવાડિયામાં આ ચૂંટણી યોજાઈ શકે છે. બીજી તરફ મહારાષ્ટ્રની ચૂંટણીની સાથે વાવ વિધાનસભા બેઠકની ચૂંટણી પણ થઈ શકે છે. વાવનાં ધારાસભ્ય પદેથી ગેનીબેન ઠાકોરના રાજીનામાથી આ બેઠક પર ચૂંટણી યોજાશે, જ્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે ડિસેમ્બર મહિનામાં વિધિવત્ રીતે જાહેરાત થઈ શકે છે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે મળતા અહેવાલો મુજબ દિવાળી પછી જાન્યુઆરી મહિનામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાઈ શકે છે. જાન્યુઆરીના પ્રથમ પખવાડિયામાં મતદાન થઈ શકે છે. જો કે, આ અંગેની વિવિધત્ જાહેરાત ડિસેમ્બર મહિનામાં કરવામાં આવશે, જ્યારે બીજી તરફ ખાલી પડેલી વાવ વિધાનસભા બેઠક પર પણ જલદી ચૂંટણી થશે.

સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મહારાષ્ટ્ર રાજ્યની વિધાનસાભની ચૂંટણી સાથે વાવ બેઠક પર પણ ચૂંટણી યોજાઈ શકે છે. જો કે, અત્યાર સુધી આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. વાવના ધારાસભ્ય પદેથી સાંસદ ગેનીબેન ઠાકોરનાં રાજીનામાથી આ બેઠક ખાલી છે, જેના પર હવે ચૂંટણી યોજાશે. ■

## વડોદરામાં ૮૫ હજાર વીજબિલ બાકીદારો પર તવાઈઃ નાણાં વસૂલવા માટે વ્યાપક ઝુંબેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં મધ્ય ગુજરાત વીજ કંપની લિ.ના ૮૫ હજાર જેટલા વીજ ગ્રાહકો દ્વારા વીજબિલ ભરપાઇ કરવાનું બાકી છે, જેની અંદાજિત રકમ રૂ. ૨૪૦ કરોડ જેટલી થાય છે. એમજીવીસીએલ અંતર્ગત આવતા પાંચ સર્કલ પૈકી ગોધરા સર્કલ અંતર્ગત આવતા ગ્રાહકોના સૌથી વધુ બિલ બાકી બોલે છે. આગામી સમયમાં વીજબિલના નાણાંની વસૂલી તેજ બનાવવા માટે કંપની દ્વારા વિશેષ અભિયાન શરૂ કરવામાં આવશે તેવું વીજ કંપનીના સુત્રોએ જણાવ્યું હતું.

વડોદરામાં મધ્ય ગુજરાત વિજ કંપની લી.ની મુખ્ય કચેરી દ્વારા વહીવટી સુગતતા ખાતર વડોદરા શહેર, વડોદરા ગ્રામ્ય, આણંદ, નડીયાદ અને ગોધરા સર્કલમાં તેની વહેંચણી કરવામાં આવી છે. તાજેતરમાં આ પાંચેય સર્કલમાં વિજ બીલના બાકી નાણાં અંગેની વિગતો એકત્ર કરવામાં આવી હતી. બાદમાં વીજ કંપની દ્વારા બાકી બીલના નાણાં વસુલવા માટે વ્યાપક ઝુંબેશ શરૂ કરવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, વડોદરા શહેરમાં ૧૪ હજાર જેટલા ગ્રાહકોના વીજબિલના નાણાં બાકી છે, જેની કિંમત રુ. ૧૮ કરોડ આંકવામાં આવી રહી છે. વડોદરા ગ્રામ્યમાં ૧૮ હજાર ગ્રાહકોનું રૂ. ૪૮ કરોડનું વીજબિલ ભરપાઇ કરવાનું બાકી બોલે છે. આણંદ સર્કલના ૧૮ હજાર જેટલા ગ્રાહકોની રૂ. ૩૫ કરોડના વીજબિલની ચૂકવણી બાકી છે. જ્યારે ગોધરા સર્કલના ૨૨ હજારથી વધુ ગ્રાહકોનું રુ. ૮૨ કરોડનું વિજબીલ બાકી હોવાનું જાણવા મળ્યું હતું. ■

## સિદ્દીકીની હત્યા મામલે સાબિર કાબલીવાલાનો ગંભીર આક્ષેપ 'ભાજપ ગુંડાઓ પેદા કરી રહી છે'

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુંબઈમાં એનસીપી નેતા બાબા સિદ્દીકીની શનિવાર રાત્રે હત્યા કરવામાં આવી હતી, આ ઘટનાના પડઘા સમગ્ર દેશમાં પડ્યા છે, સિદ્દીકીની હત્યા મામલે અસદુદ્દિન ઓવૈસીની પાર્ટી 'ઑલ ઇન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ મુસ્લિમીન' (એઆઈએમઆઈએમ) ગુજરાતના પ્રમુખ સાબિર કાબલીવાલાએ જણાવ્યું હતું કે, દેશમાં કાયદો વ્યવસ્થા જાળવવામાં સરકાર નિષ્ફળ ગઈ છે.

બાબા સિદ્દીકીની હત્યા મામલે સાબિર કાબલીવાલાએ દુઃખ વ્યક્ત કરતા કહ્યું હતું કે, એક બાદ એક મુસ્લિમ નેતાઓની હત્યા કરવામાં આવી રહી છે, આ તમામ ઘટનાઓ પાછળ સરકારનો હાથ છે. દેશમાંથી મુસ્લિમ નેતાઓનો સફાયો કરવાનું ષડ્યંત્ર ચાલી રહ્યું છે.

ગૅંગસ્ટર લોરેન્સ બિશ્નોઈને ભાજપ સરકાર છાવરી રહી છે. લોરેન્સ બિશ્નોઈ સામે તપાસ ધીમી થઈ રહી છે. લોરેન્સ સામે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવો જોઈએ અથવા તેનું એન્કાઉન્ટર થવું જોઈએ.

સાબિર કાબલીવાલાએ ભાજપ પર ગંભીર આક્ષેપ લગાવતા કહ્યું હતું કે ભાજપ ગુંડાઓને પેદા કરી રહી છે. કૉંગ્રેસે જે કર્યું હતું તે હવે ભાજપ પાર્ટી કરી રહી છે. કૉંગ્રેસને તોડી પાડવા માટે અહેમદ પટેલની હત્યા કરવામાં આવી હતી. અહેમદ પટેલ કૉંગ્રેસના દિગ્ગજ નેતા હતા અને તેમની મેડિકલી હત્યા કરવામાં આવી હતી. દેશમાં કોઈ મુસ્લિમ નેતા ના રહે તે માટે મુસ્લિમ નેતાઓની હત્યા કરવામાં આવી રહી છે. વધુમાં સાબિર કાબલીવાલાએ જણાવ્યું હતું કે, ભાજપ સરકાર કોઈની નથી તમામનો વારો આવશે. ■

## મહેસાણાના કડીમાંથી ૧.૨૪ કરોડનો ૪૩,૧૦૯ કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તહેવારોની સિઝનમાં લેભાગુ વેપારીઓ સક્રિય બન્યા છે, લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા આવા તત્ત્વોને ઝડપી પાડવા ફૂડ વિભાગ અને પોલીસ પણ કટિબદ્ધ બની છે, મહેસાણા ફૂડ વિભાગ અને એલસીબીની ટીમે શનિવાર મોડી રાત્રે બાતમીના આધારે કડી જીઆઈડીસીમાં આવેલા પાંચ ગોડાઉનમાં દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન એફએસએલની ટીમ પણ તપાસમાં હાજર રહી હતી, પ્રાથમિક દ્રષ્ટિએ પામ ઓઇલ, ફોરેન ફેટ મિક્ષ કરીને ઘી બનાવવામાં આવતું હતું. જો કે ફૂડ વિભાગ અને એલસીબીની ટીમે શંકાસ્પદ ઘીના નમૂના લઈને વધુ પરીક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલ્યા હતા, એફએસએલનો રિપોર્ટ આવ્યા બાદ જાળી શકાશે કે આ ઘીમાં અન્ય કયા પદાર્થો ભેળસેળ કરવામાં આવતા હતા. દરોડા દરમિયાન શંકાસ્પદ ડુપ્લિકેટ ઘી બનાવતી ફેક્ટરીનો માલિક ફરાર થઈ ગયો હતો.

મહેસાણા ફૂડ વિભાગ અને એલસીબીની ટીમે, સ્થળ પરથી ૨૪,૨૯૭ કિલો લુઝઘી, ૪૯૭૯ કિલો લુઝ પામોલિન, ૮૦૩૬ કિલો રિફાઇન પામોલિન અને ૫૭૯૮ કિલો ફોરેન ફેટનો જથ્થો સિઝ કર્યો હતો. ૪૩,૧૦૯ કિલો કુલ શંકાસ્પદ ઘીનો જથ્થો કે જેની કિંમત રૂપિયા ૧,૨૪,૮૭,૮૬૫નો જથ્થો ઝડપીને ફૂડ વિભાગ અને પોલીસે આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ■

## ભાડુઆત નોંધણી અંગે ગુજરાત પોલીસની ખાસ ડ્રાઈવ શરૂઃ ૨૭ ઓક્ટો. સુધી અભિયાન ચાલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પોલીસે ભાડૂઆત નોંધણી અંગે એક વિશેષ અભિયાન હાથ ધર્યું છે. ભાડુઆત નોંધણી અંગેની ખાસ ડ્રાઈવ ૧૩ થી ૨૭ ઓક્ટોબર ૨૦૨૪ સુધી ચાલશે. ગુજરાત પોલીસનાં આ વિશેષ અભિયાનનો હેતુ ભાડુઆતની નોંધણીના નિયમનું ચુસ્ત પાલન થાય અને સૌ સુરક્ષિત-સલામત રહે તે છે.

ગુજરાત પોલીસ દ્વારા ૧૩ ઓક્ટોબર રવિવારના રોજથી શરૂ કરવામાં આવેલી આ વિશેષ ડ્રાઈવ ૨૭ ઓક્ટોબર સુધી ચાલું રહેશે. ભાડુઆત નોંધણી અંગેની આ ઝુંબેશ હેઠળ પોલીસ ભાડૂઆત નોંધણી અંગેની તપાસ ઘરે ઘરે જઈને કરશે. આ મામલે ગુજરાત પોલીસે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોસ્ટ કરી માહિતી આપી હતી, જેમાં લખ્યું હતું કે, રાજ્યભરમાં ૧૩ થી ૨૭ ઓક્ટોબર, ૨૦૨૪ દરમિયાન ભાડુઆત નોંધણી અંગેની ખાસ ડ્રાઈવ યોજવામાં આવશે.

ભાડૂઆત અંગે પોલીસ સ્ટેશન ખાતે નોંધણી કરાવવી ફરજિયાત છે, જે ગુજરાત સિટીઝન ફર્સ્ટ એપ મારફતે ઘરે બેઠાં સરળતાથી ઓનલાઈન કરી શકાય છે.

ગુજરાત પોલીસે અન્ય એક પોસ્ટમાં લખ્યું હતું કે, ગુજરાત પોલીસનાં આ વિશેષ અભિયાન ભાડુઆતની નોંધણીનાં નિયમનું ચુસ્ત પાલન થાય અને સૌ સુરક્ષિત-સલામત રહે તે માટે છે.

આથી, પોલીસને સહકાર આપો, જલદીથી ભાડૂઆત અંગે નોંધણી કરો.!

અત્રે ઉલ્લેખનીય છે કે, મકાન ભાડે રાખી ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપતા કેટલાક ગુનેગારોની અગાઉ ધરપકડ કરવામાં આવી છે. ગુનાહિત પ્રવૃત્તિઓમાં ભાડાનાં મકાન કે અન્ય પ્રોપર્ટીનો ઉપયોગ થતો અટકાવવા અને ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ રાખવા ભાડૂઆતની નોંધણી ફરજિયાત કરાઈ છે. ■

## વડોદરામાં નશામાં ધૂત નબીરાએ કારથી બેને ઉડાવ્યા, લોકોએ પકડીને પોલીસને સોંપ્યો

અમદાવાદઃ વડોદરા શહેરના સુરસાગર નજીક નશામાં ધૂત નબીરાએ દશેરાની મોડી રાતે પોતાની કાર પુરપાટ હંકારીને બાઈક પર જઈ રહેલા બે મિત્રને અડફેટે લીધા હતા. આ મામલે રાવપુરા પોલીસે ગુનો દાખલ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે મળતી વિગતો મુજબ, દશેરાની મોડી રાતે સુરસાગર મ્યુઝિક કૉલેજ નજીક એક કારચાલકે નશાની હાલતમાં અકસ્માત સર્જ્યો હતો જેમાં દાંડિયા બજાર ચાર રસ્તાથી લહેરીપુરા જવાના રસ્તે સુરસાગર કૉલેજ નજીક બાઈક પર આગળ જઈ રહેલા બે યુવકને નશામાં ધૂત નબીરાએ અડફેટમાં લીધા હતા.

કાર ચાલકે બાઈકને ઠોકર માર્યા બાદ ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ત્યાં ઉપસ્થિત રાહદારીઓ તેમ જ અન્ય વાહન ચાલકોએ તેને પકડીને પોલીસને હવાલે કરી દીધો હતો.બીજી તરફ આ બનાવની જાણ થતાં રાવપુરા પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો.

પોલીસે કારની તલાશી લેતા તેમાં દારૂની બોટલો મળી આવી હતી. આ સમગ્ર મામલે રાવપુરા પોલીસે છાણીમાં રહેતા કાર ચાલક મયંક પટેલ વિરુદ્ધ ગુનો દાખલ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

## વડોદરામાં રોડનાં કામો પાછા ઠેલાતાં ધારાસભ્ય યોગેશ પટેલની સરકારમાં રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ મહિનાના અંતમાં વડોદરાની મુલાકાતે આવવાના છે, જેને પગલે શહેરમાં વ્યાપક સ્વચ્છતા અભિયાન સહિત અનેક કામો ચાલી રહ્યા છે. વડોદરા પાલિકામાં કરોડો રૂપિયાના રોડના કામો મૂકવામાં આવ્યા છે. જે યોજાયેલી સંકલનની બેઠકમાં સભ્યો દ્વારા મનમાની કરીને વિરોધ કરવામાં આવતા વડોદરાના ભાજપના સિનિયર ધારાસભ્ય યોગેશ પટેલે સરકારમાં રજૂઆત કરી હોવાનું જાણવા મળી રહ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારે જરૂરિયાત મુજબના રોડના કામો કરવા આદેશ આપ્યા છે, અને જરૂર પડ્યે સરકારમાંથી તેનો ખર્ચ આપવાની બાંયધરી પણ આપવામાં આવી છે.

તાજેતરમાં વડોદરામાં સંકલન અને સ્થાયી સમિતી સમક્ષ રુ. ૧૦૦ કરોડથી વધુના રોડના કામો મૂકવામાં આવ્યા હતા. જે મામલે ચાર સભ્યો દ્વારા પ્રચંડ વિરોધ કરવામાં આવતા તે કામોને મુલતવી રાખવામાં આવ્યા છે. બીજી તરફ દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી વડોદરાની મુલાકાતે આવવાના હોવાથી રોડ રસ્તાના કામોને અગ્રિમતા આપવામાં આવે તેવો મત અગ્રણી ધારાસભ્ય યોગેશ પટેલે રજુ કર્યો હતો.

કોર્પોરેટરો દ્વારા વધુ અભ્યાસ કરવાનું બહાનું આગળ ધરીને વિરોધ કરવામાં આવતા રોડના કામોને મુલતવી રાખવામાં આવ્યા છે, જે અંગે ધારાસભ્ય યોગેશ પટેલ દ્વારા રાજ્ય સરકારના અગ્ર સચિવને જાણ કરવામાં આવી હતી.

તેમના થકી મામલો સરકાર સુધી પહોંચાડવામાં આવ્યો હતો. જુજ સભ્યોની આડોડાઇ શહેરના વિકાસમાં બાધારૂપના બને તે માટે જાગૃત ધારાસભ્ય યોગેશ પટેલ મેદાને આવ્યા હતા. ■

ફિલ્મી વાર્તાને ટક્કર આપતી ભુજના ખારી ગામની ઘટના

## બે મહિના અગાઉ પુત્રીના અંતિમ સંસ્કાર કર્યા તે જ પુત્રી પિતા સામે હાજર થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ તાજેતરમાં ભુજ તાલુકાના આહીરપટ્ટીના ખારી નામના ગામમાં ફિલ્મી વાર્તા જેવી બનેલી ઘટના હાલ ચર્ચાના સ્થાને છે. ભુજ તાલુકાના નાડાપા ગામે રહેનારા સાકરા કરમણ કેરાસિયાએ ખાવડા પોલીસમાં આપેલી અરજી પ્રમાણે ગત તા. ૨૭-૯ના તેમની મૃત પુત્રી તેણીના પ્રેમી સાથે તેમને મોડી રાત્રીના ઘરે મળવા આવી હતી અને કહ્યું કે, હું જીવું છું મેં આપઘાત કર્યો નથી. પણ અનિલ જોડે ભાગી ગઈ હતી. મારાથી ભૂલ થઈ છે મને માફ કરી દયો. પિતાએ કહ્યું કે, અમે તારા બદલે જેની અંતિમક્રિયા કરી તે કોણ હતું ? તે સવાલ સાંભળી રામીએ મને ખબર નથી તેવો ઉડાઉ જવાબ આપતા પિતાએ પોલીસ સ્ટેશને જવાનું કહેતા રામી તેના પ્રેમી સાથે ભાગી ગઈ હતી. પોલીસમાં અરજી બાદ તપાસ કરતાં બંનેને રાઉન્ડઅપ કરાયા હોવાનું જાણવા મળ્યું છે.

ફિલ્મી ઘટનાને ટક્કર આપે એવી આ ઘટનાની વિગત એવી છે કે, સાકરાભાઈની દીકરી રામીબેનના લગ્ન ૨૦૧૩-૧૪માં થયા હતા. પતિ સાથે મનમેળ ન આવતા ગત મે મહિનામાં કોર્ટ મારફતે છૂટાછેડા થયા હતા. તેના થોડા દિવસો બાદ જુન મહિનામાં અંધારી તેરસના બીજા લગ્ન ખારી ગામના કાના ડેભા ચાડ સાથે થયા હતા. રામીને ખારી ગામમાં રહેતા અનિલ ગોપાલ ગાગલ નામના પરણિત યુવક સાથે પ્રેમ સબંધ હતો, પરંતુ તે પરણિત હોવાથી પિતાએ લગ્નની ના પાડી હતી. લગ્નના એક મહિના બાદ પાંચમી જુલાઈના સાકરાભાઈને ફોન આવ્યો કે, રામીએ સળગીને આપઘાત કરી લીધો છે. પરિવારજનો પહોંચ્યા ત્યારે માત્ર હાડકાં મળ્યાં હતાં. રામીના ચંપલ, મોબાઈલ અને અમુક અવશેષ બહાર જોવા મળતાં રામીએ જ આપઘાત કર્યો હોવાનું માની રાખ એકત્ર કરી સ્મશાનગૃહમાં પુનઃ અગ્નિદાહ આપી માવતર અને સાસરા પક્ષે સામાજિક રાહે અંતિમવિધિ કરી હતી. રામીનો મોબાઈલ તપાસતા બે વીડિયો જોવા મળ્યા હતા, જેમાં તેણે પોતાની જાતે હું જીવવા માગતી નથી એટલે મરી જાઉં છું તેમ કહેતા તેણે સ્વયંમ આપઘાત કર્યો હોવાનું પરિવારે માન્યું હતું. દરમિયાન બે મહિના પછી ૨૭મી તારીખે રાત્રે રામી તેના પ્રેમી સાથે પિતાને મળવા આવતા સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો હતો. સાકરાભાઈએ પોલીસને જાણ કરતાં તપાસ શરૂ કરવામાં આવી છે. રામી જીવિત છે તો તેના સ્થાને અંતિમવિધિ કોની કરાઈ ? બે મહિના સુધી કયાં છુપાયા ? પ્રશ્નાતાપ કેમ થયું ? તેમજ અન્ય કોઈ વ્યક્તિ સંડોવાયેલા છે કે, કેમ ? તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે. ■

## વડોદરા પોલીસે કર્ણાટકથી અપહૃત સગીરાને મુક્ત કરાવી

### આરોપીને પણ દબોચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કર્ણાટકના બેલગાવી અથની પોલીસમથક વિસ્તારમાં રહેતી અપહ્યત સગીરાને વડોદરાની ગોત્રી પોલીસ દ્વારા મુક્ત કરાવવામાં આવી હતી. તેની સાથે-સાથે આ ગુનાના આરોપીને પણ દબોચી લેવામાં આવ્યો હતો. બંને વડોદરામાં છુપાયા હોવાની બાતમી મળતા કર્ણાટક પોલીસ વડોદરા આવી હતી, જ્યાં વડોદરા સાથે મળીને સંયુક્ત ઓપરેશનમાં સગીરાને મુક્ત કરાવવાની સાથે આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. બાદમાં ગોત્રી પોલીસ દ્વારા અપહ્યત સગીરા અને આરોપીનો કબજો કર્ણાટક પોલીસને સોંપવામાં આવ્યો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ, કર્ણાટકના બેલગાવી અથની પોલીસમથકમાં સગીરાના અહપરણનો ગુનો તાજેતરમાં નોંધાયો હતો, જે ગુનાની તપાસમાં સગીરા અને અપહરણકારનો પત્તો વડોદરામાં લાગતા કર્ણાટક પોલીસ ગુજરાત આવી હતી. તપાસનું પગેરુ ગોત્રી પોલીસ મથક વિસ્તારમાં મળતા સંયુક્ત કામગીરી કરવામાં આવી હતી. દરમિયાન ટેક્નિકલ અને હ્યુમન સોર્સના આધારે ગણતરીના સમયમાં જ અપહ્યત સગીરા અને અપહરણકારની શોધી કાઢવામાં સફળતા મળી હતી.

આ મામલે વડોદરાના ગોત્રી વિસ્તારમાં આવેલા ગોકુલ નગરમાં ભાડાના મકાનમાં રહેતા આરોપી રાહુલ વિલાશ બંડગાર (ઉં. ૨૨) (રહે. શિરૂર, અતની, બેલગાંવ, કર્ણાટક) ની અટકાયત કરવામાં આવી હતી. ■

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# મુંબઈમાં બીએમસીના પ્રશાસકીય વોર્ડની સંખ્યા ૬૫ થઈ: કે-ઈસ્ટનું વિભાજન કરી નવા કે-નોર્થ વોર્ડની રચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈનાં સૌથી મોટા વોર્ડ પી-નોર્થ મલાડના વિભાજન બાદ હવે કે-ઈસ્ટ (અંધેરી-ઈસ્ટ) વોર્ડનું વિભાજન કરીને નવા કે-નોર્થ વોર્ડની રચના કરવામાં આવી છે, જેનું લોકાર્પણ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના હસ્તે કરવામાં આવ્યું હતું. નવા વોર્ડની ઓફિસ જોગેશ્વરીમાં પૂનમ નગરમાં રહેશે. નવા વોર્ડની રસ્તા સાથે નાગરિકોને પોતાના નજીકના પરિસરમાં સારી સુવિધા પ્રાપ્ત કરવાનું સરળ રહેશે એવો દાવો મુખ્ય પ્રધાને કર્યો હતો. નવા વોર્ડની રચના સાથે જ મુંબઈમાં હવે કુલ પ્રશાસકીય વોર્ડની સંખ્યા ૨૬ થઈ ગઈ છે.

મુંબઈના પી-નોર્થ, કે-ઈસ્ટ અને એલ વોર્ડમાં નાગરિકોની વસતી વધુ હોવાની સાથે ભૌગોલિક દ્રષ્ટિએ વોર્ડ પણ મોટા હતાં. તેથી આ વિસ્તારોમાં તમામ નાગરિકોને પાણી અને આરોગ્ય, સેનિટાઈઝેશન, ડ્રેનેજ સિસ્ટમ જેવી નાગરિક સુવિધા પહોંચાડવાનું મુશ્કેલ બની રહ્યું હતું. લાંબા સમયથી કે-ઈસ્ટ વોર્ડનું વિભાજન કરવાની માગણી કરવામાં આવી હતી. છેવટે સુધરાઈએ કે-ઈસ્ટ વોર્ડનું વિભાજન કરીને હવે નવો કે-નોર્થ વોર્ડ બનાવી દીધો છે. આ અગાઉ ઑક્ટોબર ૨૦૨૩માં પી-નોર્થ વોર્ડને પી-ઈસ્ટ અને પી-વેસ્ટમાં વિભાજન કરવામાં આવ્યું હતું.

કે-ઈસ્ટ વોર્ડના વિભાજનના પ્રસ્તાવને ગયા વર્ષે મંજૂરી આપવામાં આવી હતી. અગાઉ કે-ઈસ્ટમાં રહેલા ૧૫ વોર્ડ પણ હવે વહેંચાઈ જશે, જેમાં હવે આઠ વોર્ડ કે-ઉત્તરમાં રહેશે. કુલ ૮.૫૦ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળમા આ વોર્ડ ફેલાયેલો છે. અંદાજે ચાર લાખથી વધુ લોકસંખ્યાનો સમાવેશ નવા વોર્ડમાં છે, જેમાં મુખ્યત્વે શામ નગર તળાવ, મેઘવાડી, સર્વોદય નગર, શેર-એ પંજાબ- કોલોની, જોગેશ્વરી કેવ્સ, મહાકાલી ગુફા, જોગેશ્વરી રેલવે સ્ટેશન પૂર્વ પરિસરનો સમાવેશ નવા વોર્ડમાં કરવામાં આવ્યો છે.જોગેશ્વરીમાં પૂનમ નગરમાં નવી બિલ્ડિંગમાં કે-નોર્થની વોર્ડ ઓફિસ રહેશે. ■

## વરલીના 'સત્યમ' થિયેટરના પ્લોટનું રિઝર્વેશન બદલાશે

મુંબઈ: વરલીના સુપ્રસિદ્ધ થિયેટર 'સત્યમ'ના સ્થળનું રિઝર્વેશન હવે ન રહે તેવી શક્યતા જણાઇ રહી છે. આ થિયેટર છેલ્લાં ૨૯ વર્ષોથી બંધ હોવાને પગલે તેના અનામતનો હેતુ બદલાવવામાં આવે તેવી માગણી અરજી કરનારી સંસ્થા દ્વારા કરવામાં આવી છે.

પાલિકાના વિકાસ નિયોજન વિભાગ દ્વારા ઉલ્લેખનીય છે કે વરલીમાં આવેલ 'સત્યમ', 'શિવમ', 'સુંદરમ' આ ત્રણેય થિયેટર આવેલા છે અને હવે તે ભૂતકાળ બની જાય તેવી શક્યતા છે. આ થિયેટરો માટેની જમીન મહાપાલિકએ ભાડા કરાર પર આપી હતી અને આ ભાડા કરાર કરનાર કંપનીએ રિઝર્વેશનનો હેતુ બદલવામાં આવે તેવી વિનંતી મહાપાલિકાને કરી હતી. એ અનુસાર મહાપાલિકાએ એમઆરટીપી કાયદા અંતર્ગત અનામત બદલવાની નોટિસ જાહેર કરી છે. એ જ રીતે તેના પર લોકોના અભિપ્રાયો અને વાંધાઓ મોકલવાની સૂચના પણ પાલિકા દ્વારા આપવામાં આવી છે. જાહેરનામામાં જણાવવામાં આવ્યું હતું કે રિઝર્વેશનનો હેતુ બદલવામાં આવતાં મનોરંજન પર કોઇ પરિણામ નહીં આવે. ■

'જૈસી કરણી વૈસી ભરણી'

## સિદ્દીકીની હત્યા બાદ કમાલ ખાનની વિવાદિત પોસ્ટ વાયરલ

મુંબઇ: એનસીપીના વરિષ્ઠ નેતા બાબા સિદ્દીકીની શનિવારે રાત્રે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. બાબા સિદ્દીકીની હત્યા બાદ સમગ્ર મુંબઈમાં ખળભળાટ મચી ગયો છે. બોલીવૂડ ઈન્ડસ્ટ્રીને પણ મોટો આંચકો લાગ્યો છે. આ દરમિયાન બોલીવૂડ એક્ટર અને ફિલ્મ સમીક્ષક કમાલ આર ખાનની એક પોસ્ટ વાયરલ થઈ રહી છે. જેને ચાહકો બાબા સિદ્દીકી સાથે જોડી રહ્યા છે. એક્સ એકાઉન્ટ પર એક પોસ્ટમાં કેઆરકેએ લખ્યું હતું કે, ''જૈસી કરની વૈસી ભરની. ના જાને કિતને લોગોં કી પ્રોપર્ટી પર જબરદસ્તી કબ્જા કિયા હુઆ થા. કુત્તે કી મૌત મરા! આજ ઉન સબ મજલૂમ લોગોં કો સુકૂન મિલા હોગા'' અર્થાત્ ''જેવું તમે વાવો છો, તેવું જ તમે લણશો. કોણ જાણે કેટલા લોકોની મિલકત તેણે બળજબરીથી હડપ કરી હતી. કૂતરાની મોતે મર્યો! આજે, તે બધા પીડિત લોકોને રાહત મળી હશે.'' કેઆરકેની આ પોસ્ટ ખૂબ જ વાયરલ થઈ રહી છે.

જ્યાં એક તરફ લોકો બાબા સિદ્દીકીના આકસ્મિક અવસાનથી આઘાતમાં છે તો બીજી તરફ કેઆરકેના ચાહકો આ પોસ્ટ જોઈને ગુસ્સે થઈ ગયા છે. એક યુઝરે કોમેન્ટ કરીને લખ્યું, 'હું તમારું દુઃખ સમજી શકું છું, શું તેણે તમને ઈફતાર પાર્ટીમાં આમંત્રણ નહોતું આપ્યું?' એકે લખ્યું, 'કોઈનું મૃત્યુ થાય ત્યારે આવી પોસ્ટ ન કરવી જોઈએ.' અન્ય એક યુઝરે લખ્યું, 'કોઈની સાથે ઘણું ખરાબ થયું અને તે આવી પોસ્ટ કરી રહ્યો છે.' ■

## બાબાએ કૉંગ્રેસ છોડી પણ દીકરો ન ગયો: હવે તેનું રાજકીય ભાવિ શું?

મુંબઈ: આખા દેશને હચમચાવી નાખનારી ઘટના મુંબઈમાં બની જેમાં અગાઉ કોંગ્રેસ અને હવે અજિત પવારની એનસીપીમાં જોડાયેલા નેતા બાબા સિદ્દીકીની ગોળી મારી હત્યા કરી દેવામાં આવી. લાંબો સમય કોંગ્રેસ સાથે જોડાયેલા બાબાએ થોડા સમય પહેલા જ છેડો ફાડ્યો અને અજિત પવારની એનસીપીમાં જોડાયા. અજિત પવાર સાથેનું તેમનું આ જોડાણ ઘણાની સમજ બહાર હતું. જોકે તેમની સાથે તેમનો વિધાનસભ્ય (બાન્દ્રા) પુત્ર ન જોડાયો અને તે હાલમાં યુવા કોંગ્રેસ મહારાષ્ટ્રનો પ્રમુખ પણ છે.

હવે ઝીશાન અને પરિવારની સુરક્ષા સામે પણ જોખમ ઊભું થયું છે. આ સાથે ઝીશાનનું રાજકીય ભાવિ કઈ દિશામાં વળશે તે પણ જોવાનું રહેશે. પિતાની આંગળી પકડીને ઝીશાન અહીં સુધી પહોંચ્યો છે. બાન્દ્રા પૂર્વની બેઠક તેણે ગઈ ચૂંટણીમાં જીતી હતી. જોકે ઝીશાન વિવાદોમાં ઘેરાતો રહે છે. થોડા સમય પહેલા તેને પણ ઈડીનું તેડું આવ્યું હતું. ૨૦૦૦થી ૨૦૦૪ દરમિયાન બાબા સિદ્દીકી એસઆરએના ચેરમેન હતા અને તેમના પદનો ફાયદો લઈ ઝીશાને કૌભાંડ કર્યાના આક્ષેપો તેના પર થયા છે. ૩૨ વર્ષીય ઝીશાને કોંગ્રેસ છોડી નથી અને પિતાથી એ રીતે અલગ મત ધરાવતો સાબિત થયો છે, પરંતુ હવે પિતાના ઓછાયા વિના તેનું રાજકીય ભવિષ્ય કઈ દિશામાં જાય તે જોવાનું છે. ■

## લૉરેન્સ બિશ્નોઈ બનવા માગે છે બીજો દાઉદ! છ દેશોમાં નેટવર્ક, ૭૦૦ શૂટર્સ

મુંબઈ: મુંબઈમાં એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યા પાછળ કથિત રીતે લોરેન્સ બિશ્નોઈ ગેંગનો હાથ હોવાના અહેવાલ છે. લોરેન્સ બિશ્નોઈ ગેંગ છેલ્લા ઘણા સમયથી દેશભરમાં ગંભીર ગુનાને અંજામ આપી રહી છે. લોરેન્સ બિશ્નોઈ ગેંગ હવે દાઉદ ઈબ્રાહીમની ડીકંપનીના રસ્તે છે.

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ અને ગોલ્ડી બ્રારની ગેંગ સામે કાર્યવાહી કરી રહી છે. દરમિયાન એનઆઈએએ ગેંગસ્ટર ટેરર કેસમાં કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ, ગોલ્ડી બ્રાર સહિત અનેક નામચીન ગેંગસ્ટરો સામે ચાર્જશીટ દાખલ કરી હતી. એનઆઈએએ ઘણા મોટા ખુલાસા કર્યા છે.

એનઆઈએએ તેની ચાર્જશીટમાં જણાવ્યું કે લોરેન્સ બિશ્નોઈ અને તેનું ટેરર સિન્ડિકેટ ઝડપથી વધી રહ્યું છે. દાઉદ ઈબ્રાહિમે જે રીતે ૯૦ના દાયકામાં નાના-નાના ગુના કરીને પોતાનું નેટવર્ક સ્થાપ્યું હતું તે રીતે લોરેન્સે પણ પોતાનું નેટવર્ક સ્થાપ્યું છે. દાઉદ ઈબ્રાહિમે ડ્રગ્સ સ્મગલિંગ, ટાર્ગેટ કિલિંગ, ખંડણી રેકેટ દ્વારા પોતાનું સામ્રાજ્ય બનાવ્યું અને પછી તેણે ડી-કંપની બનાવી, ત્યાર બાદ તેણે પાકિસ્તાની આતંકવાદીઓ સાથે સંબધો વિકસાવ્યા કર્યું અને પોતાનું નેટવર્ક વિસ્તાર્યું. જ્યારે દાઉદ ઈબ્રાહિમ અને ડી કંપનીની જેમ બિશ્નોઈ ગેંગે પણ નાના ગુનાઓથી શરૂઆત કરી હતી. પછી તેણે પોતાની ગેંગ બનાવી. હવે બિશ્નોઈ ગેંગે ઉત્તર ભારત પર કબજો જમાવી લીધો છે.

એનઆઈએએ જણાવ્યું છે કે બિશ્નોઈ ગેંગમાં ૭૦૦ થી વધુ શૂટર્સ છે, જેમાંથી ૩૦૦ પંજાબ સાથે સંકળાયેલા છે.

બિશ્નોઈ અને ગોલ્ડી બ્રારને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ દ્વારા પ્રમોટ કરવામાં આવ્યા હતા. બિશ્નોઈ ગેંગે વર્ષ ૨૦૨૦-૨૧ સુધી ખંડણીમાંથી કરોડો રૂપિયાની કમાણી કરી હતી અને તે પૈસા હવાલા દ્વારા વિદેશ મોકલવામાં આવ્યા હતા. ■

પાંચમા પાનાનું ચાલુ

### વિકાસકામોના

ભૂમિપૂજન કર્યું હતું, જેમાં મુંબાદેવી મંદિર પરિસર અને મહાલક્ષ્મી મંદિર પરિસર અને બાબુલનાથ મંદિર પરિસરના વિકાસ કામ, શ્રી સિદ્ધિવિનાયક ગણપતિ મંદિરના મંજૂર પ્રોજેક્ટનું પ્રેઝેન્ટેશન, દાદર-ચોપાટી કિનારની પુર્નભરણી, જગનનાથ શંકરશેટના સ્મારકનું ભૂમિપૂજન, ભાગોજી શેઠ કરીના સ્મારકનુ ભૂમિપૂજન, જે.જે. ફ્લાયઓવર નીચે બેસ્ટ બસમાં તૈયાર કરવામાં આવેલી લાઈબ્રેરીનું લોકાર્પણ, એ વોર્ડમાં બધવાર પાર્કમાં ફૂડ પ્લાઝાનો શુભારંભ, મુંબઈ શહેરમાં ૧૪ ઠેકાણે કોફી શોપ સહિત આકાંક્ષી સ્વચ્છતાગૃહનો સુભારંભ અને સાત ઠેકાણે ભૂમિપૂજન, ફેશન સ્ટ્રીટની કાયાપલટના પ્રોજેક્ટનો શુભારંભ કરવામાં આવ્યો હતો. મુંબઈ શહેરમાં જૂની મ્હાડા બિલ્ડિંગમાં લિફ્ટની ઉપલબ્ધ કરાવવામાં આવવાની છે, તેને કારણે દક્ષિણ મુંબઈની સેંકડો ઈમારતના રહેવાસીઓને ફાયદો થશે એવો દાવો મુખ્ય પ્રધાને કર્યો હતો.

એ સિવાય ગિરગામમાં નેતાજી સુભાષ માર્ગ પર મરાઠી ભાષા ભવનના નવા પ્રોજેક્ટનું ભૂમિપૂજન, મુંબઈમાં નાયગાવ, દાદર, ભાયખલા, શિવડી, સાયન,વરલી પોલીસ ક્વોટર્સનું લોકાર્પણ , ઉમરખાડી, ડોંગરી, ડેવ્હિડ સસૂનમાં બાળસુધારગૃહનું બાંધકામ, મુંબઈ સહિત દેશ વિદેશના પર્યટકો માટે ભારતીય ઔષધી પદ્ધતિનો પ્રચાર અને પ્રસાર માટે વરલીની પોદ્દાર હૉસ્પિટલમાં પંચકર્મની સુવિધાનો શુભારંભ, મુંબઈ સેન્ટ્રલમાં સ્ટેટ ટ્રાન્સપોર્ટના ડ્રાઈવર, કંડક્ટર માટે એસી વિશ્રામગૃહ, જયેષ્ઠ નાગરિકો અને મહિલા માટે સુવિધા ઉપક્રમનો શુભારંભ, પાલિકાની ૧૦૩ સ્કૂલમાં ટેરેસ પર કિચન ગાર્ડનનું લોકાર્પણ, મુંબઈ શહેરની સ્કૂલમાં વિદ્યાર્થીઓની સુરક્ષા માટે સીસીટીવી પ્રોજેક્ટનું લોપાર્ણણ

મુંબઈ સહિત થાણે અને રાજ્યના અન્ય વિસ્તારના પ્રોજેક્ટનું પણ રવિવારે મુખ્ય પ્રધાને લોકાર્પણ કર્યું હતું, જેમાં થાણે ખાડી પર ૫૫૯ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા ૩,૧૮૦ મીટર લાંબા પુલનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પુલ સોમવારથી વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવાની જાહેરાત મુખ્ય પ્રધાને કરી હતી.

થાણેમાં મુખ્ય પ્રધાને થાણે સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ અસોસિએશન તેમ જ ચેમ્બર ઓફ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ અસોસિએશનના સ્થાપક સ્વર્ગસ્થ મધુસુધન ખંબેટેની પ્રતિમાનું પણ અનાવરણ કર્યું હતું અને પ્રદેશમાં નાના પાયાના ઉદ્યોગને પ્રોત્સાહન આપવામાં તેમના યોગદાનની તેમણે પ્રશંસા કરી હતી. એ દરમિયાન તેમની સરકાર ઉદ્યોગસાહસિકોને તમામ સહાય પૂરી પાડવાની તથા મહારાષ્ટ્રમાં મોટા પાયે રોજગારીની તકો ઊભી કરવાનું વચન પણ આપ્યું હતું.

એ સિવાય કોંકણમાં ૭,૮૫૧ કરોડ રૂપિયાના ખર્ચે કુલ ૨૬.૭૦ કિલોમીટર લંબાઈના સાત નવા પુલ બનાવવામાં આવવાના છે. કોંકણ વિસ્તારમાં આ પુલ બનાવવાની લાંબા સમયથી માગણી કરવામાં આવી રહી હોવાનું મુખ્ય પ્રધાને આ પ્રોજેક્ટના ભૂમિપૂજન દરમિયાન કહ્યું હતું. ■

### ઈશાન મુંબઈમાં નવી હૉસ્પિટલ બનશે

પૂર્વ ઉપનગરમાં વિક્રોલી, કાંજૂરમાર્ગ અને ભાંડુપ પરિસરની મહિલા અને બાળકો માટે સ્પેશિયાલિટી હૉસ્પિટલ બાંધવામાં આવવાની છે. કાંજૂરમાર્ગ પૂર્વમાં (કાંજૂર વિલેજ) બનાવવામાં આવનારી અત્યાધુનિક હૉસ્પિટલનું ભૂમિપૂજન મુખ્ય પ્રધાનના હસ્તે રવિવારે કરવામાં આવ્યું હતું. આ હૉસ્પિટલથી વિક્રોલી, ના સ્વરૂપમાં 'એસ' વોર્ડના નાગરિકોને પોતાના ઘરની નજીક મફત વૈદ્યકીય સુવિધા આપનારી હૉસ્પિટલ મળવાની છે. છ માળની સ્પેશિયાલિટી હૉસ્પિટલ ૯૦ બેડની ક્ષમતા સાથેની હશે. બિલ્ડિંગનું બાંધકામ ૩૩ મહિનામાં પૂરું કરવાનું લક્ષ્યાંક છે.

### ગુરમૈલ સિંહને

બાદ કોર્ટ નક્કી કરશે કે આરોપી વિરુદ્ધ જ્યુવેનાઇલ કોર્ટમાં સુનાવણી કરવામાં આવશે કે નિયમિત કોર્ટમાં. રવિવારે બંને આરોપીને કોર્ટમાં હાજર કરવામાં આવ્યા બાદ કાશ્યપે કોર્ટને જણાવ્યું હતું કે તે ૧૭ વર્ષની વયનો છે. પોલીસે એ સમયે કોર્ટને જણાવ્યું હતું કે આરોપી પાસેથી જપ્ત કરાયેલા આધાર કાર્ડ પ્રમાણે તેની ઉંમર ૨૧ વર્ષની છે. પોલીસે કોર્ટને કહ્યું હતું કે કાશ્યપની ઉંમરની ખરાઇ કરી શકે એવા અન્ય કોઇ દસ્તાવેજો જપ્ત કરાયા નથી. કોર્ટે બાદમાં આરોપીનું આધાર કાર્ડ રજૂ કરવાનું કહ્યું હતું. પોલીસે કાશ્યપના આધાર કાર્ડની નકલ રજૂ કરી હતી. જોકે આધાર કાર્ડમાં ફોટા કાશ્યપનો હતો, પણ નામ રંજનકુમાર ગુપ્તા હતું. આધાર કાર્ડમાં જન્મતારીખ ૧ માર્ચ, ૨૦૦૩ દર્શાવવામાં આવી હતી.

### મુંબઈ સેન્ટ્રલમાં

કરવામાં આવી હતી. આ અંગે રેલવેએ કોઈ જાહેરાત નહીં કરતા પ્રવાસીઓ અસમંજસમાં રહ્યા હતા.

આ અંગે અંધેરીના પ્રવાસીએ કહ્યું હતું કે એક કલાકથી વધુ સમય ટ્રેનને મુંબઈ સેન્ટ્રલ આગળ રોકી દેવામાં આવ્યા પછી કોઈ જાહેરાત પણ કરવામાં આવી હતી. સ્લો ટ્રેનોને રદ કરવામાં આવતી હોવાથી ફાસ્ટ ટ્રેન પકડી હોવા છતાં ટ્રેનનું કોઈ શેડયૂલ નહોતું. લોકલ ટ્રેનોને મુંબઈ સેન્ટ્રલથી ચર્ચગેટ આવતા પોણો કલાક લાગ્યો હતો. આ અંગે રેલવે પ્રશાસન તરફથી કોઈ જાહેરાત નહીં કરતા આજનો દિવસ ભારે હાલાકીભર્યો રહ્યો હતો, એમ અન્ય એક પ્રવાસીએ જણાવ્યું હતું. મુંબઈ સેન્ટ્રલ અને કારશેડમાં ટ્રેન પ્રવેશી રહી હતી, ત્યારે લોકલ ટ્રેનનું ડિરેલમેન્ટ થયું. આજે બપોરના ૧૨.૧૦ વાગ્યાના સુમારે ખાલી ઈએમયુ (ઈલેક્ટ્રિકલ મલ્ટિપલ યુનિટ)ના બે કોચ ટ્રેક પરથી ખડી પડ્યા છે. આ બનાવ પછી મરમ્મતની કામગીરી હાથ ધરવામાં આવી છે. ખાલી રેક હોવાથી કોઈ જાનહાનિના થઈ નથી. યુદ્ધના ધોરણે ટ્રેનસેવાને પૂર્વવત કરવાના પ્રયાસ ચાલુ છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. અહીં એ જણાવવાનું કે પશ્ચિમ રેલવેમાં શનિવારથી નવું ટાઈમ ટેબલ શરુ થયું છે, ત્યારે પહેલા દિવસથી ટ્રેનસેવામાં ટેક્નિકલ ફેઈલ્યોરની સમસ્યા ઊભી થવાને કારણે પ્રવાસીઓની હાલાકી વધી રહી છે. ■

### અન્ય પણ કોઈને

તપાસ કરી રહી છે અને આ ગુનામાં વિદેશની કોઇ ગેન્ગ સંડોવાયેલી છે કે નહીં તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. દરમિયાન તપાસકર્તા પક્ષે તમામ આક્ષેપોને ફગાવી દીધા હતા અને દાવો કર્યો હતો કે પોલીસ પાસે કોઇ પુરાવા નથી જે પુરવાર કરી શકે કે બંને આરોપીએ ગુનો આચર્યો છે. દરમિયાન સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું કે શૂટરોએ કરેલા ગોળીબારમાં અન્ય એક વ્યક્તિ પણ ઘવાઇ હતી અને તેને હોસ્પિટલમાં દાખલ કરાઇ હતી. ■

### મુખ્ય પ્રધાન

વિવિધ વિકાસકામો અને પ્રોજેક્ટના કામો ચાલી રહ્યા છે. એમએસઆરડીસી(મહારાષ્ટ્ર રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન) દ્વારા રાજ્યમાં બે લાખ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યા છે. પાયાભૂત સુવિધાઓના પ્રોજેક્ટ નિર્માણ કરવામાં મહારાષ્ટ્ર આખા દેશમાં પહેલા ક્રમાંકે છે. પાયાભૂત સુવિધાઓ ઊભી કરીને સર્વસામાન્ય લોકોને જરૂરી સુવિધા પૂરી પાડી તેમનું જીવનધોરણે ઊંચું લાવવાનું ધ્યેય અમારી સરકારનું છે. ■

## હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. મીનાબેન સુરેશભાઇ ગોપાલજી ગણાત્રા ગામ તેરા હાલ મુલુંડના પુત્રવધૂ અ. સૌ. નમ્રતા (ઉં. વ. ૫૦) તા. ૧૦-૧૦-૨૪ના ગુરુવારે શ્રીજીશરણ પામેલ છે. તે સંજય સુરેશભાઇ ગણાત્રાના ધર્મપત્ની. શ્રેયાંશ, પ્રીતિનાં માતુશ્રી. ગં. સ્વ. રમીલાબેન મહેશભાઇ બલીયા ગામ સાબરાઇવાળાના પુત્રી. શિલ્પા સ્વ. પંકીલ બલીયાનાં બેન. જ્યોતી સુનીલ ગણાત્રા, રુપલ જીતેન ગણાત્રા, આરતી કેતન ઠક્કરના ભાભી. પ્રાર્થનાસભા તા. ૧૪-૧૦-૨૪ના સોમવારે સાંજે ૫થી ૭. ઠે. ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, ઉપાશ્રય લેન, રાષ્ટ્રીય શાળા કમ્પાઉન્ડ પાસે, ઘાટકોપર (પૂર્વ), બન્ને પક્ષની પ્રાર્થનાસભા ભેગી છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ખાખબાઇ વાળા હાલ વિરાર નિવાસી સ્વ. જેકુવરબેન જેઠાલાલ નરોતમદાસ દેસાઇના પૌત્ર કૃણાલ (ઉં. વ. ૩૬) તે ધર્મિષ્ટા નવીનના પુત્ર. તે રાહુલ-હીરાના મોટાભાઇ. તે રાહીના કાકા. તે ગં. સ્વ. સરલાબેન ધીરજલાલ, સ્વ. રંજનબેન અશ્વિનભાઇ તથા ગં. સ્વ. નીરુબેન દોલતરાય મહેતા, રસીલા પ્રફુલચંદ્ર કાણકિયા અને ગં. સ્વ. રેખા નરેન્દ્રકુમાર મહેતાના ભત્રીજા. તે મોસાળ પક્ષે નાગેશ્રીવાળા સ્વ. કાળીદાસ જગજીવનદાસ ગોરડિયાના ભાણેજ તા. ૧૨-૧૦-૨૪ના શનિવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. વેલજીભાઇ લીલાધર ધીરાવાણી (ઉં.વ.૬૮) કચ્છ ગામ કોઠારાવાળા હાલ મુલુંડ તા. ૧૧-૧૦-૨૪ના રામશરણ પામેલ છે. ગં. સ્વ. ગીતાબેન વેલજીભાઇ ધીરાવાણીના પતિ. સ્વ. પાર્વતીબેન લીલાધર ભાગચંદ ધીરાવાણીના વચેટ પુત્ર. ગં. સ્વ. ગોદાવરીબેન પ્રેમજીભાઇ જેઠમલ કતીરા કચ્છ ગામ નેત્રાના જમાઇ. દર્શન તથા હેતલના પિતાશ્રી. વંદનાબેનના સસરાજી. ચી. હીરના દાદાજી. પ્રાર્થનાસભા સોમવારના સારસ્વત વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, ઝવેર રોડ, મુલુંડ (વે), તા. ૧૪-૧૦-૨૪ના ૫થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી મોઢ વણિક**

ધ્રાંગધ્રા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. શારદાબેન હસમુખલાલ પારેખના પુત્રવધૂ કમલેશભાઇ પારેખના ધર્મપત્ની અ. સૌ. જ્યોતિબહેન (ઉં. વ. ૫૬) તા. ૧૨ -ઓકટોબર-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પુત્રી: ધ્વનિ પાર્થ મહેતા, પુત્ર: સાહિલ જિજ્ઞા સંજય પારેખના ભાભી. અક્ષત, મિતનાં કાકી. પિયરપક્ષ માતુશ્રી મીરાબેન વિશનદાસ ઠાકુરનાં દીકરી. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૪ ઓકટોબર-૨૪ના સાંજે ૫થી ૭. ઠે. પરમ કેશવ બાગ, નવરોજી લેન, મુનિસુવ્રત દેરાસરની સામે, હાલ ઘાટકોપર (વેસ્ટ).

**હાલાઈ ભાટિયા**

ગં. સ્વ. શિલ્પા ધનેશ રાજડા (પ્રવીના) (ઉં-વ ૮૦) તે પદમસી મૂલજી રાજડાના પુત્રવધુ, કરમસી મોરારજી પલીચા ( અલપાઈ વાળા) ના પુત્રી. ચિં, દેવ તથા હર્ષના માં . અં. સૌ. જાગ્રૂતિ ના સાસુ, સ્વ અજીતભાઈ, રતનબેન જાસૂબેન,(જયશ્રીબેન)ના બેન ૧૨/૧૦/૨૪ ના શ્રીજી ચરણ પામ્યા છે તેમની પ્રાથના સભા ૧૪/ ૧૦/૨૨૦૨૪ રોજ સાંજે ૪થી ૬.મહાવીર નગર, બીસીસીઆઇ ગ્રાઉંડની સામે કાંદીવલી (વેસ્ટ) મુંબઈમાં રાખેલ છે.(લૌકિક વેહાવાર બંધ છે).

**કપોળ**

રસનાળવાળા (હાલ-ઘાટકોપર) સ્વ. ઈન્દુમતીબેન અનંતરાય મહેતાના સુપુત્ર ચેતનભાઈ (ઉં.વ.૫૩)તે રૂપાના પતિ. તે સાહિલ તથા હિનલના પિતાશ્રી. તે સ્વ. હેમા જયંતકુમાર મોદીના ભાઈ તે સ્વ. સરલાબેન પ્રતાપરાય લવજીભાઈ દોશીના જમાઈ તે જયેશ ભાઈ તથા આશિષભાઇના બનેવી. (શનીવાર) તા-૧૨/ ૧૦/૨૪ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. સર્વે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સઇ સુતાર જ્ઞાતિ**

બગડ નિવાસી હાલ બોરીવલીના સવિતાબેન મનસુખલાલ ચૌહાણ (ઉં.વ.૮૮) તે ૧૨/૧૦/ ૨૪ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. મનસુખલાલ મગનલાલ ચૌહાણના ધર્મપત્ની, સ્વ. અરુણાબેન પ્રભુદાસ મકવાણા, સ્વ. અશ્વિનભાઇ, ગીતા પ્રદીપકુમાર સોલંકી, હિતેશભાઈના માતુશ્રી, રેખાબેન તથા પ્રીતિબેનના સાસુ, કૃતિકા મુકેશભાઈ કાનાબાર તથા પાર્થના દાદી. સ્વ. અંબાબેન ઘુસાભાઈ સરવૈયાના દીકરી, સ્વ. ગોદાવરીબેન પારડીયા તથા સ્વ. હરગોવિંદભાઈ તથા નંદલાલભાઈના બહેન. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૧૪/૧૦/ ૨૪ ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે સ્વામિનારાયણ મંદિર બીએપીએસ, પહેલે માળે, અજમેરા ગ્લોબલ સ્કૂલની સામે, યોગી નગર, બોરીવલી વેસ્ટ.

**ભાવનગર દશા ઘોઘારી પોરવાડ**

ભાવનગર નિવાસી હાલ ગોરેગાંવ સ્વ. નરેન્દ્રભાઈ જીવનલાલ મોદી તથા મધુલતાબેનના પુત્ર રૂપેનભાઈ (ઉં.વ. ૬૩) તે ૧૧/૧૦/૨૪ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે નીનાના પતિ. યશવીના પિતા, ઝંખના તથા દર્શના ચંદ્રેશકુમાર ભટ્ટ ના ભાઈ, સાસરાપક્ષે સ્વ. કમલા મધુસુદન કિનારીવાલાના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી મોઢ વણિક**

હળવદ નિવાસી હાલ સાંતાક્રુઝ સ્વ. પુષ્પાબેન તથા સ્વ. કેશવાલાલ કૃષ્ણાલાલ ગાંધીના પુત્ર મહેન્દ્રભાઈ (ઉં.વ.૭૦) તે હર્ષાબેનના પતિ. સ્વ. રાજેશ, સતીશ, ભાવેશ, નિલા નરેન દાણીના ભાઈ, નીલિમાના જેઠ, સ્વ. દલિચંદ ભાયચંદ વોરાના જમાઈ. ૯/૧૦/૨૪ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિસા સોરઠિયા વણિક**

(વેરાડ વાલા) હાલ કાંદિવલી, રજનીકાંત સોમચંદ મલકાન (ઉં.વ.૭૬ ) શનિવાર તા. ૧૨/ ૧૦/૨૪ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેઓ સોમચંદ મલકાન અને કાંતાબેનના સુપુત્ર, મનીષા મલકાણના પતિ, નૈતિક અને નીપાના પિતા. દીપાલી અને ગૌરાંગના સસરા. નીરુબેન, મમતાબેન અને મુકેશભાઈના ભાઈ તેમની પ્રાર્થનાસભા સોમવાર તા. ૧૪/૧૦/૨૪ સાંજના ૫ થી ૭ શ્રી લોહાણા મહાજન વાડી, એસ. વી. રોડ,કાંદિવલી વેસ્ટ, મુંબઈ ૬૭

**લુહાર-સુતાર**

ગામ અમરેલીવાળા હાલ વિક્રોલી સ્વ. મનુભાઈ વિઠ્ઠલભાઈ પીઠવાના ધર્મપત્ની ગં.સ્વ. વિમળાબેન મનુભાઈ પીઠવા, (ઉં.વ. ૭૫) શુક્રવાર તારીખ ૧૧-૧૦-૨૪ શ્રી રામચરણ પામ્યા છે. તે સ્વ. જીવરાજભાઈ આણંદભાઈ હરસોરાના દીકરી, તે સ્વ.અંજવાળીબેન કાનજીભાઈ પીઠવા, સ્વ. શારદાબેન રતીલાલભાઈ પીઠવા, સ્વ. ચંદ્રીકાબેન જંયતીભાઈ પીઠવા, ગં.સ્વ.નિર્મલાબેન નટવર ભાઈ પીઠવાના દેરાણી,સ્વ.શાંતાબેન રુગનાથ ભાઈ હરસોરાના ભાભી, તે મીનાક્ષબેન પ્રદીપભાઈ કવા, ચેતનાબેન ચીરાગભાઈ ડોડીયા, હર્ષદભાઈ, પરેશભાઈના બા, તે જીનલ,ઝરણા, ઓમ, યુગના નાની, તેમની પ્રાર્થના સભા સોમવાર તા-૧૪-૧૧-૨૪ ના રોજ સાંજે ૩ થી ૫ના સમયે પાટીલ હોલ, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સ્ટેશન સામે, વિક્રોલી ઈસ્ટ.

**કચ્છી પરજીયા પટ્ટણી સોની**

સોની રાજેન્દ્ર લક્ષ્મીદાસ ધકાણ (રાજુભાઇ) સોની (ઉં. વ. ૬૦) જે સ્વ. અમૃતબેન લક્ષ્મીદાસ સોનીના પુત્ર. ભારતીબેનના પતિ. ગ્રીષ્મા તનય સોની, ઉર્વી ઉદીત ગજીવાલાના પિતાજી. પ્રીશા, વેદ, વીર અને અથર્વના દાદાજી. સ્વ. દિનેશભાઇ, સુનીલભાઇ, રમેશભાઇ, રાજેશભાઇ, ભુપેનભાઇ, દીપકભાઇ નરેન્દ્ર પીઠડીયા, સ્વ. લીલાવતીબેન અને ઉષાબેનના ભાઇ તા. ૧૧-૧૦-૨૪ના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૪-૧૦-૨૪ સોમવારે સાંજે ૪થી ૫.૩૦. ઠે. ગોકુલમ હોલ, ડોકટર રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાન સરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ).

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

શીલ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. તુલસીદાસ સવજી સેતાના પુત્ર ચંદ્રકાન્ત (ઉં.વ.૭૮) તા. ૩-૧૦-૨૪ના રાજકોટ મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ચત્રભુજભાઇ, સ્વ. કાન્તિલાલ, સ્વ. વલ્લભદાસ, સ્વ. જયંતિલાલ, હસમુખભાઇ, સ્વ. લલિતાબેન, સ્વ. પ્રવીણાબેનના ભાઇ. નવીન, સ્વ. દિનેશ, ભરત, રામ, રેખાબેન પરશોતમદાસ પડિયા, હર્ષા કિર્તીકુમાર સીંધવડ, ઇલા રમેશકુમાર રાજાવાઢા, હીના કિરીટકુમાર જાડા, રીટા હરેશકુમાર જોગી, બીના પંકજકુમાર પડિયાના કાકા. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ.શાંતાબેન રામજી સ્વાર (ગામ કોઠારા) હાલ મુલુંડના પુત્રવધૂ ગં. સ્વ. ભારતીબેન (ઉં. વ. ૬૪) તે સ્વ. ભરતભાઇ રામજી સ્વારના ધર્મપત્ની. સ્વ.કાશીબાઇ શામજી લાલજી કારીયાની પુત્રી. સૌ. પૂજા મંહાર ટકાલે તથા ધાર્મિકના માતુશ્રી. વિનોદ, હરીશ, સ્વ. લક્ષ્મીદાસ, ચંદ્રિકા, ભાનુ, રેખાના બહેન. તા. ૮-૧૦-૨૪ના મંગળવારના રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### વિપક્ષની સત્તાધારી

આડે હાથ લેતા કહ્યું હતું કે જો આ સરકારમાં સત્તાધારી પક્ષના નેતાઓ જ સુરક્ષિત નથી તો પછી સામાન્ય નાગરિકોનું શું? ભાજપના વિધાનસભ્યએ પોલીસ સ્ટેશનમાં કરેલા ગોળીબાર અને ફેસબુક લાઇવ સેશન દરમિયાન થયેલી ભૂતપૂર્વ નગરસેવકની હત્યાનો ઉલ્લેખ કરતા તેમણે સુરક્ષા પર પ્રશ્નચિહ્ન ઊભું કર્યું હતું. તેમણે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના રાજીનામાની માગણી પણ કરી હતી.

કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્ય મલ્લિકાર્જુન ખડગેએ પણ આ વિશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ(પહેલા ટ્વિટર) પર જણાવ્યું હતું કે આ દુઃખની ઘડી છે. સિદ્દીકીનું મૃત્યુ એ શબ્દોમાં વર્ણવી ન શકાય એ હદે ચોંકાવનારું છે. મહારાષ્ટ્ર સરકારે આ વિશે કડક તપાસ કરવી જોઇએ અને ન્યાય આપવો જોઇએ.

ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટી(આએઇસીસી)ના ઇન-ચાર્જ રમેશ ચેન્નિથલાએ જણાવ્યું હતું કે આ ઘટનાથી મુંબઈમાં કઇ હદે અંધૂધૂંધી ફેલાયેલી છે તે સાબિત થાય છે. કાયદાનું રાજ નથી રહ્યું. આ ઘટનાની જવાબદારી લઇને મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાનોએ તાત્કાલિક રાજીનામું આપી દેવું જોઇએ. મહારાષ્ટ્ર વિધાનસભાની વિરોધ પક્ષના નેતા વિજય વડેટ્ટીવારે પણ રાજ્યમાં કાયદો અને સુવ્યવસ્થા નાશ પામી હોવાની ટીકા કરતા કહ્યું હતું કે પંદર દિવસ પહેલા સિદ્દીકીને જાનથી મારી નાખવાની ધમકી મળી હતી અને શું ફિલ્મસ્ટારના ઘરની બહાર થયેલા ગોળીબાર અને આ ઘટના વચ્ચે કોઇ સામ્ય છે? વાય કેટેગરીની સુરક્ષા હોવા છતાં આ હત્યા કરાઇ હોવાની ટીકા પણ તેમણે કરી હતી.

ઉદ્ધવ ઠાકરે જૂથના રાજ્યસભા સાંસદ સંજય રાઉતે પણ હત્યા વિશે પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે આ મુંબઈ પોલીસની છબીને છાજતું નથી. હું પોલીસને વિનંતી કરું છું કે એવાં પગલાં લે કે આવી ઘટના ફરી કોઇ વખત ન બની શકે. ફડણવીસ જો રાજીનામું ન આપે તો રાજ્યપાલે તેમનું રાજીનામું માગી લેવું જોઇએ. ઉદ્ધવ સેનાના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ પણ આ વિશે જણાવ્યું હતું કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા નામની વસ્તુ બચી જ નથી. જો એક વ્યક્તિ જેને સુરક્ષા આપવામાં આવી હોય તેની સાથે આ ઘટના બની શકે તો પછી સામાન્ય નાગરિકોનું શું? ■

### પોલીસને મળી છે

કરી એ બાબતે પ્રતિક્રિયા આપતા ફડણવીસે જણાવ્યું હતું કે શરદ પવારને આવી પરિસ્થિતિમાં પણ રાજકારણ દેખાય છે. તેમનું લક્ષ્ય ફક્ત સત્તા હાંસલ કરવાનું છે અને આવી ગંભીર ઘટના બને ત્યારે પણ તેમનો ડોળો સત્તા ઉપર જ હોય છે. લૉરેન્સ બિશ્નોઇ ગેન્ગ દ્વારા આ હત્યાની જવાબદારી લેવામાં આવી હોવા વિશે તેમણે કહ્યું હતું કે પોલીસને એક વાયરલ પોસ્ટ ધ્યાનમાં આવી છે જેમાં લૉરેન્સ બિશ્નોઇ ગેંગના સભ્યએ આ હત્યાની જવાબદારી લીધી હતી. જોકે, તેમાં કેટલી સત્યતા છે તેની ચકાસણી કરવામાં આવશે. ■

## પારસી મરણ

યઝદી નોશીર એન્જિનિયર તે મરહુમ માહરૂખ એન્જિનિયરના ખાવીંદ. તે મરહુમો માહરૂખ તથા નોશીર એન્જિનિયરના દીકરા. તે બુરઝીન એન્જિનિયર ને ઉરવક્ષ એન્જિનિયરના પપ્પા. તે નેહા એન્જિનિયર તથા મરહુમ કેતકી એન્જિનિયરના સસરા. તે કેરશી એન્જિનિયરના ભાઇ. તે રયોમંદ એન્જિનિયર ને આયશા એન્જિનિયરના કાકા. (ઉં. વ. ૭૯) રે. ઠે. ફલેટ નં.૨૦, ૩જે માળે, અઝીઝ બિલ્ડિંગ, તારદેવ રોડ, એચ. ડી. એફ. સી. બેન્કની બાજુમાં, તુલસીવાડી, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૪-૧૦-૨૪ના બપોરે ૩.૪૦ કલાકે તારદેવ મધ્યે બાટલીવાળા અગિયારીમાં.

આલુ દીનશાહ જીનવાલા તે મરહુમ દીનશાહ ફરદુનજી જીનવાલાના વિધવા તે મરહુમો મેહેર તથા જહાંગીર બનાજીના દીકરી. તે સરોશ જીનવાલા ને શેરના ઉદવાડીયાના મમ્મી. તે પીલુ જીનવાલા ને હોશંગ ઉદવાડીયાના સાસુ. તે રીશાદ ને આરીશ ઉદવાડીયાના મમયજી. તે રતન, દીના તથા મરહુમ ચેરાગ જીનવાલાના બપયજી. (ઉં. વ. ૧૦૪) રે. ઠે. ૩સી-૧,એલ પ્લાઝો લીટલ ગીબ્સ રોડ, હેન્ગિગ ગાર્ડનની નજીક, મલબાર હીલ, મુંબઇ-૪૦૦૦૦૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૪-૧૦-૨૪ના બપોરે ૩.૪૦ કલાકે ભરૂચ મધે હોમાવાલા અગિયારીમાં કરવામાં આવશે.

મેહરૂ જમશેદ ખડખોદાઇ તે જમશેદના ધણિયાની. તે મરહુમો બાનુ તથા રૂસ્તમના દીકરી. તે પરીવાશ, હુતોક્ષી ને શાહઝાદના મમ્મી. તે અદરીઆના, બુરઝીન ને રયોમંદના સાસુ. તે મેહેરવાન, ટેમુલ ને હોમીના બહેન. તે શેઆન ના મમયજી. તે શોફીયા ને જીનીઆના બપયજી. (ઉં. વ. ૮૦) રે. ઠે. શીરીન મેન્શન, બી, બ્લોક, ૩જે માળે, તારદેવ રોડ, ગામડીયા કોલોની, તારદેવ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૪-૧૦-૨૪ના બપોરે ૩.૪૦ કલાકે તારદેવ મધ્યે બાટલીવાલા અગિયારીમાં છેજી.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોથારાના વિનોદ લખમશી નાગડા (ઉં.વર્ષ ૬૦) તા. ૧૦-૧૦-૨૪ના અવસાન પામેલ છે. મેઘબાઇ લખમશીના પુત્ર. ભારતીના પતિ. રાજના પિતા. સંસાર પક્ષે પ.પુ. સાધ્વી રૂષભગુણાશ્રીજી મ.સા., વસંત, ડોણના હંસા હરેશ ગાલાના ભાઇ. અમદાવાદના કુસુમબેન મનુભાઇ સંઘવીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : વિનોદ નાગડા, સાંઇ મુક્તિ ૨૦૧, વર્ધમાન પાર્ક, સુંદર નગરની બાજુમાં, આમંત્રણ બારની આગળ, તુલીંજ રોડ, નાલાસોપારા (ઇ.)

શેરડીના અનિલ વિશનજી દેઢીયા (ઉં.વ. ૬૧) તા. ૧૨-૧૦-૨૪ના અવસાન પામેલ છે. મેઘબાઇ ખેતશી લધુના પૌત્ર. રૂક્ષ્મણી વિશનજીના સુપુત્ર. બીના, મીનાના ભાઇ. દેવપુરના વેલબાઇ પ્રેમજી હીરજીના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠે. શિતલકુમાર શાહનંદ, ૭૦૨, નિત્યાનંદ, કસ્તુર પાર્ક, શીંપોલી રોડ, બોરીવલી (વે.).

કાંડાગરાના હેમલતા પ્રેમજી (બાબુભાઈ) છેડા (શાહ) (ઉં.વ.૭૭) તા. ૧૦-૧૦-૨૪ના અવસાન પામેલ છે. કંકુબાઈ હીરજી જેઠાના પૌત્રવધુ. નાનબાઈ શામજીના પુત્રવધુ. પ્રેમજી (બાબુભાઈ)ના ધર્મપત્ની. આનંદ, કલ્પના, સુનિતાના માતા. વેજબાઈ હીરજીના પુત્રી. ડુંગરશી, રતન, દુલારી (દેવકા), લક્ષ્મીના બેન. પ્રા.શ્રી માટુંગા ક.મૂ.શ્વે.જૈન સંઘની નારાણજી શામજી વાડી. ટા. ૪ થી ૫.૩૦.

કુંદરોડીના ચંચળબેન ચીમનલાલ વિસરીયાં (ઉં.વ. ૭૮) તા. ૧૨-૧૦-૨૪ ના અવસાન પામેલ છે. ભાણબાઈ રાયશી હંસરાજના પુત્રવધુ. ચીમનલાલના પત્ની. બેરાજાના જેતબાઈ ખીમજી ધારશીના પુત્રી. જેઠાલાલ, તલકશી, શાંતિલાલ, નવીન પ્રવિણ, ગિરીશ, ગુંદાલાના હેમકુંવર જાદવજી, બિદડા જયા મુલચંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ઉમંગ વીરા, એ-૧૦૧, વર્તક ટાવર, તુલીંજ રોડ, નાલાસોપારા (ઈસ્ટ), મુંબઈ.

બાડાના રતિલાલ ભાણજી હરીયા (ઉં.વ.૮૨) તા. ૯-૧૦-૨૪ ના દેશમાં અવસાન પામેલ છે. મણીબેન ભાણજીના પુત્ર. નિર્મળાના પતિ. જયશ્રી, મીના, અંજના, હિતેશ, વૈશાલીના પિતા. વિજ્યા (કાંતા), વિમળાના ભાઇ. ખેતબાઈ/વિજયાબેન ચંપકલાલના જમાઇ. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. : હિતેશ હરીયા, ૩૦૮, જીરાવલ્લી રેસીડન્સી, દેરાસર લેન, ઘાટકોપર (પૂ), મું-૭૭.

પ્રતાપુરના મકાબેન વીરજી વેરશી શેઠીયા (ભોઇમા) (ઉં.વ.૧૦૩) તા.૮/૧૦ ના દેવગતી પામેલ છે. વીરજીના પત્નિ. કુંતાબાઇ વેરશીના પુત્રવધુ. સં.પ.કવિતાબાઇ મ.સ., ચંદ્રકાંત, સુરેન્દ્ર, પ્રવીણ, ઉષાના માતુશ્રી. સમાઘોઘાના સુંદરબેન હીરજીના પુત્રી. કરમશી, ના. ખાખરના રતનબાઇ કાનજી, મમીબેન પ્રેમજી, નવીનારના સોનબાઈ કુંવરજીના બેન. ગુણાનુવાદ સભા શ્રી હાલારી વિશા ઓસવાલ, સમાજવાડી, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઇસ્ટ), મું.૧૪. ટા.૩ થી ૪.૩૦.

**ગોડવાડ ઓસવાલ જૈન**

મરુધરમા બાલી હાલ મલાડ નિવાસી, મોહનલાલ લાલચંદજી મેહતા, (ઉં. વ. ૮૬)અરીહંત શરણ શુક્રવાર ૧૧.૧૦.૨૪ને થયેલ છે. તે શાંતાબેનના પતિ, રમેશ, લાખન, પ્રીતમ, ભાનુબેનના પિતા, સરોજ, હેમા, ઉષા, અશોકજીના સસરા, સોહનલાલ, ચંપાલાલ, લલિત, મહાવીરના ભાઈ, સસુરાલ પક્ષઃ સ્વ. લાલચંદજી, નેમીચંદજી, પુત્ર - મોહનલાલજી, સ્વ. ઇન્દ્રચંદજી, જયંતીલાલજી અને રાણાવત (બાલી, રાજસ્થાન). ભાવયાત્રા ૧૪.૧૦.૨૪ સોમવાર, જવાહર નગર હોલ, ૨૭, રોડ ન. ૪, જવાહર નગર, સીટી ચેન્ટરના સામે, એસ. વી. રોડ, ગોરેગાવ (પ.)મા ૧૦:૩૦થી ૧૨:૩૦. બન્ને પક્ષની ભાવયાત્રા સાથે.

**ઝાલાવાડી વિશા શ્રી. મૂ.જૈન**

વઢવાણ નિવાસી હાલ મલાડ મુંબઇ સ્વ. સવિતાબેન મોહનલાલ મનજીભાઇ શાહના પુત્રવધુ. ડો. ભૂપેન્દ્રભાઇ જૈનના ધર્મપત્ની ઉષાબેન (ઉં.વ. ૭૭) તે ડો. ચિરાગ, ડો. ધવલના માતુશ્રી. ડો. પ્રાચી, ડો. હિરલના સાસુ. તે ધ્વનિ, નીલ, અર્ણવ, એંજલના દાદી. તે લક્ષ્મીબેન જીવણલાલ વાડીલાલ વોરાની સુપુત્રી તા. ૧૧-૧૦-૨૪ના શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

## બાબા સિદ્દિકીની હત્યા



## રાજકીય સન્માન સાથે દફનવિધિ

મુંબઈ: શનિવારે મોડી રાતે ગોળી મારીને હત્યા કરાયેલા અજિત પવાર જૂથના નેતા બાબા સિદ્દીકીની મરીન લાઇન્સ ખાતે આવેલા બડા કબ્રસ્તાનમાં સંપૂર્ણ રાજકીય સન્માન સાથે દફનવિધિ પાર પાડવામાં આવી હતી.

# ‘સલમાન ખાન, દાઉદની મદદ કરી છે તો હિસાબ ચૂકતો કરીશું’

## બિશ્નોઇ ગેંગના નામે કરવામાં આવેલી પોસ્ટની તપાસ

મુંબઈ: બાબા સિદ્દિકીની ચકચારજનક હત્યા બાદ આ હત્યા પાછળ લૉરેન્સ બિશ્નોઇ ગેંગનો હાથ હોવાનું કહેવામાં આવી રહ્યું છે અને તેનું કારણ છે એક સોશિયલ મીડિયા પોસ્ટ. સોશિયલ મીડિયા પર શબ્બુ લોણકર નામના એકાઉન્ટ દ્વારા એક પોસ્ટ કરવામાં આવી હતી, જેમાં તે લૉરેન્સ બિશ્નોઇ ગેંગનો માણસ હોવાનું અને આ જ ગેંગ દ્વારા સિદ્દિકીની હત્યા કરવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. હવે પોલીસ શું આ ફેક એટલે કે નકલી એકાઉન્ટ છે કે પછી ખરેખર આ વ્યક્તિ લૉરેન્સ બિશ્નોઇ ગેંગની છે તેમ જ શું ખરેખર આ દાવો સાચો છે કે નહીં, તેની તપાસમાં લાગી ગઇ છે. પોસ્ટમાં લખવામાં આવ્યું છે કે ઓમ જય શ્રી રામ, જય ભારત. અમે જીવનનું મૂલ્ય સમજીએ છીએ અને શરીર તેમ જ ધનને ધૂળ સમાન માનીએ છીએ. અમે જે કર્યું તે સત્કર્મ હતું. અમે મૈત્રીધર્મનું પાલન કર્યું છે. સલમાન ખાન, અમને આ લડાઇ નહોતી જોઇતી, પરંતુ તેં અમારા ભાઇને નુકસાન પહોંચાડ્યું છે. જે બાબા સિદ્દિકીની ચર્ચા થઇ રહી છે તે એક વખતે સલમાન ખાન સાથે મકોકા(મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઑફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ ઍક્ટ) કાયદામાં નોંધાયેલા ગુનામાં સહભાગી હતો. અનુજ થાપન, દાઉદ ઇબ્રાહિમને બોલિવૂડ સાથે જોડવા બદલ અને પ્રોપર્ટીના સોદાઓ માટે તેની હત્યા કરવામાં આવી છે. અમારી કોઇની સાથે દુશ્મનાવટ નથી, પણ જે લોકો સલમાન ખાન અને દાઉદ ગેંગની મદદ કરશે તે લોકોનો હિસાબ ચૂકતો કરવામાં આવશે. અમારા ભાઇઓને મારશો તો તેનો બદલો લેવામાં આવશે જ. અમે ક્યારેય મહિલાઓને નુકસાન પહોંચાડ્યું નથી. જય શ્રી રામ, જય ભારત, શહીદોને સલામ. ■

## ગુરમૈલ સિંહને પોલીસ કસ્ટડી ફટકારાઇ: તેના સાથીદારે કોર્ટમાં કર્યો સગીર હોવાનો દાવો



હત્યાના આરોપીઓ

મુંબઈ: બાબા સિદ્દિકીની હત્યાના કેસમાં પકડાયેલા બે આરોપીઓમાંથી એકને રવિવારે કોર્ટે ૨૧ ઑક્ટોબર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી, જ્યારે બીજા આરોપી ધર્મરાજ કાશ્યપે પોતે સગીર હોવાનો દાવો કોર્ટમાં કર્યો હતો. આથી તેની ઉંમર નક્કી કરવા માટે કોર્ટે પોલીસે બોન ઓસિફિકેશન ટેસ્ટ કરાવવાના નિર્દેશ આપ્યા હતા. પોલીસને ઉપરોક્ત ટેસ્ટ કરાવ્યા બાદ આરોપીને ફરીથી કોર્ટમાં હાજર કરવાના નિર્દેશ આપવામાં આવ્યા હતા. ત્યાર (જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈમાં સાંજ બાદ વીજળીના કડાકા સાથે વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં છેલ્લા ચારેક દિવસથી રોજ સાંજ પડવાની સાથે જ વીજળીના કડાકા સાથે વરસાદ પડવાનું ચક્ર ચાલી રહ્યું છે. રવિવારે બપોર સુધી તડકો રહ્યા બાદ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. વાદળિયું વાતાવરણ રહ્યા બાદ છેક મોડી સાંજે વરસાદ તૂટી પડયો હતો. રવિવારે રાતના લગભગ આઠેક વાગ્યાની આસપાસથી મુંબઈના અમુક વિસ્તારમાં પવન ફૂંકાવાની સાથે જ વીજળના ગડગડાટ સાથે વરસાદ તૂટી પડ્યો હતો. જોકે અડધો પોણો કલાક પડયા બાદ વરસાદ થંભી ગયો હતો.

વરસાદ પડવાને કારણે વાતાવરણમાં થોડી થંડક વ્યાપી ગઈ હતી. દિવસ દરમિયાન મુંબઈમાં ગરમી અને ઉકળાટ રહ્યો હતો. દિવસ દરમિયાન કોલાબામાં મહત્તમ તાપમાન ૩૨.૮ ડિગ્રી અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૭ ડિગ્રી તો સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૨.૭ ડિગ્રી અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૩ ટકા નોંધાયું હતું. નોંધનીય છે કે મુંબઈમાં સત્તાવાર રીતે ચોમાસાની વિદાય આઠથી દસ ઑક્ટોબરની વચ્ચે થતી હોય છે. પરંતુ આ વર્ષે ચોમાસાની વિદાય લંબાઈ ગઈ છે. ■

## મુખ્ય પ્રધાનના ઘરની સુરક્ષા પણ વધારાઇ

બાબા સિદ્દિકીની હત્યા બાદ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નિવાસસ્થાન બહાર સુરક્ષા વધારી દેવામાં આવી હતી. શિંદેના સત્તાવાર નિવાસસ્થાન ‘વર્ષા’ બંગલોની બહાર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને સાથે સાથે સલમાન ખાનના ઘરની બહારની સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે. ■

## હત્યા પૂર્વ-નિયોજિત?

મુંબઈ: રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (એનસીપી)ના અજિત પવાર જૂથમાં જોડાયેલા બાબા સિદ્દિકીની હત્યા પૂર્વ-નિયોજિત હોવાની પોલીસને શંકા છે. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ક્રાઇમ બ્રાન્ચ આ કેસમાં ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજનાને લઇ ધમકી, વ્યવસાયિક દુશ્મનાવટ સહિત વિવિધ પાસાંની તપાસ કરી રહી છે. બાબા સિદ્દિકીની હત્યા બાદ ક્રાઇમ બ્રાન્ચ તથા ફોરેન્સિક ટીમે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને વધુ માહિતી મેળવવા માટે સીસીટીવી કેમેરાના ફૂટેજ પણ તપાસવામાં આવ્યા હતા. ■

## અન્ય પણ કોઇને મારવાની યોજના હતી?

મુંબઈ: બાબા સિદ્દિકીની હત્યાના કેસમાં ધરપકડ કરાયેલા બંને આરોપી પાસેથી મેગેઝિન સાથેની બે પિસ્તોલ, ૨૮ જીવંત કારતૂસ, ચાર મોબાઇલ અને બે આધાર કાર્ડ જપ્ત કરવામાં આવ્યાં હતાં, એમ પોલીસે જણાવ્યું હતું.

સરકારી વકીલે કોર્ટને કહ્યું હતું કે આરોપીઓ પાસેથી ૨૮ જેટલી કારતૂસ જપ્ત કરવામાં આવી હોઇ આરોપીઓ હત્યા કર્યા બાદ મુંબઈથી ફરાર થઇ જવાના હતા કે પછી અન્ય કોઇની હત્યા કરવાની તેમની યોજના હતી? ચૂંટણી નજીક આવી રહી હોવાથી પોલીસ એ તપાસ કરી રહી છે કે આરોપી શું અન્ય કોઇને નિશાન બનાવવાના હતા?

તેમણે એમ પણ કહ્યું હતું કે બાબા સિદ્દિકીની હત્યા પાછળના હેતુની પોલીસ (જુઓ પાનું ૪) ▶▶

## પોલીસને મળી છે મહત્ત્વની જાણકારી, હાલ જાહેર ન કરી શકાય: ફડણવીસ

મુંબઈ: રાજ્યના ગૃહ પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ભૂતપૂર્વ પ્રધાન તેમ જ આ વર્ષે જ કૉંગ્રેસ છોડીને અજિત પવાર જૂથમાં સામેલ થનારા નેતા બાબા સિદ્દીકીની હત્યા પ્રકરણે જાણકારી આપી હતી.

તેમણે કહ્યું હતું કે બાબા સિદ્દીકીની હત્યા પાછળ શું કારણ હોઇ શકે તેના વિવિધ પાસાઓની ચકાસણી થઇ રહી છે. પોલીસને આ હત્યા વિશે મહત્ત્વની જાણકારી મળી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

ગોંદિયા ખાતે પત્રકારો સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે બધા જ આ ઘટનાના કારણે આઘાતમાં છીએ. બાબા સિદ્દીકી મારા ઘણી જ નજીક હતા. અમે વર્ષો સુધી સાથે કામ કર્યું હતું. પોલીસને તેમની હત્યા વિશે મહત્ત્વની જાણકારી મળી છે, પરંતુ એ વિશે હું હમણાં જણાવી નહીં શકું. એક વખત બધી કાયદાકીય પ્રક્રિયા પૂરી થઇ જાય ત્યાર પછી પોલીસ આ વિશે જાહેરમાં માહિતી આપશે.

શરદ પવારે આ ઘટના બાદ ફડણવીસના રાજીનામાની માગણી (જુઓ પાનું ૪) ▶▶

## સિદ્દીકીનું અંતિમ ટ્વિટ

સિદ્દીકીએ વિજયાદશમીના અવસર પર લોકોને શુભ કામના આપી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર તેણે સવારે ૧૧.૧૧ કલાકે ટ્વિટ કર્યું હતું. ટ્વિટમાં સિદ્દિકીએ લખ્યું હતું કે, તમામને દશેરાની શુભ કામના. આ દશેરા તમામ માટે સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે. ■

## દિલ્હી પોલીસ મુંબઈ આવશે

બાબા સિદ્દિકીની હત્યાના કેસની તપાસ કરવા માટે દિલ્હી પોલીસની એક સ્પેશિયલ ટીમ મુંબઈ આવશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલની ટીમ સિદ્દિકીની હત્યાની તપાસમાં મદદ કરવા માટે મુંબઈમાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર બાબા સિદ્દિકીની હત્યા પાછળ ગેન્ગસ્ટરનો હેતુ મુંબઈમાં પોતાનો પ્રભાવ નિર્માણ કરવાનો હતો. ■

## આરોપીઓએ સાથે રાખ્યું હતું મરચાનું સ્પ્રે!

મુંબઈ ક્રાઇમ બ્રાંચના અધિકારીએ જણાવ્યા અનુસાર આરોપીઓ પોતાની સાથે મરચાનું સ્પ્રે પણ લઇને આવ્યા હતા. પહેલા આરોપીઓ મરચાના સ્પ્રેનો ઉપયોગ કરી ત્યાર પછી ગોળીબાર કરવાના હતા, પરંતુ ત્રીજા આરોપી શિવકુમાર ગૌતમે સીધો ગોળીબાર જ શરૂ કરી દીધો હતો. અન્ય આરોપી ધર્મરાજ કશ્યપ પાસેથી પોલીસને મરચાનું સ્પ્રે મળી આવ્યું હતું. ■

### મુંબઈ મર્ડર મિસ્ટરી

## રાજનેતાઓની હત્યાનો દોર હજી યથાવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઇંદીરા ગાંધી હોય કે રાજીવ ગાંધી કે પછી ગાંધીજી (મોહનદાસ કરમચંદ ગાંધી, રાજનેતાઓ કે રાજકારણથી જોડાયેલા લોકોની હત્યાનો સિલસિલો હજી અકબંધ છે અને રાજકીય કારણોસર હોય કે પછી અંગત કારણોસર એકબીજાના લોહીના તરસ્યા થયેલા લોકો હજી પણ અસ્તિત્વમાં છે તે મુંબઈમાં બાબા સિદ્દિકીની હત્યા બાદ પુરવાર થયું છે.

મુંબઈમાં જ થયેલી રાજનેતાઓની હત્યા ઉપર નજર નાખીએ તો મોટા મહાનુભવોનું કાસળ કાઢી નાખવામાં આવ્યું હોવાનું અનેક વખત બન્યું છે. એ તમામ ઘટનાઓ પર નજર નાખીએ.

**ગોપીનાથ મુંડે:** ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન રહી ચૂકેલા ભાજપના નેતા ગોપીનાથ મુંડે મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની હતી તેની પહેલા ૩ જૂન, ૨૦૧૪ના રોજ નવી દિલ્હીના સફદરજંગ રોડ અને પૃથ્વીરાજ રોડ દરમિયાન પ્રવાસ કરી રહ્યા હતા ત્યારે તેમનો અકસ્માત થયો હતો. આ અકસ્માત કોઇ દુર્ઘટના નહીં, પરંતુ કાવતરું હોવાની પણ અનેક ‘કોન્સિપરસી થિયરીઝ’ એટલે કે ષડયંત્રની કહેવાતી વાતો ચાલતી આવી છે. જોકે, આ ઘટના બાદ થયેલી ચૂંટણીમાં તેમના પુત્રી પંકજા મુંડે વિજયી થયાં હતાં. ગોપીનાથ મુંડેના મૃત્યુને પગલે તેમને સહાનુભૂતિના મત મળ્યા હોવાનું પણ કહેવાય છે.





**પ્રમોદ મહાજન:** ભાજપના નેતા તેમ જ ભૂતપૂર્વ પ્રધાન પ્રમોદ મહાજનની હત્યા તેમના જ ઘરે તેમનાથી છૂટા પડી ગયેલા ભાઇ પ્રવીણ મહાજને તેમની લાઇસન્સવાળી .૩૨ બ્રાઉનિંગ પિસ્તલથી ગોળી મારીને કરી હતી. આ ઘટના ૨૨ એપ્રિલ, ૨૦૦૬ના રોજ બની હતી.

**મહેશ ગાયકવાડ હત્યાકાંડ:** ભાજપના વિધાનસભ્ય ગણપત ગાયકવાડે જમીન વિવાદના પગલે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનાના નેતા મહેશ ગાયકવાડ ઉપર પોલીસ સ્ટેશનમાં જ ગોળીબાર કર્યો હતો, જેમાં મહેશનું મોત નિપજ્યું હતું. ઉલ્હાસનગરના હિલ લાઇન પોલીસ સ્ટેશનમાં ૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ આ ઘટના બની હતી, જેને પગલે મહારાષ્ટ્રના રાજકારણમાં તેમ જ મહાયુતિમાં પણ ખળભળાટ મચી ગયો હતો. આ પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટરના ચેમ્બરમાં જ આ ઘટના બની હતી.



**અભિષેક ઘોસાળકર:** શિવસેનાના વિભાગ પ્રમુખ તેમ જ પ્રધાન રહી ચૂકેલા વિનોદ ઘોસાળકરના પુત્ર અભિષેક ઘોસાળકર, જે પોતે નગરસેવક રહી ચૂક્યા હતા. તેનું કારણ હતું કે આ હત્યાના સાક્ષી હજારો લોકો બન્યા હતા. ફેસબુક લાઇવ ચાલું હતું ત્યારે અભિષેકની એ વખતે તેની જ સાથે હાજર રહેલા સામાજિક કાર્યકર મૌરિસ નોરોન્હાએ ગોળી મારીને હત્યા કરી હતી. આ આખી ઘટનાનો વીડિયો પણ ફેસબુક લાઇવ શરૂ હોવાના કારણે ઇન્ટરનેટ પર વાયરલ થઇ ગયો હતો.



**કમલાકર જામસાંડેકર:** ગેંગસ્ટરમાંથી રાજકારણી બની ગયેલા અરુણ ગવળીએ ૨૦૦૭માં એ સમયની અવિભાજિત શિવસેનાના નગરસેવક કમલાકર જામસાંડેકરની હત્યા કરી હતી. જામસાંડેકરના ઘટકોપર (વેસ્ટ)માં આવેલા નિવાસસ્થાનની બહાર જ તેમની હત્યા કરવામાં આવી હતી. મુંબઈ ક્રાઇમ બ્રાંચે આ હત્યાનો કેસ પોતાના હાથમાં લીધો ત્યાર પછી આ હત્યામાં અરુણ ગવળીનો હાથ હોવાનું જણાયું હતું અને આ કેસમાં ગવળીને જેલવાસ પણ ભોગવવો પડ્યો હતો અને હજી પણ તે જેલમાં જ છે. ■



## હત્યા પર રાજકારણ ન કરો: અજિત પવાર



ઝિશાન સિદ્દીકીને આશ્વાસન આપતા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર

મુંબઈ: નાયબ મુખ્ય પ્રધાને બાબા સિદ્દિકીની હત્યા બાદ વિપક્ષો દ્વારા સરકાર પર કરવામાં આવી રહેલા પ્રહારનો જવાબ આપતા કહ્યું હતું કે આ મુદ્દે રાજકારણ કરવું ન જોઇએ. જ્યાં સુધી જવાબદાર આરોપીઓને પકડીને સજા ન આપે ત્યાં સુધી સરકાર નહીં જંપે. આ ઘટનાથી અમારું હૃદય દ્રવી ઉઠ્યું છે. આ ફક્ત કોઇ રાજકીય નુકસાન નથી, પરંતુ આ અમારું અંગત નુકસાન થયેલું છે. આ ઘટનાથી અમે બધા જ આઘાતમાં છીએ. આ ઘટનાને રાજકીય રંગ આપવાની લાલસા લોકો રોકે એવી મારી વિનંતી છે. આ સમય ભાગલા પાડવાનો, વિભાજન કરવાનો કે અન્ય કોઇના દુઃખથી રાજકીય સ્વાર્થ ખાટવાનો નથી. હાલ આપણું ધ્યાન પીડિત કુટુંબને ન્યાય મળે તેના પર હોવું જોઇએ. ■

## વિપક્ષની સત્તાધારી પક્ષ પર ધડાકાબાજી

મુંબઈ: બાબા સિદ્દીકીની હત્યા થયા બાદ વિપક્ષોએ સત્તાધારી પક્ષ પર જોરદાર હલ્લાબોલ કર્યો હતો અને મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને ગૃહ પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના રાજીનામા સુધ્ધાંની માગણી કરી હતી. શરદ પવાર જૂથની એનસીપી(રાષ્ટ્રવાદી કૉંગ્રેસ), ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેના અને કૉંગ્રેસના નેતાઓએ આ ઘટનાની નિંદા કરવા ઉપરાંત સરકાર પર નિશાન સાધ્યું હતું.

શરદ પવાર જૂથના નેતા જયંત પાટીલે સરકારને (જુઓ પાનું ૪) ▶▶

## ચોકમાં ઊભો કરીને ગોળી મારી દો : આરોપીની દાદી

મુંબઈ: સિદ્ધિકીની હત્યાના એક આરોપી ગુરમૈલ સિંહ આ પહેલા પણ હત્યાના કેસમાં જેલવાસ ભોગવી ચૂક્યો હોવાનું જણાયું હતું. તેની દાદી ફુલ્લી દેવીએ તો એમ કહી દીધું હતું કે અમે ઘણા વખત પહેલા જ ગુરમૈલને ઘરમાંથી કાઢી મૂક્યો હતો. એ અમારી માટે મરી ચૂક્યો છે. તેને ચોકમાં ઊભો રાખી ગોળી મારી દો. અન્ય આરોપી ધર્મરાજ કશ્યપની માતાએ આ પ્રકરણે કહ્યું હતું કે અમને સવારે જ આ ઘટના વિશે માહિતી મળી. મારો દીકરો પુણેમાં ભંગારનું કામ કરતો હતો અને એ માટે જ પુણે જઇ રહ્યો હોવાનું તેણે અમને કહ્યું હતું. ■

## મુખ્ય પ્રધાન શિંદે દ્વારા ઉદ્‌ઘાટનોનો ધમધમાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: થાણે તેમ જ મુંબઈમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દ્વારા રવિવારે વિવિધ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું અને એ દરમિયાન તેમણે મરાઠી ભાષા ભવનનું પણ ઉદ્‌ઘાટન વખતે કહ્યું હતું કે મરાઠી ભાષાને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો મળતા હવે મરાઠી ભાષાનો ડંકો ચોતરફ ગાજશે. મરાઠી ભાષાને વધુ સમૃદ્ધ કરવા માટે ભવિષ્યમાં પણ સતત પ્રયાસો કરવામાં આવશે. આ ભવનના કારણે મરાઠી ભાષાના સંવર્ધન, સંશોધન અને પ્રસારને વધુ વેગ મળશે. મરાઠી ભાષા બે હજાર વર્ષ કરતાં વધુ જૂની છે અને આ ભાષાને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો મળે એ માટે બધા દ્વારા કરવામાં આવેલા સકારાત્મક પ્રયાસોના કારણે આ શક્ય બન્યું છે.

બીજી બાજુ મુખ્ય પ્રધાન શિંદે દ્વારા સાયન-પનવેલ હાઇ-વે પર થાણે ખાડી પૂલ-૩ની ઉત્તર બાજુનું ઉદ્‌ઘાટન પણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન જણાવ્યું હતું કે રાજ્યમાં તમે કોઇપણ જગ્યાએ જાવ ત્યાં (જુઓ પાનું ૪) ▶▶

## વિકાસકામોના લોકાર્પણ અને ભૂમિપૂજન

મુંબઈ: મુંબઈ સહિત રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં હાથ ધરવામાં આવનારા વિકાસકામોનું મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના હસ્તે રવિવારે લોકાર્પણ અને ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું, જેમાં સાયન-પનવેલ હાઈવે પર થાણે ખાડી પરના ત્રીજા પુલનું ઉદ્‌ઘાટન, સિંધુદુર્ગમાં રેડી અને રેવાસ તથા રાયગઢવચ્ચે ખાડી પર સાત નવા પુલના ભૂમિપૂજન વગેરે કામનો સમાવેશ થાય છે.

આગામી દિવસોમાં રાજ્યની વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થવાની સાથે જ આચરસંહિતા અમલમાં આવવાની શક્યતાને પગલે રાજ્ય સરકાર દ્વારા મુંબઈ મહાનગપાલિકાના વિવિધ વિકાસકામ સહિત રાજ્યના અનેક વિકાસના કામોના કરોડો રૂપિયાના પ્રોજેક્ટનું લોકાર્પણ અને (જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈ સેન્ટ્રલમાં પાટા પરથી લોકલ ટ્રેન ઊતરી

### પ્રવાસીઓનો રવિવારનો દિવસ બગાડ્યો

મુંબઈ: પશ્ચિમ રેલવેમાં રવિવારે મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનના યાર્ડમાં લોકલ ટ્રેનના ડિરેલમેન્ટને કારણે લોકલ ટ્રેનસેવા પર બ્રેક વાગી હતી. રવિવાર બપોરના બાર વાગ્યાના સુમારે આ બનાવ બન્યો હતો, જેમાં કોઈને જાનહાનિ થઈ નહોતી, પરંતુ તેને કારણે સ્લો લાઈનના કોરિડોરને અસર થઈ હતી. મુંબઈ સેન્ટ્રલથી ચર્ચગેટની ટ્રેનોને રોકી દેવામાં આવી હતી, પરિણામે લોકલ ટ્રેનમાં ટ્રાવેલ કરવામાં પ્રવાસીઓને હાલાકી પડી હતી. રવિવારે રજાનો દિવસ હોવાથી બહાર ફરવા નીકળનારા હજારો પ્રવાસીઓને ચર્ચગેટ સુધી પહોંચવામાં પરેશાની ભોગવવી પડી હતી.

બપોરના બાર વાગ્યાના સુમારે મુંબઈ સેન્ટ્રલ સ્ટેશને લોકલ ટ્રેન એન્ટર થતી વખતે ટ્રેનના બે કોચ ટ્રેક પરથી ઉતરી ગયા હતા, પરિણામે મુંબઈ સેન્ટ્રલથી ચર્ચગેટની ટ્રેનસેવા પર ગંભીર અસર થઈ હતી. ચર્ચગેટથી મુંબઈ સેન્ટ્રલની ટ્રેનોને ફાસ્ટ કોરિડોરમાં ડાઈવર્ટ (જુઓ પાનું ૪) ▶▶

## બાબા સિદ્દીકીની હત્યા બાદ સલમાન ખાનની સુરક્ષા વધારવામાં આવી

મુંબઇ: બાબા સિદ્દીકીના શૂટરોએ પોલીસ તપાસમાં તેઓ લોરેન્સ બિશ્નોઇ ગેંગના હોવાનું જણાવ્યું છે. પોલીસનું માનવું છે કે ભલે મર્ડર બાબા સિદ્દીકીનું થયું, પણ લોરેન્સ ગેંગનો સ્પષ્ટ મેસેજ સલમાન માટે હોઇ શકે છે. આ ઘટના બાદ ભાઈજાન પણ કડક સુરક્ષા વચ્ચે જોવા મળી રહ્યો છે. ઈન્ટરનેટ પર સામે આવેલા વીડિયોમાં સલમાન ખાન કડક સુરક્ષા વચ્ચે જોવા મળી રહ્યો છે. રિપોર્ટ્સનું માનીએ તો ખબર છે કે બાબા સિદ્દીકીની હત્યા બાદ સલમાન ખાનની સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે. પોલીસે સલમાન ખાનને ભીડભાડવાળા સ્થળેથી દૂર રહેવાની સૂચના આપી છે. ભાઇજાનને બાબા સિદ્દીકીની હત્યાની જાણકારી મળી ત્યારે તેઓ તેમનું શૂટિંગ અટકાવી તેમની હાલત જાણવા હૉસ્પિટલ જવા લાગ્યા હતા. એ સમયે પણ પોલીસે સુરક્ષાના કારણોસર તેમને હૉસ્પિટલમાં નહીં આવવાની સૂચના આપી હતી.

બાબા સિદ્દીકીની હત્યાના સમાચાર આવતા જ સલમાન ખાને બીગ બોસ ૧૮ નું શૂટિંગ અટકાવી દીધું હતું. બાબા સિદ્દીકી સલમાન ખાનના ખાસ મિત્ર હતા અને તેમની હત્યાથી સલમાન ખાનને ઘણો આઘાત લાગ્યો છે. આપણે જો હૉસ્પિટલમાં પહોંચેલા સેલિબ્રિટીઝની વાત કરીએ તો શિલ્પા શેટ્ટી તેના પતિ રાજ કુન્દ્રા સાથે હૉસ્પિટલમાં પહોંચી હતી તે સિવાય વીર પહાડિયા, સંજય દત્તની બહેન પ્રિયા દત્ત, સંજય દત, સોનાક્ષી સિંહાના પતિ ઝહીર ઈકબાલના પિતા ઈકબાલ રતનસિંહ સહિત ઘણા સેલિબ્રિટીઝ હૉસ્પિટલ પહોંચ્યા હતા. ■



## સલમાન ખાન સાથેની નિકટતા બાબા સિદ્દીકીની મોતનું કારણ?

મુંબઇ: સલમાન ખાન છેલ્લા ઘણા સમયથી લોરેન્સ બિશ્નોઇ ગેંગના નિશાના પર છે અને સલમાન ખાન બાબા સિદ્દીકીની પણ ઘણા નજીક હતા એટલે તેમને પતાવી નાખી એક સંદેશ ફેલાવવા માટે કે સલમાન સાથે દોસ્તી કરશો તો તમારા પણ આવા હાલ કરવામાં આવશે એવી પોલીસને શંકા છે. ઘટનાસ્થળેથી ૯.૯ એમએમની પિસ્તોલ મળી આવી છે, જેનો ઉપયોગ ફાયરિંગ દરમિયાન કરવામાં આવ્યો હતો, જ્યારે બાબા સિદ્દીકી પર ફાયરિંગ કરવામાં આવ્યું ત્યારે તેઓ તેમના પુત્ર જીશાન સિદ્દીકીની ઑફિસમાંથી બહાર આવી રહ્યા હતા. ■

## નવનીત રાણાને મળી ગેંગરેપની ધમકી: પત્રમાં લખ્યું પાકિસ્તાન ઝિંદાબાદ

મુંબઈ: ભારતીય જનતા પાર્ટીના નેતા અને મહારાષ્ટ્રના અમરાવતીના પૂર્વ સાંસદ નવનીત રાણાને ધમકીભર્યો પત્ર મળતા હોબાળો મચી ગયો છે. આ પત્રમાં નવનીત રાણાને ગેંગરેપની ધમકી મળી છે. પત્ર મોકલનારે તેનું નામ આમિર જણાવ્યું છે. તેમાં પાકિસ્તાન ઝિંદાબાદના નારા પણ લખેલા છે. ધમકી આપનારે ૧૦ કરોડ રૂપિયાની ખંડણી પણ માગી છે.

આ પત્રમાં નવનીત રાણાના પતિ રવિ રાણા વિશે અભદ્ર શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ધમકી આપનારે એમ પણ લખ્યું હતું કે હું હૈદરાબાદનો છું. મારો કોઈ પક્ષ સાથે સંબંધ નથી. તેણે કહ્યું કે મારા ભાઈ વસીમે તને દુબઈથી ફોન કર્યો હતો. આ પત્ર મોકલનાર વ્યક્તિએ પોતાનો મોબાઈલ નંબર પણ લખ્યો છે. આ મામલે રવિ રાણાના પર્સનલ આસિસ્ટન્ટ વિનોદ ગુહેએ શહેરના રાજાપેઠ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાવ્યો છે. પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી છે. નવનીત રાણાનું નામ ઘણા વિવાદોમાં સંકળાયેલું છે. હૈદરાબાદમાં એક રેલીમાં તેણે કહ્યું હતું કે જો પોલીસને ૧૫ સેકન્ડ માટે હટાવી દેવામાં આવે તો બંને ભાઈઓ ક્યાં ગયા તે ખબર નહીં પડે. તેમણે આ ટિપ્પણી ઓવૈસી ભાઈઓને ઉદ્દેશીને કરી હતી. ■

પ્રકરણ ૮૯



# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

'મિ. દીવાન, કુમારે રામપૂરી ચાકુ ખરીદ્યું એ તો તમે જાણો છો, કારણ કે એ જ દુકાનેથી તમે પણ ચાકુ ખરીદ્યું છે.' પોતાના શબ્દોની વિક્રમ પર શું અસર થાય છે એની પરવા કર્યા વિના ઈન્સ્પેક્ટરે પોતાની વાત ચાલુ રાખી :

'ગઈકાલ સુધી તો મને એમ જ હતું કે આ માણસ પોતાના સ્વબચાવ માટે છરી ખરીદે છે પણ આજે તો એ એક ડગલું આગળ વધ્યો.'

વાત કરવાની ઈન્સ્પેક્ટરની આ સ્ટાઈલ હતી. વિક્રમને લાગ્યું કે એને પૂછવું પડશે કે આજે કુમારે શું કર્યું?

'શું કર્યું કુમારે?' ઈચ્છા ન હોવા છતાં વિક્રમે પ્રશ્ન પૂછ્યો.

'મને લાગે છે કે આ માણસનો ઈરાદો કોઈ મોટો ગુનો આચરવાનો છે.'

'ઈન્સ્પેક્ટર, તમારું પેકેટ તમારા ઘરે પહોંચી જશે. તમારું સરનામું મને હવે મોઢે છે એટલે ફિકર કરતા નહીં. હવે ચૂપચાપ કહી દો કે કુમારે શું કર્યું?' વિક્રમની ધીરજ ખૂટતી હતી.

'અધીરા ન થાઓ મિ. દીવાન, ચૂપચાપ રહીશ તો હું વાત કેવી રીતે કહીશ?'

વિક્રમ આવેશમાં આવીને કંઈ કહે એ પહેલાં ઈન્સ્પેક્ટરે એને કહ્યું:

'કુમારે આજે એક રિવોલ્વર ખરીદી છે.'

વિક્રમ ચમકી ગયો. નાણાભીડમાં સતત રહેતો માણસ મોંઘી પિસ્તોલ શા માટે ખરીદે? વળી ગયેલા કર્જને કારણે જેને મૃત હોવાનું નાટક કરવું પડ્યું હોય એ આ રીતે શસ્ત્ર પાછળ રૂપિયા ન વેડફે. જરૂર કોઈ એવી વાત છે જે મને સમજાતી નથી... વિક્રમ વિચારતો હતો.

'મને લાગે છે કે રિવોલ્વર એણે સ્વરક્ષા માટે નથી ખરીદી.' થોડી ક્ષણ અટકીને ઈન્સ્પેક્ટરે ઉમેર્યું :

'મને ડર છે કે કુમાર કોઈનું ખૂન કરવા માગે છે.'

વિક્રમે છાતીનો એક ધબકાર ચૂકી ગયો.

ઈન્સ્પેક્ટરની આશંકા કદાચ સાચી હતી. સિયાલદાહની હોટલ છોડીને કુમાર અલીપુરના ગેસ્ટહાઉસમાં શા માટે રહેવા આવ્યો હતો? એને ખબર હતી કે વિક્રમ દીવાન પણ અલીપુરમાં જ રહે છે. હવે એણે રિવોલ્વર ખરીદી છે.

'ઈન્સ્પેક્ટર,' વિક્રમ ફોનમાં ચિલ્લાયો :

'તમે તમારી લાલચને કારણે એક ગુનેગારને ગુનો કરવાનો સમય આપી રહ્યા છો. વ્હાય ડોન્ટ યુ એરેસ્ટ હીમ? તમને તમારું પેકેચ મળી જશે, પણ તમે જઈને એને પકડો તો ખરા...'

'હા, હા, અમે એને આજે જ ગિરફતાર કરી લેશું. ડોન્ટવરી, તમને જે ડર છે એ ભય મને પણ છે. મને લાગે છે કે કુમાર તમારું મર્ડર કરવા માગે છે. ! '

વિક્રમનો પિત્તો ગયો :

'ઈન્સ્પેક્ટર, તમે હવે ટાઈમ વેડફો નહીં, હમમાં જ તાબડતોબ એને પકડી લો એટલે એ વધુ ડેમેજ કરતાં અટકી જાય. એને હા, એક કલાકની અંદર તમને તમારું પેકટ મળી જશે.'

'થેન્ક યુ દીવાનસાબ, તમે બહુ જ સમજદાર છો. હા, પણ એક સલાહ આપું?' ઈન્સ્પેક્ટરે આદતવશ કહ્યું.

વિક્રમને લાગ્યું કે ઈન્સ્પેક્ટર સાથે સંયમ અને શાંતિથી કામ લેવું પડશે એટલે એણે ગુસ્સે થવાને બદલે ચૂપ રહેવું મુનાસિબ માન્યું.

'દીવાનસાબ, તમે તમારું ધ્યાન રાખજો. મને લાગે છે કે જગમોહન દીવાન કરતાં તમારી જિંદગી વધુ જોખમમાં છે. પ્લીઝ ટેક કેર.'

'થેન્ક યુ ઈન્સ્પેક્ટર, આઈ વીલ ટેક કેર, હવે તમે ઊપડો અને પેલા બદમાશને એરેસ્ટ કરો....'

યસ સર, અમે એકાદ્ કલાકની અંદર જ એને હવાલાતમાં નાખી દેશું.'

ફોન મૂકતી વખતે ઈન્સ્પેક્ટર વિચારતો હતો કે કુમાર પેરેડાઈઝ ગેસ્ટહાઉસ'થી ગાયબ થઈ ગયો છે એ વિક્રમને ખબર પડે તો... પેકેટ ઘેર પહોંચી જાય પછી ભલે એને ખબર પડતી. ત્યાં સુધી આ વિશે ચુપકીદી સાધવી ઉચિત છે.

'ઈન્સ્પેક્ટરના બાતમીદારે જ્યારે થોડીવાર પહેલાં જ ફોન કરીને કહ્યું હતું કે સાહેબ, મને લાગે છે કે એ માણસને ગંધ આવી ગઈ એટલે જ એ હોટલના પાછલા ગેટથી રવાના થઈ ગયો છે...' ત્યારે ઈન્સ્પેક્ટર પ્રમાણિકને પોતાના માણસને એક લાફો ઝીંકી દેવાની ઈચ્છા થઈ આવી પણ એને લાગ્યું કે બહુ મોડું થઈ જાય એ પહેલાં વિક્રમને ફોન કરી લેવો જોઈએ.

'હવે વિક્રમ એમ સમજે છે કે કુમાર એરેસ્ટ થઈ જશે, જ્યારે કુમાર રિવોલ્વર લઈને નીકળી પડ્યો છે કોઈનું ખૂન કરવા....'

કદાચ વિક્રમ દીવાનનું...!

એની હત્યા થઈ જાય એ પહેલાં વિક્રમ દીવાન ઘરે પેકેટ મોકલાવી દે તો સારું...!

* * *

જગમોહન રામપૂરી ચાકુની ધાર પર પોતાની આંગળી ફેરવી રહ્યો હતો. હજી થોડી વાર પહેલાં જ વિક્રમ ચાકુ દઈ ગયો હતો.

'પપ્પા, કાલે રાતના દેતાં ભૂલી ગયો હતો.' એટલું કહીને વિક્રમ પીઠ ફેરવીને રવાના થઈ ગયો હતો.

આ ચાકુ મને કેટલું બચાવી શકશે? જગમોહન વિચારતો હતો. એની ડાબી આંખ ફરકતી હતી કે પછી એ એનો ભ્રમ હતો? મા ઘણીવાર કહેતી કે ડાબી આંખ ફરકે છે એટલે થોડી વાર બહાર જજે. મા અંધશ્રદ્ધાળુ નહોતી, એ અત્યંત પ્રેમાળ હતી એટલે એમની સલાહને તાર્કિક દૃષ્ટિથી જોવાનો અર્થ નહોતો.

આજે કદાચ એ ડરી રહ્યો હતો એટલે એની તર્કશક્તિ કુંઠિત થઈ ગઈ હતી.

જગમોહને ઘડિયાળમાં જોયું. બપોરના બે વાગ્યા હતા. સાંજના સાડા છ વાગ્યે તો કબીરનું પ્લેન કોલકાતા એરપોર્ટ પર લેન્ડ થશે અને સાડા સાત-આઠ સુધીમાં તો એ ઘરે આવી જશે.બસ સાડા પાંચ-છ કલાક સાચવવાના છે.

જગમોહને છરીની ધાર પર આંગળી ફેરવવાનું ચાલું રાખ્યું. ના, હાર નથી માનવી.

મને મારનાર વ્યક્તિ જીવતો તો પાછો નહીં જાય...

જોકે, ત્યારે એને ખબર નહોતી કે ત્રણ કલાકની અંદર એના ઘરમાં એક દુર્ઘટના સર્જાવાની હતી.

* * *

રિવોલ્વરને ખિસ્સામાં રાખીને કુમાર સામાન પેક કરવા લાગ્યો હતો. આજે સાંજના જ આ હોટલ છોડી દેવી પડશે. એ વિચારતો હતો. એણે ઘડિયાળ સામે જોયું.

બાર થયા હતા.

એ સાડા ત્રણ-ચાર વાગ્યે જગમોહન દીવાનના ફલેટમાં પ્રવેશ કરશે. જો ચાર વાગ્યા સુધીમાં જગમોહન દીવાનની હત્યા કરવાનું કામ પતી જાય તો હોટલ પર પરત આવીને સામાન લઈને સીધો હાવડા સ્ટેશન પહોંચી જશે.

ત્યાર બાદ તો કોઈ પણ ટ્રેન પકડીને એ કોલકાતા છોડી દેશે. પોલીસ એને શોધવા સક્રિય થાય એ પહેલાં તો એ શહેરથી ખૂબ દૂર ચાલ્યો જશે.

ત્યારે અચાનક કુમારની નજર બારીની બહાર પડી.સામેની ફૂટપાથ પર એક માણસ ઊભો હતો.

આ માણસને ક્યાંક જોયો છે... ક્યાં જોયો છે? હા, યાદ આવ્યું. એ ચાંદનીમાં ચાકુની દુકાન શોધતો હતો ત્યારે એણે આ માણસને જોયો હતો.

એનો અર્થ એ છે કે કોઈ એનો પીછો કરી રહ્યું છે. એણે ચાકુ અને રિવોલ્વર ખરીદ્યાં એની પણ ખબર પેલા માણસને છે.

કુમારે રિસેપ્શનમાં ફોન કરીને પોતાનું બીલ રેડી રાખવા કહ્યું. વીસ મિનીટની અંદર તો એ હોટલનું બીલ ચુકવીને પાછલા દરવાજેથી હોટલ છોડી ચૂક્યો હતો.

એ જ્યારે ટેક્સીમાં બેઠો ત્યારે એણે રાહતનો શ્વાસ લીધો. હાશ, છેલ્લી ઘડીએ બચી ગયો.

'હું તો બચી ગયો,પણ મિસ્ટર જગમોહન દીવાન, કારણ કે મોત તારા ભાગ્યમાં લખાયું છે અને મારા ભાગ્યમાં તારું ખૂન કરવાનું લખાયું છે....!'

કુમારે ફરી એક વાર ઘડિયાળ સામે જોયું. સાડા બાર થયા હતા. પોતાનું મિશન પૂરું કરતાં પહેલાં એણે હજુ ત્રણ કલાક પસાર કરવાના હતા....

* * *

બપોરના ત્રણ વાગ્યે કોલકાતાનો અલીપુર વિસ્તાર રાબેતા મુજબ ટ્રાફિકથી ઊભરાતો હતો, પણ જગમોહન દીવાનના ફલેટમાં એક અજીબ સન્નાટો છવાયેલો હતો.

જગમોહન એના બેડરૂમમાં લગાડેલી ગ્રાન્ડફાધર ક્લોકમાં પડતા ઘડિયાળના ટકોરા ગણી રહ્યો હતો.

હવે સાડા ચાર કલાક. બસ, પછી તો કબીર આવી જશે. એનો યાર, જિગરી દોસ્ત, અંતરંગ મિત્ર.

બસ.... પછી જિંદગી એને હવાલે કરી દઈશ, જગમોહન વિચારતો હતો...

વિક્રમ અને પૂજા એના રૂમમાં હતાં.

'મહેરબાની કરીને બપોરના તું સૂઈ જતી નહીં, નહીંતર વળી ઊંઘમાં ચાલવા માંડીશ...' એ પૂજાને કહી રહ્યો હતો.

'બંને વાત પર મારો કન્ટ્રોલ નથી. ઊંઘ પર અને ઊંઘમાં ચાલવાની આદત પર.' પૂજાએ જવાબ આપ્યો.


વિક્રમ મોઢું બગાડ્યું અને ફરી પોતાના પ્લાનને છેલ્લો આકાર આપવામાં લાગી ગયો...

બીજી તરફ, કરણ ઉદાસ ચહેરે એના રૂમમાં પડ્યો હતો. રૂપાએ ધમકી આપ્યા બાદ એ વધુ ચિંતિત થઈ ગયો હતો. એ કૈલાશને પરણી જાય એ પહેલાં પચ્ચીસ લાખ મેળવવાની યોજના પર એ એકવાર ફરી વિચાર કરી ગયો. એને પોતાની યોજના ફૂલ-પ્રૂફ લાગતી હતી....

આ દરમિયાન , જતીનકુમાર પ્ત્ની રેવતીને કહી રહ્યાં હતા :

'આ કરણ ક્યાં છે? એ જ્યારે ઘરમાં ન હોય ત્યારે કહેજે, મારે એના રૂમમાં જવું છે.'

'ભગવાનને ખાતર તમે કાંઈ આડુંઅવળું કરવાનું માંડી વાળજો.' રેવતીએ હાથ જોડીને કહ્યું.




'તારું તો માથું ખરાબ થઈ ગયું છે. હું મારી એક ખોવાયેલી વસ્તુને શોધી રહ્યો છું.'

'જયને થતું હતું કે એ બહાર ચાલ્યો ગયો હોત તો ઠીક રહેત. નાહકનો બહેને એને બહાર જતાં રોકી દીધો. એણે પોતાનો સેલ ઉપાડીને પપ્પાનો નંબર ઘુમાવ્યો....

ગાયત્રી ગેસ્ટરૂમમાં આરામ કરતી હતી. રિવોલ્વર એણે પોતાના તકિયાની નીચે છુપાવી હતી. ગમે તે ક્ષણે જરૂર પડી જાય અને સૂટકેસમાંથી કાઢવાનો સમય ન મળે તો...

આજે કદાચ રિવોલ્વરનો ઉપયોગ કરવો પડશે એવું ગાયત્રીને લાગવા માંડ્યું હતું. અંધશ્રદ્ધામાં એને વિશ્વાસ નહોતો પણ કોણ જાણે કેપ અંદરથી સ્ફુરણા થતી હતી. ગાયત્રીના શરીરમાં ઉત્તેજના વ્યાપી ગઈ : શિક્ષકની પુત્રી રિવોલ્વરનો ઉપયોગ કરશે...?

પ્રભા એના બેડરૂમમાં સૂવાની ચેષ્ટા કરતી હતી પણ ઊંઘ નહોતી આવતી. એણે ત્રાસી આંખે જોયું. જગમોહન હજી હાથમાં ચાકુ લઈને વિચારમગ્ન સ્થિતિમાં બેઠો હતો.

સવારની મીટિંગમાં એણે કદાચ થોડાં આકરાં વેણ કહી દીધાં એવું પ્રભાને લાગતું હતું. એની આંખો ઘેરાતી હતી પણ મન અંદરથી ડંખતું હતું. દીકરી સાથે વાતચીત કરવાથી મન હળવું થશે એમ વિચારીને પ્રભા ઊભી થઈને બહાર નીકળી ગઈ. જગમોહન એને જતાં જોઈ રહ્યો.

દીવાન પરિવારમાં સૌ જાણે કંઈ બનવાની રાહ જોઈ રહ્યાં હતાં.જેમ જેમ સમય પસાર થતો હતો તેમ તેમ બધાને વિશ્વાસ થવા માંડ્યો કે હવે કંઈ જ નહીં બને.એવું લાગતું હતું કે દીવાન પરિવારની દિશામાં ફૂંકાતા વાવાઝોડાએ પોતાનો માર્ગ બદલી લીધો છે.

જ્યારે દીવાલ પર લાગેલી ક્લોકમાં પાંચના ટકોરા પડ્યા ત્યારે જગમોહનનું હૃદય આનંદથી ઊછળી પડ્યું.

હાશ! હવે કંઈ નહીં થાય, હવે થોડી વારમાં જ કબીર આવશેઃ ત્યારે એને લાગ્યું કે એના બેડરૂમનો દરવાજો કોઈ ખોલી રહ્યું હતું.

પ્રભાના ગયા બાદ એણે બેડરૂમનો દરવાજો બંધ નહોતો કર્યો.. જગમોહન ડરી ગયો. શું છેલ્લે છેલ્લે એ બાજી હારી જશે? શું જિંદગી હાથમાંથી સરકી જશે?

એ ચૂપચાપ હાથમાં ચાકુ લઈને બારણાંની ઊંધી દિશા તરફ સરક્યો.

બારણું ખોલવાનો અવાજ વાતાવરણના સન્નાટાને ચીરી રહ્યો હતો.

* * *

પહેલીવાર બહાર કોરિડોરમાં કોઈના ચાલવાનો અવાજ આવ્યો ત્યારે ગાયત્રીને થયું કે એ એનો ભ્રમ હતો. એણે ઘડિયાળમાં જોયુ, પાંચ વાગવામાં પાંચ મિનિટ બાકી હતી. બની શકે કે ઘરની વ્યક્તિ પોતાના રૂમમાંથી નીકળી કિચન તરફ જતી હોય.

થોડી ક્ષણ પુનઃ શાંતિ છવાયેલી રહી. ફરી જાણે કોઈ દબાતે પગલે ચાલતું હોય એવા ભણકારા વાગવા માંડ્યા.

ગાયત્રીએ રિવોલ્વર હાથમાં લીધી અને બારણાની તિરાડમાંથી બહાર જોયું....

એક માણસ જગમોહનના બેડરૂમ તરફ આગળ વધી રહ્યો હતો. અંધારામાં એનો ચહેરો દેખાતો નહોતો, પણ એને દાઢી હતી એવું તો કળી શકાતું હતું. આ કોરિડોરની લાઈટ કોણે બંધ કરી દીધી? ગાયત્રીને યાદ હતું કે એણે પોતે કોરિડોરની લાઈટ ખુલ્લી રહેવા દીધી હતી.

હવે...હવે શું કરવું?

પોલીસ પહેરો હોવા છતાંય આ માણસ ફ્લેટમાં કેવી રીતે ઘૂસી આવ્યો? દરવાજો કોણે ખોલ્યો?

ગાયત્રીને એ માણસને પકડવાની ઈચ્છા થઈ આવી પણ એમ કરવા જતાં કાં તો પેલો ભાગી જાય અથવા પાછળ ફરીને એના પર જ હુમલો કરે

તો ? બૂમ મારીને બધાંને ભેગા કરવા જોઈએ? હવે કદાચ એના હાથમાં સમય પણ નહોતો. પેલો માણસ જગમોહનનાં રૂમનો દરવાજો ખોલતો હતો.

ગાયત્રી હાથમાં ગન લઈને જગમોહનના રૂમ તરફ આગળ વધી. જો પેલો માણસ પાછળ જોશે તો એને જોઈ લેશે પણ હવે હિંમત કર્યા સિવાય છૂટકો નહોતો.

પેલો દાઢીવાળો જગમોહનના રૂમમાં પ્રવેશ ગયો.ગાયત્રી દોડીને બારણા સુધી આવી અને અંદર ડોકિયું કર્યું. કમરામાં કંઈ દેખાતું નહોતું.

ગાયત્રી પણ જગમોહનના બેડરૂમમાં પ્રવેશી ગઈ.

થોડી ક્ષણ બાદ દીવાન પરિવારના દરેક સભ્યે બે ચીસ સાંભળી.

પહેલી ચીસ જગમોહનની હતી.

બીજો ચિત્કાર હતો ગાયત્રીનો ...!

(ક્રમશ : ) ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગરબો - ગાયકની જોડી જમાવો

| A | B |
|---|---|
| ઉકેલ | સૌમ્ય |
| ઉગમણે | છાનું |
| ઉગ્ર | અંધકાર |
| ઉઘાડું | કોયડો |
| ઉજાસ | આથમણે |

## ઓળખાણ પડી?



રાવણ સાથે યુદ્ધ કરવા લંકા ઉપર ચડાઈ કરતી વખતે વિશ્વકર્માના પુત્ર નીલે શ્રીરામ માટે પુલ રચ્યો હતો એ કયા નામે ઓળખાય છે?

અ) રામસેતુ બ) લક્ષ્મણ ઝૂલા ક) વિજયસેતુ ડ) જાનકી સેતુ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ર | ઘ | ૨ વા | યો | | ૩ વિ | ૪ ખ | ૫ વા | દ | |
| ણાં | | ર | | ૬ ફ | ર | મા | ન | | ૭ અ |
| ૮ ગ | લ | ત | | ૯ રિ | ક્ત | | ૧૦ ર | ૧૧ કા | બી |
| ણ | | ૧૨ હે | વા | ચા | | ૧૩ હ | | ૧૪ કા | લ |
| | ૧૫ પી | વા | | ૧૬ દ | ૧૭ શ | ર | થ | | ગુ |
| ૧૮ બ | ટ | ર | | | ૧૯ મા | ખ | | ૨૦ ભ | લા |
| દ | | | ૨૧ રા | ૨૨ મા | | ૨૩ ઘે | રો | | લ |
| ૨૪ ના | ૨૫ મ | | ૨૬ ત | ણ | ખ | લું | | ૨૭ અં | |
| ૨૮ મ | હે | ૨૯ ર | | સા | | | ૩૦ સ | ગ | ૩૧ ડી |
| | ૩૨ ક | હે | વા | ઈ | એ | | ૩૩ વા | ત | ડી |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | ૪ | | ૫ | |
| | | | | ૬ | | | | ૭ | ૮ |
| ૯ | ૧૦ | | | | | ૧૧ | ૧૨ | | |
| ૧૩ | | | ૧૪ | | ૧૫ | | | | |
| | ૧૬ | ૧૭ | | ૧૮ | | | | ૧૯ | |
| ૨૦ | | ૨૧ | ૨૨ | | | | ૨૩ | | |
| | | ૨૪ | | | | ૨૫ | | | ૨૬ |
| ૨૭ | ૨૮ | | | | ૨૯ | | | | |
| ૩૦ | | ૩૧ | | | | | | ૩૨ | |
| ૩૩ | | | | ૩૪ | | | | | |

**આડી ચાવી**

૧. ચોકીદાર (૪)
૩. મુશ્કેલી (૪)
૬. એકાકી (૩)
૭. ખરાબ (૨)
૯. ઘરનું પ્રવેશદ્વાર (૩)
૧૧. અડચણ, નડતર, વાંધો (૪)
૧૩. પદ્ધતિ (૨)
૧૪. દક્ષિણનો ચંદનનાં જંગલવાળો પર્વત (૩)
૧૬. એક પક્ષી (૨)
૧૮. નરક (૩)
૧૯. ભૂલ (૨)
૨૧. દિલની --- કહે તે સાચું (૪)
૨૩. જાસૂસ (૨)
૨૪. હંસ (૩)
૨૫. અવાજ કર્યા વગર (૪)
૨૭. માણસ, પ્રજા (૨)
૨૯. દવા ઘૂંટવાનો વાટકો (૩)
૩૦. ઝાડું કાઢવું (૪)
૩૨. વાકુ (૨)
૩૩. પરંપરા, રૂઢિ (૩)
૩૪. દશેરો (૬)

**ઊભી ચાવી**

૧. દરબારને લગતું (૪)
૨. ઉતરતું, નાનું (૩)
૩. મોકો (૨)
૪. ઝઘડો, કલેશ (૩)
૫. તરુણીઓ પહેરે (૩)
૬. એકાદ સંગાથ વાળું (૬)
૮. ઠંડક, શીતતા (૪)
૧૦. એક ઉદ્યોગપતિએ હમણાં જ ટાટા કર્યું (૩)
૧૨. રોગપ્રતિરોધક ઔષધ (૨)
૧૫. યજ્ઞ (૩)
૧૭. તાલ, લય (અ) (૩)
૧૯. લગ્નના--- ભારે પડે (૩)
૨૦. જબરદસ્તી (૫)
૨૨. બીવડાવવું (૪)
૨૩. ચંચળ (૩)
૨૫. નવરાત્રિમાં થાકીને --- થઇ જવાય (૨)
૨૬. પરાક્રમ કરનાર (૪)
૨૮. રોજ --- માટે પાણી જોઇએ (૩)
૨૯. એક રાગ (૩)
૩૧. ધૂળ (૨)
૩૨. કાબૂમાં, તાબામાં (૨)

## ગુજરાત મોરી મોરી રે

આપણા દેશનો જે ભૌગોલિક વિસ્તાર અંગ્રેજીમાં North East India તરીકે ઓળખાય છે એ વિસ્તાર ગુજરાતીમાં કઈ રીતે જાણીતો છે એ જણાવો.

અ) વાયવ્ય ભારત બ) ઈશાન ભારત
ક) અગ્નિ ભારત ડ) નૈર્ઋત્ય ભારત

## માતૃભાષાની મહેક

સાસુ શબ્દ મીઠાશ અને કડવાશ માટે જાણીતો છે. સાસુ માટે બાઈજી શબ્દ પણ વપરાય છે જ્યારે પત્નીની મોટી બહેન અથવા મોટી સાળી પાટલાસાસુ તરીકે ઓળખાય છે. સાસુજાયો એટલે વર, પતિ, ધણી, આર્યપુત્ર. સદીઓ પહેલા મોટા ઘરની વહુ પોતાના વરને આર્યપુત્ર કહીને બોલાવતી. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં સાસુજાયો, નણદલવીર એવા શબ્દો પણ વપરાયા છે.

## સુડોકુ-૭૦૦૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | | | ૧ | ૭ | | |
| ૪ | | ૮ | | | ૯ | | ૬ | |
| | | | | | | | | ૧ |
| | | | | ૬ | | ૨ | | |
| ૯ | ૨ | | | | | | ૫ | ૭ |
| | | ૭ | | ૩ | | | | |
| ૫ | | | | | | | | |
| | ૯ | | ૨ | | | ૩ | | ૪ |
| | | ૬ | ૭ | | | ૮ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૦૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૫ | ૩ | ૧ | ૪ | ૬ | ૯ | ૮ | ૨ |
| ૯ | ૮ | ૪ | ૨ | ૭ | ૩ | ૧ | ૫ | ૬ |
| ૬ | ૨ | ૧ | ૯ | ૫ | ૮ | ૩ | ૭ | ૪ |
| ૩ | ૧ | ૯ | ૬ | ૮ | ૨ | ૫ | ૪ | ૭ |
| ૮ | ૪ | ૨ | ૫ | ૧ | ૭ | ૬ | ૯ | ૩ |
| ૫ | ૬ | ૭ | ૪ | ૩ | ૯ | ૮ | ૨ | ૧ |
| ૪ | ૩ | ૮ | ૭ | ૬ | ૫ | ૨ | ૧ | ૯ |
| ૨ | ૭ | ૬ | ૮ | ૯ | ૧ | ૪ | ૩ | ૫ |
| ૧ | ૯ | ૫ | ૩ | ૨ | ૪ | ૭ | ૬ | ૮ |

## ઈર્શાદ

ઓ કરુણાના કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી,
ઓ સંકટના હરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી.
--- પ્રાર્થના

## ચતુર આપો જવાબ

અર્થ જણાવો

બહુ જ જાણીતી 'શેઠની શિખામણ ઝાંપા સુધી' કહેવતમાં ઝાંપા શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) દિમાગ બ) સમજણ ક) દરવાજો ડ) પાદર

## માઈન્ડ ગેમ

આપણા દેશના પ્રખ્યાત દેરાસર પૈકી રાજસ્થાનમાં આવેલું રાણકપુર દેરાસર તેની કઈ આગવી લાક્ષણિકતા માટે વધુ જાણીતું છે એ જણાવો.

અ) પ્રતિમા બ) બાંધકામ
ક) ૧૪૪૪ થાંભલા ડ) ૨૩૦૦ પગથિયાં

## ગયા સોમવારના જવાબ

**ભાષા વૈભવ**

| | |
|---|---|
| પાવા તે ગઢથી | દમયંતી બરડાઈ |
| ઈંધણાં વીણવા ગઈ'તી | ફાલ્ગુની પાઠક |
| મારે ટોડલે બેઠો મોર | દિવાળીબેન ભીલ |
| સનેડો સનેડો | પાર્થિવ ગોહિલ |
| પાવાવાળી હે મહાકાળી | હેમંત ચૌહાણ |

**ઓળખાણ પડી?**
ટિપ્પણી નૃત્ય

**માઈન્ડ ગેમ**
સુગંધા શક્તિપીઠ

**ગુજરાત મોરી મોરી રે**
ગબ્બરના

**ચતુર આપો જવાબ**
અર્થ જણાવો
ભાંગવું

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) સુરેખા દેસાઈ (૫) ભારતી બુચ (૬) સુભાષ મોમાયા (૭) નિખિલ બંગાળી (૮) અમીષી બંગાળી (૯) લજિતા ખોના (૧૦) મહેશ દોશી (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મીનળ કાપડિયા (૧૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૫) ભાવના કર્વે (૧૬) અશોક સંઘવી (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૦) મહેન્દ્ર લોઢાવિયા (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) વિણા સંપટ (૨૩) અંજુ ટોલિયા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) હર્ષા મહેતા (૨૬) ભારતી બુચ (૨૭) શિલ્પા શ્રોફ (૨૮) જ્યોત્સના ગાંધી (૨૯) રમેશ દલાલ (૩૦) હીના દલાલ (૩૧) ઈનાક્ષી દલાલ (૩૨) પ્રવીણ વોરા (૩૩) રજનીકાંત પટવા (૩૪) સુનીતા પટવા (૩૫) શીરીન ઔંગાબાદવાલા (૩૬) પુષ્પા ખોના (૩૭) નીતિન બજરિયા (૩૮) નૂતન વિપીન (૩૯) ખુશરૂ કાપડીયા

# ધર્મતેજ

મનન
હેમંત વાળા
feedback@bombaysamachar.com

## શૂન્યની સમગ્રતા



કહેવાય છે કે 'નેતિ નેતિ' કરતાં કરતાં તે પરમ તરફ - પૂર્ણ તરફ પ્રયાણ કરી શકાય છે. દરેક બાબતનો છેદ ઉડાડતા ઉડાડતા અંતે જે બાકી રહે તે જ શાશ્વત છે, સંપૂર્ણ છે, સમગ્ર છે. શૂન્ય તરફનું પ્રત્યેક કદમ તે સમગ્ર તરફ લઈ જાય છે. આ જ છે શૂન્યની સમગ્રતા. તે પરમને પામવા માટેનો - પરમને સમજવા માટેનો બીજો માર્ગ પણ છે. આ માર્ગ સમાવિષ્ટતાનો છે. અહીં 'આ પણ તે છે અને તે પણ તે જ છે', એમ ધારણા કરી બધી જ બાબતોનો સમાવેશ કરતા જવાનું હોય છે. અને એ રીતે જે પ્રાપ્ત થાય તે તે સમગ્ર - તે જ તે પરમ. તેથી એમ કહી શકાય કે શૂન્ય જ અનંત છે.

શૂન્ય જ સમગ્ર છે. શૂન્ય જ સંપૂર્ણ છે. શૂન્ય માટેની આવી અવધારણાને કારણે જ સનાતની સંસ્કૃતિમાં શૂન્યની શોધ થઈ હશે. આપણે શૂન્યથી જે પામી શકવા સમર્થ છીએ તે જ બાબત અનંતથી પણ પામી શકાય.

સંપૂર્ણ અભાવને વ્યક્ત કરવા માટે શૂન્ય એ પૂર્ણ અભિવ્યક્તિ છે. ખાલીપણું દર્શાવવા શૂન્ય મદદરૂપ થાય છે. ગેરહાજરી શૂન્ય થકી દર્શાવી શકાય. શૂન્ય એ અસ્તિત્વનું વિરોધી હોવાથી તેનાથી ક્યારેક અસ્તિત્વ હીનતાની સ્થિતિ પણ દર્શાવી શકાય. શૂન્ય ઘણા બધા પ્રકારની અભિવ્યક્તિ માટે હાથવગું સાધન છે. શૂન્ય ઘણા કામ કરી જાણે છે - બિન હયાતીની સ્થિતિમાં પણ તે કામગરું છે. શૂન્ય એ કશું જ ન હોવા છતાં તેના વગર ચાલતું પણ નથી.

જ્યારે પાસે કશું જ ન હોય ત્યારે કોઈપણ બાબતમાં મોહ, માયા કે લોભ જાગતો નથી. શૂન્યની સ્થિતિમાં બધી જ સંભાવના જાણે લુપ્ત થઈ જાય છે. શૂન્યને પામ્યા પછી કશું જ ગુમાવવાનો ભય નથી રહેતો. શૂન્યત્વને પ્રાપ્ત કર્યા પછી કોઈ વિકાર કે કોઈ વિકૃતિને પણ અવકાશ નથી રહેતો.

શૂન્યતા એ એવી સ્થિતિ છે કે જ્યાં હોવાપણું જ નથી રહેતું, તો પછી અહંકાર કે વાસના ક્યાંથી બાકી રહે. જ્યાં અસ્તિત્વ જ ન હોય ત્યાં તેની સાથે જોડાઈ શકનારાં નકારાત્મક સંભવિત પરિબળો સાથેના જોડાણની કોઈ શક્યતા જ ન રહે, જોડાણનું કોઈ કારણ જ ન રહે.

સર્જન શૂન્યમાંથી જ થયું છે. બધું જ અંતે શૂન્યમાં જ લય પામવાનું છે. અર્થાત શૂન્ય શાશ્વત છે, શૂન્ય કાયમી છે. શૂન્યમાંથી સર્જન થાય છે એટલે કે શૂન્ય એ કારણ પણ છે અને સાધન પણ. અંતે શૂન્ય જ બાકી રહેતું હોવાથી તે જ જાણે અંતિમ સત્ય છે. તેનાથી પણ આગળ વિચારતા એમ કહી શકાય કે શૂન્ય પૂર્ણતા ત્યારે જ પામે કે જ્યારે શૂન્ય પણ શૂન્યતા પામી જાય. ઉપનિષદના એક શાંતિ પાઠમાં જણાવાયું છે કે શાંતિ પણ શાંતિ પામોઃ એ તર્ક પ્રમાણે શૂન્ય એ પણ શૂન્યતા ધારણ કરવાની છે. આમ થયા પછી જ - શૂન્યનો પણ લય થયા પછી જ અંતિમ શૂન્ય બાકી રહે. આ એક મજાની ઘટના કહેવાય. આમ થાય તો શૂન્ય સમગ્રતાને પ્રાપ્ત કરી ચૂક્યું છે એમ કહેવાય.

પહેલું ડગલું માંડતા પહેલા શૂન્ય-શૂન્યની સ્થિતિ હોય છે. શૂન્યતા એ ગણિતમાં - ગણતરીમાં ઉદ્ભવતી ઘટના છે અને સાથે સાથે આધ્યાત્મના વિશ્વમાં આકાર લેતી ઘટના પણ. શૂન્યતા એ એક એવી ઘટના છે કે જે પોતાનાથી સાવ જ વિપરીત ગણાતી અનંતતા સુધી પહોંચાડી દે છે.

જ્યાં સ્થૂળ બાબત સંપૂર્ણ ક્ષીણ થઈ બિન હયાતીમાં આવી જાય, જ્યાં અંતઃકરણના દરેક પાસા લય પામે અને અસ્તિત્વ હીન બની જાય, ત્યાં શૂન્યતાની પરાકાષ્ઠા છે એમ કહેવાય. આવી સ્થિતિમાં બધી જ બાબતો તેની સાંદર્ભિક યથાર્થતા ગુમાવી દેશે. અધ્યાત્મના ક્ષેત્રમાં આને જ સમગ્રતા સભરની સ્થિતિ કહેવાય. આ કંઈ નાની ઘટના નથી. કદાચ પૂર્ણતા કે અનંતતા કે સમગ્રતા તરફનો પ્રવાસ શૂન્યતાથી જ શરૂ થાય છે, શૂન્યતા વડે જ આગળ વધે છે અને શૂન્યતામાં લઈ પામી અંતિમ મુકામ - અંતિમ સ્થિતિ પ્રાપ્ત કરે છે.

ભક્તિમાં સમર્પણ ભાવથી શૂન્યતા પામવાની હોય છે. યોગમાં વૈજ્ઞાનિક ઢબે શૂન્યતા સિદ્ધ કરવાની હોય છે. જ્ઞાનમાં શૂન્યતા અને અનંતતા વચ્ચેનું સમીકરણ સમજવાનું હોય છે. કર્મમાં સંલગ્ન થયા બાદ પણ શૂન્યતાનો ભાવ ધારણ કરવાનો હોય છે. સ્થાપિત પ્રત્યેક માર્ગમાં શૂન્ય સાથે સંબંધ બાંધવો જરૂરી છે. શૂન્યની સમજ થકી અનંતની સમજ સ્થાપિત થવાની સંભાવના વધતી હોય છે.

શૂન્ય એ સૃષ્ટિની એક કળાત્મક રજૂઆત છે. શૂન્ય એ એક એવી ઘટના છે કે જે અનંતતા તરફ લઈ જાય છે. શૂન્ય થકી મોટામાં મોટી બાબતની રજૂઆત સરળ બની જાય છે. શૂન્ય એ ઉકેલ લાવવા માટેની ઘટના નથી. એ સ્વયં પરિણામ સ્વરૂપ છે. શૂન્ય એ સાધન નથી, પણ કારણ છે. શૂન્ય એ એક આંકડો નથી પણ અંકગણિતની ઘણી ઘટનાઓનો આત્મા છે. શૂન્ય અમૂર્ત વિચારધારાનું પ્રતીક ભૂવા સાથે તે જટિલ તથા મુશ્કેલ પ્રશ્નોના નિરાકરણ માટે ઉપયોગમાં લઈ શકાય તેવી સંરચના છે. શૂન્ય આપણને જે આપી શકે છે તે બીજો કોઈ પણ અંક આપી શકતો નથી. શૂન્ય મહાન છે. શૂન્ય આધાર છે. શૂન્ય સત્ય છે. શૂન્યમાં પ્રવેશ કરવો એટલે મુક્તિના દ્વાર ખોલી દેવા. શૂન્યને પામવું એટલે અહંકારનો સંપૂર્ણતામાં ત્યાગ કરવો. શૂન્યનો સ્વીકાર એટલે વ્યવહારના બધા જ સમીકરણથી ક્રમશઃ મુક્ત થવું. શૂન્યની અભિવ્યક્તિ એટલે અધ્યાત્મનું સંપૂર્ણતામાં આલેખન. શૂન્યની સ્વીકૃતિ એટલે કર્તાપણામાંથી સંપૂર્ણ અને શાશ્વત મુક્તતા.

શૂન્યની પ્રતીતિ એટલે અસ્તિત્વની સાચા અર્થમાં અનુભૂતિ. શૂન્યની યથાર્થ સમજ એટલે અનંત ઈશ્વરની કૃપાની શરૂઆત.

## આપણામાં પ્રેમના અંકુર ફૂટે તેની ને પ્રેમ પ્રગટે તેની નિશાની શી ?



માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com


જેમના હૃદયમાં પ્રેમ પ્રગટ થઈ જાય છે એ પ્રેમનું પહેલું લક્ષણ દર્શાવતા શાંડિલ્યએ જે શબ્દનો પ્રયોગ કર્યો છે એ છે 'સમ્માન'. પ્રેમનું પહેલું લક્ષણ છે સમ્માન. મારી સમજ પ્રમાણે એના બે અર્થ છે. એક,પરમાત્મા પ્રત્યે સમ્માનભાવ જાગવા માંડે. પરમતત્ત્વ પ્રત્યે અધિકાધિક આદર જાગવા માંડે ત્યારે સમજવું કે મારામાં પ્રેમનાં અંકુર ફૂટ્યાં છે; પરંતુ એટલો જ અર્થ કરીને અટકી જવું મને યોગ્ય નથી લાગ્યું. ત્યાં પરમાત્મા પ્રત્યે સમ્માનની વાત નથી, કેવળ 'સમ્માન' શબ્દ છે. તો, 'સમ્માન' શબ્દનો એક અર્થ મને એવો પણ કરવા દો કે સમગ્ર સંસાર પ્રત્યે જ્યારે સમ્માન પ્રગટ થવા લાગે ત્યારે સમજવું કે પ્રેમનાં અંકુર ફૂટ્યાં છે.

પ્રેમનાં અંકુર ફૂટ્યાં પછી આખું જગત સારું લાગવા માંડશે. પછી તમે કોઈની ઉપેક્ષા નહીં કરી શકો કે કોઈની નિંદા નહીં કરી શકો.

માણસ પાસે પ્રેમ કરવાનો સમય નથી અને બીજાની નિંદા કરવાનો સમય એને કેમ મળે છે, એ હું સમજી નથી શકતો ! આ બહુ મોટું આશ્ચર્ય છે કે આપણે બીજાનો દ્વેષ કરવાનો સમય કાઢીએ છીએ અને પ્રેમ કરવાનો સમય નહીં ! સમગ્ર સંસાર સમ્માન પામે અને ફૂલ પણ સમ્માન પામે; કોઈ ગાળો દે તો પણ આપણા માટે એ સમ્માનિત હોય અને કોઈ પ્રશંસા કરે એ પણ. હું સમજુ છું કે આ બોલી જવું બહુ આસાન છે, પરંતુ જેમણે સાધના કરવી છે, જેમણે સાવધાનીમાં જીવવું છે એ ભગવાનને પહેલાં કહી દે કે , મારી કસોટી કરજે; અને એ કસોટીમાંથી પાર ઊતરું ત્યારે મારા માથે હાથ રાખીને કહેવું કે, 'બચ્ચા, બરાબર છે.' પ્રત્યેક તત્ત્વ પ્રત્યે સમ્માન જાગે. કોઈ ગાળો દેશે તો એના પ્રત્યે સમ્માન નહીં થાય, દ્વેષ પ્રગટ થશે. આ બધી અસમંજસતા હોય ત્યારે સમજવું કે આપણામાં પ્રેમનું લક્ષણ દેખાતું નથી, એવું શાંડિલ્યનું માનવું છે. હું તમને એક વાત પૂછું, તમારું નામ તમે રાખ્યું છે ? આપણું નામ આપણે રાખ્યું નથી, આપણે ખુદ આપણું નામ બોલતા પણ નથી, તો એવા નામને જો કોઈ ગાળો દે તો નારાજ થવાની શી જરૂર છે ?

**कुछ तो लोग कहेंगे,**
**लोगो का काम है कहना**
**छोडो बेकर की बाते कहीं बिट**
**न जाए रैना**

કોઈ આપણને ગાળો દે તો એમ જ સમજવું કે એ એમની કોઈ ખાનદાનીનો પરિચય દઈ રહ્યા છે. એ ખુદનો પરિચય આપે છે. સૂત્ર પહેલું, બધાં પ્રત્યે સમ્માન.



અમારા નરસિંહ મહેતાએ ગુજરાતીમાં ગાયું અને ગાંધીબાપુ એ પોતાની પ્રાર્થનામાં સૌને રોજ ગવડાવીને વિશ્વ પ્રસિદ્ધ કરી દીધું-

*વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે,*
*પરદુઃખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે.*
*સકળ લોકમાં સહુને વંદે નિંદા ન કરે કેની રે,*
*વાચ-કાછ-મન નિશ્ચલ રાખે, ધન્ય ધન્ય જનની તેની રે.*

મારા ગોસ્વામીજી કહે છે, 'सीयराममय सब जग जानि ।' સાહિત્યિક ભાષામાં કહું તો, આખું જગત પરમાત્માની કવિતા છે. આ ભગવાનનું કાવ્ય છે. એને સમ્માન ભરી આંખે વાંચવું કોઈએ. તો, પ્રત્યેક માણસ પ્રત્યે આપણા હૃદયમાં જ્યારે સમ્માન પ્રગટ થાય ત્યારે સમજવું કે એ પ્રેમનું પહેલું લક્ષણ છે.

યુરોપના દેશોમાં અનેક ધર્મો પાળતી પ્રજા જોવા મળે છે પરંતુ ત્યાંના બહુમતી લોકોનો ધર્મ જુઓ તો મોટે ભાગે ખ્રિસ્તી ધર્મ જ જોવા મળે. અને ખ્રિસ્તી ધર્મની ઉપાસનાનું કેન્દ્રસ્થાન એટલે ચર્ચ. મારાં ભાઈ-બહેનો, આ વાત યુરોપના કોઈ શહેરની છે. એક ગામમાં એક નાનો છોકરો રહે. દૈવ યોગે એવું બનેલું કે તે નાની ઉંમરમાં જ અનાથ થઈ ગયો હતો. આ કિશોરના મા-બાપ એ નાનો હતો ત્યારે જ મૃત્યુ પામ્યા હતાં. આસપાસના લોકો તેનું થોડું ધ્યાન રાખતાં અને તેમ જેમતેમ એ કિશોરનું ગુજરાન ચાલતું. આ શહેરના ચર્ચમાં પણ દર રવિવારે પ્રાર્થના થતી હતી. આ રવિવારે આખું ચર્ચ શ્રદ્ધાળુ લોકોથી ભરાયેલું. કોઈ ચેર ખાલી નહીં. બન્યું એવું કે તે દિવસની પ્રાર્થના સભામાં પેલો અનાથ છોકરો પણ આવ્યો. પરંતુ ક્યાંય જગ્યા નહીં. એ છોકરાને કોઈ પોતાની પાસે બેસવા પણ ન દે. એટલે એ છોકરો જ્યાં પાદરી પ્રવચન કરતા હશે ત્યાં આગળના ભાગમાં નીચે બેસી ગયો. લોકો આ બધું જુએ છે પણ કોઈ કશું બોલતું નથી, કે નથી કોઈ તેને બેસવાની જગ્યા કરી આપે છે ! એટલામાં એક મોટી ઉંમરનો માણસ, જે તો પહેલેથી જ પોતાની ખુરશી ઉપર બેઠેલો. એમાંથી એ માણસ ઊભો થયો અને પોતાની ખુરશી છોડી અને પેલો છોકરો નીચે બેઠો'તો એની બાજુમાં બેસી ગયો. આશ્ચર્યમાં પડી ગયેલા એ છોકરાએ પૂછ્યું, 'દાદાજી ! તમે અહીંયા કેમ બેસી ગયા?' 'કહે, બેટા ! તને કંપની આપવા માટે...'

બાપ ! કોઈને કંપની આપવી એ પણ પ્રભુની પૂજા છે. આ લાઓત્સુ વિશે હું બોલું છું, તો એક ભાઈએ મને પૂછેલું કે, તમને લાઓત્સુમાંથી સૌથી વધુ શું ગમે ? 'લાઓત્સુ કહે છે, મારી પાસે ત્રણ ખજાના છે.' ત્રણ ખજાનાના તમે પહેરેદાર બનો અને એની સુરક્ષા કરો. બીજું કંઈ ન કરો તો કાંઈ નહીં. મને આ બહુ ગમતાં સૂત્રો છે. બાપ, ત્રણ ખજાના. કેવળ લાઓત્સુ પાસે છે એમ નહીં, આપણા બધા પાસે છે. પહેલો ખજાનો, પ્રેમ. જિસસ ક્રાઈસ્ટ એમ કહેતાં, પ્રાર્થના પછી અને પરમાત્મા તો એના પછી, પહેલાં પ્રેમ. અને વાત બિલકુલ પ્રેક્ટિકલ લાગે. આપણામાં પ્રેમ ન હોય તો આપણી પ્રાર્થનામાં પ્રાણ હોય ? પ્રેમ આદિ વસ્તુ છે. આપણામાં પ્રેમ હોય અને પછી બોલશું તો એ બધી પ્રાર્થના થઈ જશે. અને એ પ્રાર્થના થશે એટલે પરમાત્મા આપણો દરવાજો ખટખટાવતો આવશે. પ્રેમ જ પરમાત્મા છે. અમારા રામરાજ્યનું સૂત્ર છે-

**कुछ सब नर करहि परस्पर प्रीति ।**
**राम हि केवल प्रेमु पिआरा**


પરમાત્માને કેવલ પ્રેમ પ્રિય છે અને પરમાત્મા એટલે આખું જગત. 'सवम् खलु इदम् ब्ह्मम्' એને પ્રેમ કરો.

શાંડિલ્યએ બીજા શબ્દનો પ્રયોગ કર્યો છે, 'બહુમાન'. હવે સમ્માન લખ્યું છે, તો બહુમાન લખવાની શું જરૂર હતી ? અને ઋષિમુનિ અકારણ કોઈ શબ્દનો પ્રયોગ નથી કરતા. જગતને કોઈને સમ્માનનો ભાવ જાગે, પરંતુ જગતની વ્યાખ્યા સાંભળીને, જગતના જુદા-જુદા બદલાતા રંગો જોઇને પણ જગદીશની યાદ આવવા લાગે ત્યારે શાંડિલ્ય એને બહુમાન કહે છે.

છેલ્લું એક સૂત્ર કહીને હું તમારા પ્રશ્નનો ઉત્તર પૂરો કરું. શાંડિલ્યમાં છેલ્લું સૂત્ર એવું આવે છે કે, જેમના પ્રત્યે આપણો પ્રેમ હોય એમને પ્રતિકૂળ એવું આપણું એક પણ વચન કે એક પણ કર્મ ન હોવું જોઈએ. એમના માટે પ્રતિકૂળ એવી આપણી એક પણ ક્રિયા ન હોવી જોઈએ. - **સંકલન : જયદેવ માંકડ** ■

## બાહ્ય રીતે બેભાન પણ આંતરિક રીતે સંપૂર્ણ જાગૃતિ એ સમાધિ અવસ્થા

અલૌકિક દર્શન
ભાણદેવ
bhandev@bombaysamachar.com



(ગતાંકથી ચાલુ)

આ ત્રણેયથી પર એવી એક ચોથી અવસ્થા છે, જેને 'સમાધિ અવસ્થા' અથવા 'તુરીયાવસ્થા' કહી શકાય. સમાધિવસ્થા અને નિદ્રાવસ્થા બહારથી સરખી લાગે છે, પરંતુ એમાં છ તફાવત છે. લોનાવાલાની એક સંસ્થાની લેબોરેટરીમાં સમાધિવસ્થાનું માપન કરવાના યંત્રો છે. એ Brain-Waves માપીને નક્કી કરે છે કે આ સમાધિ છે કે નિદ્રા છે? એમ તો 'એનેસ્થેંસિયા' આપો તો માણસ બેભાન થઈ જાય, પણ એ કંઈ સમાધિ નથી. સમાધિ અને નિદ્રામાં છ તફાવત છે. જુઓ...નિદ્રાવસ્થામાં તમોગુણનું આવરણ છે, સમાધિવસ્થા ત્રિગુણાતીત એટલે ત્રણેય ગુણોથી બહાર નીકળી જાય છે અથવા તો સત્ત્વગુણ સમાધિ હોય છે. બીજો તફાવત એ છે કે સમાધિવસ્થામાં બાહ્ય રીતે બેભાન લાગીએ છીએ, પણ આંતરિક જાગૃતિ પૂર્ણ હોય છે. નિદ્રામાં બાહ્ય અને આંતરિક બંને પ્રકારની બેભાન અવસ્થા છે. સમાધિમાં બાહ્ય જગત સાથે સંપર્ક નથી, પરંતુ આંતરિક કોઇ ચેતના સંપૂર્ણપણે જાગૃત હોય છે. લોનાવાલામાં અમે પ્રયોગ કરતાં કે કોઈ સાધુબાબા સમાધિમાંથી બહાર આવે તો અમે પૂછીએ કે આપને શું થતું હતું? જો એ કહે કે મને ખબર નથી તો એ ખોટી સમાધિ. એ તો નિદ્રા કે બેભાનાવસ્થા થઈ. બાહ્ય રીતે બેભાન પણ આંતરિક રીતે સંપૂર્ણ જાગૃતિ એ સમાધિઅવસ્થા છે. આ એની ત્રીજી ભિન્નતા છે. ચોથી ભિન્નતા છે કે નિદ્રામાંથી બહાર આવવાથી માનવની ચેતનાનું રૂપાંતર થતું નથી. જે હતા તે જ રહીએ છીએ. સમાધિમાંથી બહાર આવે તો માનવ ચેતનાનું રૂપાંતર થવું જોઈએ, તો જ સમાધિ સાચી. જે હતા એને એ જ રહીએ તો એ સમાધિ સાચી સમાધિ નથી. સમાધિમાં આલ્ફા-પેટર્ન એક્ટિવેટ થાય છે. નિદ્રામાં ડેલ્ટા-પેટર્ન એક્ટિવેટ થાય છે.

હવે આપણે પાંચમો પ્રશ્ન જોઈએ. આ પ્રણવ ઉપાસનાનો પ્રશ્ન છે. પ્રશ્ન એ છે કે 'પ્રણવ ઉપાસનાનું ફળ શું?' તો એમ કહે છે કે પ્રણવ ઉપાસનાની એક માત્રાનો અભ્યાસ કરનારને પૃથ્વીલોકનું ઐશ્વર્ય, બે માત્રાની ઉપાસના કરનારને ચંદ્રલોકનું ઐશ્વર્ય, ત્રણ માત્રાની ઉપાસના કરનારને સૂર્યલોકનું ઐશ્વર્ય અને ચતુર્થ માત્રાની ઉપાસના કરનારને પરમપદની પ્રાપ્તિ થાય છે. એ કેવી રીતે? એની વિશેષ વિચારણા 'માંડૂક્ય ઉપનિષદ'માં થઈ છે. તેથી આપણે છઠ્ઠો પ્રશ્ન જે મુખ્ય છે તે લઈએ છીએ.

છઠ્ઠા ઋષિ કહે છે કે મારા આશ્રમમાં કૌશલ દેશના રાજકુમાર આવ્યા. એમણે મને પૂછ્યું કે, 'ષોડશકલ પુરુષને તમે જાણો છો?' શું ષોડશકલ પુરુષને જાણતો નહોતો, તેથી મેં એમને કહ્યું કે 'મને ખબર નથી.' આ છઠ્ઠા ઋષિ મહર્ષિ પિપ્પલાદજીને પ્રશ્ન પૂછે છે કે 'આ ષોડશકલ પુરુષ શું છે અને ક્યાં છે?' ષોડશકલનો અર્થ થાય છે કે ચંદ્રની સોળ કલા છે. ષોડશકલ એટલે સંપૂર્ણ પુરુષ અને સંપૂર્ણ પુરુષ એટલે પૂર્ણ પુરુષ. તો પૂર્ણપુરુષ ક્યાં છે? પિપ્પલાદજી ઉત્તર આપે છેઃ 'તે તારી અંદર છે.'' ભાગવત'માં પણ કહ્યું છે કે ભગવાનનું નિવાસસ્થાન ક્યાં? તો કહે માનવના હૃદયમાં. કારણ કે ત્યાં ષોડશકલ પુરુષ બેઠો છે. માનવની બધી જ વૃત્તિ કે પ્રવૃત્તિના આઠ કેન્દ્રો છે. આપણે જે બધું કરીએ છીએ તે આઠમાંથી એક અથવા બે અથવા સૌ મેળવવા માટે. આનંદ, પ્રેમ, શાંતિ, જ્ઞાન, શક્તિ, અમરતત્ત્વ, સ્વાતંત્ર્ય અને સૌંદર્ય- આ આઠની આપણી શોધ છે. એવું કોઈ કેન્દ્ર છે, જેમાં આઠેઆઠ સમાઈ જાય? આ આઠેય કેન્દ્રનું પણ એક કેન્દ્ર છે, જે ષોડશકલ પુરુષ છે. એક દૃષ્ટાંત જુઓ. દશ વર્ષની કન્યાએ શઠ કરી કે મા, મારે નણંદ જોઈએ છે. તો મા કહે કે નણંદ સ્વતંત્ર રીતે ન મળે. તારા લગ્ન થાય અને તારે વર હોય તો નણંદ મળે. તો દીકરી કહે કે ''મા, મારે લગ્ન કરવા નથી. મારે વર ન જોઈએ, પણ મારે નણંદ તો જોઈએ જ! એટલું જ નહીં, મારે દિયર જોઈએ, દેરાણી જોઈએ, જેઠ જોઈએ, જેઠાણી જોઈએ, સાસુ જોઈએ, સસરા જોઈએ... પણ મારે લગ્ન કરવા નથી.'' હકીકતે એમાંનું એકેય ન મળે. વર મળે તો બધું મળે. એમ આ આઠેઆઠ કેન્દ્રો વર તો મળે અને એ વર એટલે ષોડશકલ પુરુષ.

રાબિયા નામના સૂફી સંત થઈ ગયા. એક સાંજે પાંચ સજ્જનો એમને મળવા આવ્યા. રાબિયા કાંઈક ધૂળમાં શોધતા હતા. સજ્જનોએ પૂછ્યું કે, ''રાબિયા! ક્યા ઢૂંઢ રહી હો?'' રાબિયા કહેઃ ''મેરી સૂઈ ખો ગઈ હૈ...'' બધા એને મદદ કરવા માંડ્યા. ધૂળ ફંફોસવા માંડ્યા. પછી કંટાળી પૂછ્યુંઃ ''તુમ્હારી સૂઈ કહાં ખો ગઈ હૈ?'' રાબિયા કહેઃ ''મેરી સૂઈ તો કુટિયા કે ભીતર ખો ગઈ હૈ...' સજ્જનો કહેઃ ''પાગલ હો? ચીજ વહીં ઢૂંઢની ચાહિયે જહાં વો ખો ગઈ હૈ... કુટિકા કે ભીતર સૂઈ ખો ગઈ હૈ ઔર તુમ ઢૂંઢ રહી હો બાહર?'' રાબિયાએ કહ્યુંઃ ''મૈં ભી વહી કહ રહી હૂં. ચીજ વહીં ઢૂંઢો જહાં ખો ગઈ હૈ...'' તમારો ષોડ્શકલ પુરુષ તમારી અંદર ખોવાયો છે. એને તમે બહાર શોધશો તો કેમ મેળ પડશે? વગડામાં કોઈ માણસ શિયાળામાં એકલો ઊભો હોય અને ખૂબ ઠંડો પવન વાતો હોય... એની પાસે ગરમ વસ્ત્રો ન હોય... એને એમ થાય કે અગ્નિ મળે તો કામ થાય. દૂર એણે ભડકો જોયો અને એ દોડ્યો. ભડભડ મોટી જ્વાળા હતી. બાજુમાં એમ મોટા કદનો અરીસો. એમાં પણ અગ્નિનું પ્રતિબિંબ પડે. બે અગ્નિ છે તો કયા અગ્નિ પાસે બેસવું? એક બિંબ અગ્નિ એટલે કે મૂળ અગ્નિ અને બીજો દર્પણમાં પ્રતિબિંબત થયેલો આભાસી અગ્નિ. અરીસાની અગ્નિ પાસે બેસે તો એની ઠંડી ન ઊડે. મૂળ અગ્નિ પાસે જાય તો જ એની ઠંડી ઊડે. એ મૂળ અગ્નિ તે ષોડશકલ પુરુષ મળે અને બીજું કશું ન મળે તો પણ બધું જ મળે છે.

આ રીતે આ છ પ્રશ્નો સમાપ્ત થાય છે. બધા ઋષિઓ મહર્ષિ પિપ્પલાદને કહે છેઃ ''તમે અમારા ખરા પિતા છો. તમે અમને અવિદ્યામાંથી પાર ઉતાર્યા.'' ઉપનિષદના અંતિમ મંત્રમાં કહે છેઃ 'ॐ नमः परमऋषिभ्यो नमः परमः ऋषिभ्यः' ''પરમઋષિને નમસ્કાર, પરમઋષિને નમસ્કાર. હરિ ॐ.''

(ક્રમશઃ)■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# વિવાદે વિષાદે પ્રમાદે પ્રવાસે



ભવાની અષ્ટકમની આ કડી છે. મા જગદંબાની સ્તુતિ પ્રત્યેક સમયે થઈ શકે તેનું આ સૂચન છે. વિવાદ એટલે પોતાની જાતને સાચી સાબિત કરવા માટેનો શાબ્દિક પ્રયત્ન. વિષાદ એટલે હયાત પરિસ્થિતિને કારણે ઉદ્‌ભવતો ઉદ્વેગ. પ્રમાદ એટલે મનોરંજન જેવી સ્થિતિમાં રહેલી તલ્લીનતા. પ્રવાસ એટલે એક સ્થાનેથી બીજા સ્થાને જવાની પ્રક્રિયા. જિંદગી આ ચારના સરવાળા સમાન જ છે. આદિ શંકરાચાર્યે જીવનની સંભવિત પ્રવૃત્તિઓ આ ચાર શબ્દોમાં જાણે સમાવી લીધી છે. આ ચારેય પરિસ્થિતિમાં ગતિ તો માતા તરફની હોવી જોઈએ. ગતિસ્વમ ગતિસ્વમ ત્વમેકા ભવાની.

વર્તમાન સમયનું જીવન એટલે જાતજાતના વિવાદનો સંગ્રહ. જરૂરી નથી કે વિવાદ શાબ્દિક જ હોય. કોઈપણ સ્વરૂપના વિવાદમાં પોતાની જાતને સ્થાપિત કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. પોતાની વાત સાચી છે, પોતાનો અહંકાર યોગ્ય છે, પોતાનો અભિપ્રાય સાર્થક છે, પોતાનું ‘‘સ્ટેન્ડ’’ જે તે સંદર્ભમાં યથાર્થ છે, પોતાનું કાર્ય પરિસ્થિતિના પ્રતિભાવ સમાન છે, અને તેથી આ બધાંની સ્વીકૃતિ થવી જોઈએ. વિવાદ આ પ્રકારના મંતવ્યને સાબિત કરવા માટેનો હોય છે.

મારું કાર્ય કોઈ દિવસ નકારાત્મક ન હોય. હું જે કંઈ કહું તે સમાજને માન્ય હોવું જોઈએ. મારા પ્રત્યેક અભિપ્રાય સમાજમાં સ્વીકૃત બનવા જોઈએ. હું જે કહું તે સાચું હોય છે, હું જે માનું તે યોગ્ય હોય છે, હું જે સમજાવું તે બધા એ સમજવા જેવું હોય છે અને તેથી મારા મંતવ્યને સૌથી વધુ મહત્ત્વ મળવું જોઈએ. વિવાદ પાછળ આ પ્રકારની વાત સ્થાપિત કરવાની હોય છે. આખી જિંદગી આ પ્રક્રિયા ચાલે છે. અને તેથી જ અહીં કહેવાનું છે કે વિવાદમાં પણ ગતિ માત તરફની હોવી જોઈએ.

સંત મહાત્માની વાત જુદી છે, પરંતુ સામાન્ય વ્યક્તિ તો એમ જ માને છે કે જીવનમાં દુઃખ વધારે છે, તકલીફ જનક સ્થિતિની માત્રા વધુ હોય છે, સફળતાની અપેક્ષાએ નિષ્ફળતા પણ વધુ મળતી હોય છે, જન્મ મૃત્યુ જરા વ્યાધિને કારણે જીવન મુશ્કેલ બનતું હોય છે, અને આ બધાને કારણે વિષાદ ઉદ્‌ભવે છે. વિષાદની ફરિયાદ થાય. વિષાદના નિવારણ માટે પ્રયત્નો થાય. જીવનમાં વિષાદ સ્થાપિત જ ન થાય તે માટેની ઈચ્છા રખાય. છતાં પણ જીવન વિષાદથી ભરેલું રહે છે. જો વિષાદના સમગ્ર સમય દરમિયાન ઈશ્વરની આરાધના કરવામાં આવે તો લગભગ આખી જિંદગી આરાધનામાં જ વ્યતીત થાય.

વિષાદ શારીરિક હોઈ શકે. મનની સ્થિતિ અને મનની ભૂમિકા પણ વિષાદનું કારણ હોઈ શકે. વિષાદ પાછળ કૌટુંબિક કે સામાજિક કારણ પણ હોઈ શકે. જો ધર્મ કે આધ્યાત્મની વ્યાખ્યા ખોટી કરી હોય તો તે અધર્મની શ્રેણીની પરિસ્થિતિ પણ વિષાદનું નિમિત્તે બની શકે. વિષાદનું કારણ ઈચ્છા હોઈ શકે, વિષાદના મૂળમાં કામના હોઈ શકે, વિષાદના આધાર તરીકે અપેક્ષાઓ પણ હોઈ શકે. જીવનમાં આ પ્રકારની પરિસ્થિતિ લગભગ કાયમ રહેતી હોય છે અને તેથી જ વિષાદમાં મા ભગવતીનું સ્મરણ જરૂરી બને.

કળિયુગમાં પ્રમાદ એ સર્વ સામાન્ય ઘટના છે. પ્રમાદની અવસ્થામાં સમય પસાર કરવો લગભગ બધાને ગમે છે. આ મનના વ્યભિચાર સમાન સ્થિતિ છે. અહીં ઇન્દ્રિયોના વિષયોમાં વ્યક્તિ લીન થઈ જાય છે અને માત્ર તે સ્થિતિમાં રહેવા માટે જ ઈચ્છુક હોય છે. અહીં લગભગ દરેક પ્રકારનો પુરુષાર્થ શૂન્યતાને પામે છે. અહીં માત્ર હેતુ વિનાની નિષ્ક્રિયતાનું સામ્રાજ્ય હોય છે. છતાં પણ એવી અપેક્ષા હોય છે કે ઇચ્છિત પ્રાપ્ત થાય, ઇચ્છિત પ્રાપ્ત થયાં કરે, ઇચ્છિત સદાય પ્રાપ્ત રહે. આ પ્રકારની પરિસ્થિતિનો પણ એક નશો છે. તે ક્યારે આદત બની જાય તે કહી ન શકાય. પ્રમાદની અવસ્થામાં ઈશ્વરનું સ્મરણ લગભગ શક્ય નથી હોતું, પણ જો તે સમયે ઈશ્વરનું સ્મરણ - મા જગદંબાની સ્તુતિ શક્ય બને તો જીવનને એક મોટો સમયગાળો ઈશ્વર ભક્તિમાં વ્યતીત થઈ શકે.

જીવન એ પ્રવાસ છે. આ પ્રવાસના ઘણા સ્વરૂપ છે. આ પ્રવાસ જન્મથી મૃત્યુ તરફનો, નિષ્ફળતાથી સફળતા તરફનો, અજ્ઞાનથી જ્ઞાન તરફનો, નાદાનીયતથી પરિપક્વતા તરફનો, બંધનથી મુક્તિ તરફનો, અસંતોષથી સંતોષ તરફનો, આકસ્મિકથી સુનિયોજિત તરફનો, હરખશોકના દ્વંદ્વ તરફથી શાશ્વત આનંદ તરફનો, હિંસાથી કરુણા તરફનો, અહંકારથી સૌમ્યતા તરફનો, રાગદ્વેષથી સ્થિતપ્રજ્ઞા તરફનો, રાવણથી રામ તરફનો, બાહ્ય-વિશ્વથી અંતરાત્મા તરફનો, સ્વથી પરમ તરફનો અને બંધનથી મુક્તિ તરફનો હોઈ શકે.

જીવન તો સતત પ્રવાસ કરે જ, તે સાથે અસ્તિત્વ સાથે જોડાયેલી કેટલી ઘટના પણ સતત ચલિત રહે છે. લોહી હંમેશાં ભ્રમણ કરે, હૃદયનો ધબકાર ચાલુ રહે, મજજાતંતુ સતત સંદેશાની આપ લે કરે, મન ઉર્જાયુક્ત રહે, બુદ્ધિ પોતાના કાર્યક્ષેત્રમાંથી ક્યારેય વિરામ ન લે, શ્વાસ અને ઉચ્છવાસનું ચક્ર સતત ગતિમાન રહે - વિવિધ સ્વરૂપે પ્રવાસ તો ચાલુ જ રહેવાનો. શરીર પ્રવાસ કરે તેમ વિચારો પણ પ્રવાસ કરે. દૃષ્ટિ પ્રવાસ કરે તેમ કલ્પના પણ પ્રવાસ કરે. બધા જ પ્રકારના, બધા જ પ્રવાસ વખતે જો ઈશ્વરનું ધ્યાન કરવામાં આવે તો સમગ્ર જીવન ઈશ્વરની આરાધનામાં વ્યતીત થઈ જાય.

વિવાદ - વિષાદ - પ્રમાદ - પ્રવાસ, આ ચારેય પ્રવૃત્તિ વખતે જો મા જગદંબાની આરાધના કરવામાં આવે તો લગભગ આખી જિંદગી આ આરાધનામાં જ પસાર થઈ જાય. આ એક અતિ હકારાત્મક બાબત છે. આ ચાર પ્રકારની પરિસ્થિતિમાં ‘‘ગતિ’’ જો મા ભવાની તરફની હોય, આ ચારેય સ્થિતિમાં જો શ્રદ્ધા અને વિશ્વાસ ટકી રહે, માતા પ્રત્યેનું સમર્પણ જળવાઈ રહે, સત્ય અને ધર્મ માટેની કટિબદ્ધતા સ્થાપિત રહે અને ધાર્મિક સંસ્કાર પ્રજ્વલિત રહે તો ચોક્કસ મા ભવાની કૃપા કરે. ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# બ્રહ્માનંદસ્વામી : શકવર્તી સાંસ્કૃતિક સંપદાના અર્થપૂર્ણ ઉદ્‌ગાતા-૫


‘પ્રાણ સનેહી ઘરું આવો વિચારા, હિયરા ઘર ધરત નહીં મેરા’ વાતાવરણ પ્રભુમય બની ગયું. શ્રીહરિ સાક્ષાત-પ્રત્યક્ષ છે. એવી પ્રતીતિ બ્રહ્માનંદ સહિત સહુને થયેલી.

બ્રહ્માનંદને રાજીપો હતો કે શ્રીહરિએ સોંપેલું સાહિત્ય સર્જન અને મંદિરનિર્માણનું કાર્ય એમની પરમકૃપાથી સંપન્ન થયું છે. અત્યંત વિરહની સ્થિતિમાં સમય પસાર કરતા બ્રહ્માનંદજી એક સાંજે અક્ષર ઓરડીએ દર્શન કરીનો સુનકારપણાનાં ભાવ અનુભવતા અન્ય કોઈ હિંમત ન હારે એટલે પીડાનો હૃદય ગ્વહરમાં સંગોપીનો સ્વસ્થતા ધારણ કરીનો નીજસ્થાનો આવતા ત્યારે દાદા ખાચર અને મૂળજીશેઠે મૂળી મંદિરનો લેખ બ્રહ્માનંદજીનો આપતા કહ્યું કે ‘સ્વામીજી શ્રીજીમહારાજ છેલ્લે’ ભલામણ કરી ગયા કે ‘બ્રહ્મમુનિને કહેજો કે મૂળી મંદિર જલદીથી પૂર્ણ કરે.’ મહારાજશ્રીની ઉત્તરક્રિયા પૂર્ણ કરીનો મૂળી મંદિરના નિર્માણમાં તરત જ રોકાયેલા રહ્યા.

* * *

મૂળી મંદિર નિર્માણની ઘટના પણ બ્રહ્માનંદજીના જીવનની બહુમૂલ્ય બાબત છે. મહારાજશ્રી હરિએ બ્રહ્માનંદજીનો મૂળી મંદિરની જગ્યા જોવા અનો એ કામ માટે મૂળી મોકલેલા. બધુ નિશ્ચિત કરી આવેલા. પણ જૂનાગઢનું કામ અગ્રતાક્રમે હોવાથી એમાં સમય રાખવાનું ગોપાળાનંદ સ્વામિના કથન મુજબ બ્રહમાનંદજીની ઉપસ્થિતિ અનિવાર્ય હતી. પણ શ્રીહરિએ બ્રહ્માનંદજી માટે કહેવરાવી રાખેલું કે મૂળી મંદિર પૂર્ણ નહી કરો ત્યાં સુધી તમે મારી પાસે ધામમાં નહીં પધારી શકો. અત્યંત ગમગીનીભરી, વિરહાકુળ અવરિસ્થિતિમાં બ્રહ્માનંદે જે શ્રદ્ધા, અડગ મનોબળ અને ભક્તિભાવથી કલાત્મક રીતનું મૂળીનું મંદિર નિર્મ્યુ તે એમના કલાપૂર્ણ દૃષ્ટિકોણ અને સમર્પણભાવનું દ્યોતક છે.

એમ કહેવાય છે કે, બ્રહ્માનંદજીનો મૂળી મંદિર નિર્માણમાં અનેક વખત શ્રીહરિએ માર્ગદર્શન-દીશાદર્શન પૂરું પાડેલું. પત્થરો મેળવવા માટે બ્રહ્માનંદે રચેલા ચૌદ જેટલાં પ્રાર્થનાપદો એમની



શ્રીહરિ મહારાજ પરત્વેની અડગ શ્રદ્ધાનો પરિચય કરાવે છે. પાણીનો વીરડો મળી આવવો - પ્રાપ્ત થયો- આ વીરડાને બ્રહ્માકમંડળકુંડ નામ અનો એના વિશેના દોહરા રચેલા, તે પણ ખૂબ પ્રચલિત છે.

વિ.સં. ૧૮૮૮ ઈ.સ. ૧૮૩૨ના મહા સુદી પાંચમ - વસંતપંચમીએ શુભ મુહૂર્ત શ્રીહરિના સ્વધામગમન પછીનો આ પહેલો પ્રસંગ હતો. ઊંચી પગથી કલાત્મક ચોસઠ થાંભલાઓ, ચિત્તાકર્ષક કોતરણી, સુદીર્ઘ-વિશાળ પ્રદક્ષિણાપથ અનો ભવ્ય ઘુમટથી શોભતું મંદિર એ બ્રહ્માનંદની કલાભેટ ગણાઈ. ચારણ સમુદાયના જીવાભાઈ, બનાભાઈ અનો દાજીભાઈ ગઢવીઓ તથા શ્રેષ્ઠી શ્રીમંતો સાથે મૂળીના ભૂમિદાતા દરબારશ્રી રામાભાઈ આદિનો ગોપાળાનંદ સ્વામિના અનો ધ.ધૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજીના આશીર્વાદ સાંપડ્યા. બ્રહ્માનંદજીના જીવનનું આ ભારે મોટું સંભારણું. મૂળી મંદિર નિર્માણ સમયે ભુજના મંદિરની દેખભાળ અનો દિશાદર્શન પણ તોઓ પાઠવતા. એ પત્રો પણ ઉપલબ્ધ છે.

સહજાનંદસ્વામીનો બ્રહ્માનંદજીની પ્રતિભા કૌશલ્યનો અનો ક્ષમતાનો પૂરો પરિચય હતો. શતાવધાની હતા. એટલે તો મંદિર નિર્માણના આવા શકવર્તી સ્થાપત્યોનું નિર્માણ તેઓ દ્વારા શક્ય બન્યું. અદ્યપિ બસો વર્ષ પછી પણ એનો સમારકામ કરાવવાની આવશ્યકતા ઊભી નથી થઈ. પ્રાચીન સાંસ્કૃતિક સ્થાપત્ય વારસાના - હેરિટેજ-કલ્પનાના તેઓ અગ્રજ ગણાય છે. તોમના જેવી આવી અમાપ સૂઝશક્તિ, સમયબદ્ધતા જાળવીનો ગુણવત્તાવાળું કામ ઝડપથી કરાવ્યાનું અન્ય ઉદાહરણ કોઈ સંપ્રદાયમાંથી પ્રાપ્ત થતું નથી. એ રીતે તેઓ અનન્ય, અપૂર્વ અનો અનોખી શક્તિના પુંજ હતા. કોઇનો આંજી નાખવા નહીં પણ ભગવાનની પ્રત્યક્ષ સેવામાં એ શક્તિમત્તાનો વિનમ્રભાવે વિનિયોગ કરી શકયા. આ કાર્યશૃંખલા તોમના જીવનની ચિરસ્મરણીય ઘટનાશ્રેણી મનો જણાઈ છે.

* * *

સ્થાપત્ય સાથે-સાથે સતત વિદ્યાપ્રીતિની અભિવૃદ્ધિની ચિંતા પણ શ્રીહરિ કરતા એના બે-ત્રણ ષ્ટાંતો સત્સંગ સભામાં પ્રચલિત છે તે સમજીએ. બ્રહ્માનંદ સ્વામી સર્વવિદ્યા વિશારદ હતા છતાં પણ સહજાનંદ સ્વામીએ તોમનો સંસ્કૃતની ‘સિદ્ધાન્ત કૌમુદીના અભ્યાસ અર્થે સુરતના મુનિબાવા પાસે મોકલેલા. બ્રહ્માનંદ સ્વામી ‘સિદ્ધાન્ત કૌમુદી’ અને ‘ન્યાયના પાઠ લઈનો દરરોજ ત્રણ-ત્રણ પાઠ કંઠસ્થ કરીનો મુનિબાવાનો પ્રસન્ન કરતા. તે સમયે સ્વયંપાકી બનીનો સંસ્કૃતનું ઊંડું જ્ઞાન કંઠસ્થ કરેલું. ‘તર્કસંગ્રહ’નો અભ્યાસ કરવા માટે જેતલપુર મોકલેલા સાથે મુક્તમુનિ અનો નિત્યમુનિનો પણ અભ્યાસ અર્થે મોકલેલા. શ્રીજી મહારાજ બ્રહ્માનંદની જ્ઞાન અર્ચના અનો સ્વાધ્યાય પરત્વેની નિષ્ઠાથી ખૂબ રાજી હતા.

વચનામૃત જેતલપુરમાં બ્રહ્માનંદ સ્વામીએ પૃચ્છા કરેલી કે ‘હે મહારાજ યતિ કેનો કહીએ.’ પ્રત્યુત્તર રૂપે શ્રીજી મહારાજ બોલ્યા ‘જે દઢ બ્રહ્મચર્ય વ્રત પાળતો હોય ને સર્વ ઇન્દ્રિયો પોતાનો વશ હોય તોનો યતિ જાણવો. લક્ષ્મણજતિ અનો હનુમાનજીના દૃષ્ટાંત પછી શ્રીજી મહારાજ બોલેલા કે ‘આ બ્રહ્માનંદ સ્વામી છે તે પણ એવા જ છે. આમ સભા સમક્ષ બ્રહ્માનંદજીની વ્યક્તિમત્તાની મહત્તાની ઓળખ શ્રીહરિએ સ્વમુખે કહેલી.

બ્રહ્માનંદ સ્વામીનું સંગીતનું ગાયન-વાદનનું શાસ્ત્રીય રાગની જાણકારી જ્ઞાન ઘણું પ્રચલિત થયેલું. ગ્વાલિયર ઘરાનાના ગાયકોનું વૃંદ શ્રીહરિ સમક્ષ પોતાની સંગીતજ્ઞતાનો પરિચય કરાવવા અનો પ્રભાવ પાથરવા પધારેલા. શ્રીહરિ કહે ‘અમારા સંતો પ્રથમ સંગીત સંભળાવશે કહીનો સભામાં ઉપસ્થિત બ્રહ્માનંદજી તરફ અનો પ્રેમસખી પ્રેમાનંદ તરફ નજર નાખી તુરત બન્નો સંતોએ પોત-પોતાના સાજ તૈયાર કરીનો પૃચ્છા કહી કે કયો રાગ આલાપીએ ? શ્રીજીએ કહ્યું ‘‘ભૈરવ રાગ’’ ગ્વાલિયરના ગવૈયાઓ કહે કે ‘અત્યારે સંધ્યા સમયે ભૈરવ રાગ?’ મુક્તાનંદ સ્વામીએ સારંગી લીધી, બ્રહ્માનંદ સ્વામીએ નરઘા અનો પ્રેમાનંદ સ્વામીએ સીતાર. ધ્રુપદ ભૈરવ આરંભ્યો. સભાવૃંદનો લાગ્યું કે જાણે પ્રભાતનો સમય થયો. સંધ્યાની લાલીમામાં અરુણોદયની લાલીમાની ભ્રાંતિ થઈ. બહાર તો કુકડાઓ પણ બોલવા લાગેલા. પરિસ્થિતિનો પામી જઈનો ગવૈયાઓ પ્રભુશ્રી હરિના ચરણોમાં નમી પડેલા. એક વખત મૂળી મંદિર નિર્માણ સમયે બધા ગીરાસદારોએ બ્રહ્માનંદ સ્વામી સમક્ષ વિનંતી કરી કે ‘વરસાદ નથી અનો મોલ-પાક સુકાય છે.’ સ્વામી કહે ‘મંદિરમાં સહુ સંતોનો પાકી રસોઈ જમાડો તો ખૂબ વરસાદ થાય.’ સર્વજનોએ સંમતિ આપી સિતારના તારનો સજ્જ કરીનો સ્વામીએ મલ્હાર રાગનું ગાન આરંભ્યું અનો વરસાદ તૂટી પડ્યો. ભોગાવામાં બે કાંઠે પૂર પણ આવ્યું. બીજે દિવસે રાજી થઈનો બધાએ મળીનો સર્વે સંતોનો પાકી રસોઈ આપીનો ભાવથી ભોજન કરાવ્યું.

એક વખત શ્રીજી મહારાજ દાદા ખાચરના આથમણા ઓરડામાં બીરાજેલા. એ વખતો એક હરિભક્ત આવીનો બોલ્યા કે વગડામાં ખેતરમાં પાક સુકાય છે.

જો આપ વરસાદ વરસાવવાની કૃપા કરો તો પાક નીપજે. મહારાજ શ્રી હરિ બોલ્યા કે નરસિંહ મહેતા મલ્હાર રાગ ગાતા અનો વરસાદ વરસતો. આપણે બ્રહ્માનંદ સ્વામીનો બોલાવો, જો એ મલ્હાર ગાય તો વરસાદ થાય.

‘બ્રહ્માનંદજી અનો મુક્તાનંદજી, પ્રેમસખી પ્રેમાનંદ સાથે આવ્યા. મુક્તાનંદ સરોદ બજાવે, પ્રેમાનંદજી દુકડ અનો બ્રહ્માનંદ સ્વામીએ સીતાર સાથે મલ્હાર આલાપ્યો.’ પ્રથમ પદે વાદળો ઘેરાણા, બીજાપદે ગાજવીજ આરંભાઈ એ ત્રીજા પદે તો ધોધમાર વરસાદ શરૂ થયેલો. સર્વ હરિભક્તો રાજી થયેલા બ્રહ્માનંદ સ્વામીનું સંગીત નૈપુણ્ય એમના સંવાદી વ્યક્તિમત્તાનું, બુલંદ કંઠનું પરિચાયક બની રહેલું.

(ક્રમશઃ)■



શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# સહસ્ત્ર ભૂજાઓની શક્તિ પણ અત્યાચારી અને અધર્મીને ઓછી પડે છે, તો સદાચારી અને ધર્માચારીને બે ભૂજાઓ પણ પર્યાપ્ત છે

(ગતાંકથી ચાલુ)


ભગવાન શિવ બાણાસુરનો શિરચ્છેદ ન કરી સુદર્શન ચક્રને પરત વાળી લેવાનું ભગવાન શ્રીકૃષ્ણને કહેતાં ભગવાન શ્રીકૃષ્ણ યુદ્ધથી નિવૃત્ત થઈ જાય છે અને કહે છે, ‘આપની આજ્ઞાથી હું સુદર્શન ચક્રને પરત વાળું છું પણ આ દૈત્ય પરત ફરી આ સંસારમાં ઉત્પાત મચાવશે તો.’ આટલું સાંભળતાં જ દૈત્યરાજ બાણાસુર ભગવાન શિવ અને ભગવાન કૃષ્ણ સમક્ષ સાષ્ટાંત દંડવત પ્રણામ કરતાં કહે છે ‘હે દેવ, હું આપ બંને દેવતાઓનો દાસ છું, આ યુદ્ધમાં હું મારી કષ્ટદાયી સહસ્ત્ર ભૂજાના છેદન માટે આપનો આભારી છું, મારા જીવનની રક્ષા કરો, આજ બાદ હું મારી સમગ્ર આસુરી વર્તણૂક છોડી દેવાની ખાતરી આપું છું, મને તમારું શરણ આપો.’ આટલું સાંભળતાં ભગવાન શ્રીકૃષ્ણ પોતાના સુદર્શન ચક્રને પરત વાળે છે. દૈત્યરાજ બાણાસુરની પત્ની કન્દલા વધૂ-વર ઉષા અને અનિરુદ્ધને લઈ ઉપસ્થિત થાય છે. તેમને જોઈ ભગવાન કૃષ્ણ કહે છે, ‘ભગવાન શિવ અને દેવી કન્દલાની અનુમતી હોય તો નવયુગલ ઉષા અને અનિરુદ્ધને લઈને દ્વારકાપુરી પરત જઈએ.’ પણ દેવ કન્દલા પુત્રી ઉષાનું કન્યાદાન કરવા ઉત્સુક હોવાથી તેઓ ભગવાન કૃષ્ણને યોગ્ય મુહૂર્તે દ્વારકાપુરીથી જાન લઈ આવવાનું કહે છે. કાર્તિકી પૂનમને દિવસે દ્વારકાપુરીથી આવેલી જાનનું કન્દલા અને બાણાસુર સ્વાગત કરે છે એજ સમયે માતા પાર્વતી અને ભગવાન શિવ શિવગણો સહિત ત્યાં પધારે છે, તેમનું પણ કન્દલા અને બાણાસુર સ્વાગત કરે છે અને મંગલબેલાએ રાજકુમારી ઉષા અને રાજકુમાર અનિરુદ્ધના લગ્ન સંપન્ન થાય છે.

***

રાજકુમારી ઉષા બાણાસુરના આશીર્વાદ લે છે. બાણાસુર પુત્રી ઉષાને લઈ ભગવાન શિવ પાસે પહોંચે છે અને કહે છે, ‘પ્રભુ હું પણ કેવો મૂર્ખ છું, તમે વારંવાર મારા પર કૃપા કરી પણ હું મારી ઉપલબ્ધિઓ સમજી રહ્યો. મેં એક ભક્ત તરીકે કર્તવ્ય નિભાવવામાં નિષ્ફળ ગયો છું. તમે આપેલી જવાબદારીઓ નથી નિભાવી શક્યો. મને ક્ષમા કરો.’

ભગવાન શિવઃ ‘સહસ્ત્ર ભૂજાઓની શક્તિ પણ અત્યાચારી અને અધર્મીને ઓછી પડે છે, તો સદાચારી અને ધર્માચારીને બે ભૂજાઓ પણ પર્યાપ્ત છે. હવે તમે શ્રીકૃષ્ણને ઓળખી ગયા છો.’

બાણાસુરઃ (ભગવાન શ્રીકૃષ્ણને) ‘પ્રભુ હું જાણતો હતો કે કોઈ દિવ્યશક્તિ જ મારી ભૂજાઓનો ભાર ઉતારી શકશે પણ એ તમે હશો એ જાણી નહોતો શક્યો, યુદ્ધ દરમિયાન વપરાયેલા



શબ્દોનો ભાર મારી દીકરી પર ન આવે એમ હું ઈચ્છું છું, મારી ધૃષ્ટતા માટે હું તમારી માફી માગું છું.’

ભગવાન કૃષ્ણઃ ‘પ્રિય બાણાસુર તમે ફક્ત શિવના જ પ્રિય નથી, મારા પણ પ્રિય છો. તમારી દીકરી દ્વારકાપુરીમાં રાજ કરશે.’

***

શોણિતપુરથી જાન વિદાય થતાં જ ભગવાન શિવ ફરી દૈત્યરાજ બાણાસુરના રક્ષક બની જાય છે.

બાણાસુરઃ ‘પ્રભુ હવે મને કોઈ રક્ષકની જરૂર નથી, મારી વિનંતી છે કે તમે શિવગણો સાથે કૈલાસ પરત ફરો.’

નંદીઃ ‘હે ભક્તશાર્દૂલ, બાણાસુર, મારી વિનંતી છે કે, તમે વારંવાર ભગવાન શિવનું સ્મરણ કરજો, તે ભક્તો પર હંમેશાં અનુકંપા કરનારા છે.’

બાણાસુરઃ ‘જેવી તમારી ઇચ્છા નંદી.’

ભગવાન શિવ પોતાના શિવગણ સહિત શોણિતપુરથી વિદાય લે છે અને કૈલાસ પરત ફરે છે.

***

શોણિતપુર ખાતે બાણાસુરને વારંવાર નંદીની વિનંતી યાદ આવી રહી હતી, તેણે દૂરાચારનો સંપૂર્ણ ત્યાગ કર્યો હતો, શોણિતપુરમાં સત્યનું આચરણ થઈ રહ્યું હતું. પણ બાણાસુર બેચેન હતો. એક મધ્યરાત્રિએ મુનિવેશ ધારણ કરી કૈલાસ તરફ નીકળી પડ્યો. કૈલાસ પહોંચી એણે વિવિધ પ્રકારનાં સ્તોત્રો દ્વારા શિવજીની સ્તુતિ કરી અને એમને પ્રણામ કર્યા, પછી તે પગથી ઠેકડા મારતો, હાથને વિંઝતો નૃત્યોનો પ્રધાન તાંડવનૃત્ય કરવા લાગ્યો. એ સમયે તે હજારો પ્રકારના મુખ દ્વારા વાજાં વગાડી રહ્યો હતો અને વચમાં વચમાં ભ્રમર વાંકીચૂંકી કરીને તથા મસ્તક કંપાવીને હજારો પ્રકારના હાવભાવ સાથે તાંડવ નૃત્ય કરતો હતો. નૃત્યમાં મસ્ત થયેલા મહાભક્ત બાણાસુરે અંતે ભગવાન શિવને પ્રસન્ન કરી જ લીધા.

તાંડવ નૃત્યના પ્રેમી ભક્તવત્સલ ભગવાન શિવે હર્ષિત થઈ બાણાસુર પાસે આવ્યા.

ભગવનાન શિવઃ ‘હે મારા પ્યારા બાણ! તારા નૃત્યથી હું સંતુષ્ટ થઈ ગયો છું, તારા મનમાં જે અભિલાષા હોય, એને અનુરૂપ વરદાન માગી લે.’

હર્ષઘેલા બાણાસુરે કહ્યુંઃ ‘પ્રભુ, હવે મને કોઈ શક્તિ કે પદની ઈચ્છા નથી. હું એટલું ઇચ્છું છું કે મને અક્ષય ગણનાયકત્વ પ્રાપ્ત થાય, ઉષાપુત્ર અર્થાત્ મારા દોહિત્રનું શોણિતપુરમાં રાજ્ય થાય, દેવતાઓ સાથે મારો વૈરભાવ મટી જાય, મુજમાં રજોગુણ અને તમોગુણયુક્ત દૂષિત દૈત્યભાવનો પુનઃઉદય ન થાય, મુજબમાં સદાયે નિર્વિકાર શંભુ-ભક્તિ બની રહે અને શિવભક્તો પર મારો સ્નેહ અને સમસ્ત પ્રાણીઓ પર દયાભાવ રહે.’

ભગવાન શિવઃ ‘તથાસ્તુ’.

આમ વરદાન મળતાં જ બાણાસુર અંજલિ બાંધીને ભગવાન શિવની સ્તુતિ કરવા લાગ્યો એ સમયે એનાં નેત્રોમાં પ્રેમના આંસુ છલકાઈ આવ્યાં અને ભગવાન શિવની આજ્ઞાથી શોણિતપુર પરત ફરી સુશાસન કરવા લાગ્યો અને યોગ્ય સમયે મહાકાલને પ્રાપ્ત થયો. (ક્રમશઃ)■

# ગુજરાતનાં લોકનૃત્યો અને લોકસંગીત-૧

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com



સમગ્ર ભારતવર્ષમાં સંસ્કૃતિની દૃષ્ટિએ અને સાહિત્યની દૃષ્ટિએ અનેક વિશિષ્ટતાઓથી સભર એવા ગુજરાત પ્રદેશનું એક આગવું સ્થાન અને માન છે. પ્રાચીનકાળથી જ ગુજરાત પ્રદેશ, ધર્મ, અધ્યાત્મ અને સાહિત્યનાં ક્ષેત્ર તરીકે પૂરાણગ્રંથોમાં વર્ણવાતો આવ્યો છે. સોરઠ, હાલાર, ઝાલાવાડ, પાંચાળ, ગોહિલવાડ, ઘેડ, ગીર, નાઘેર, ઓખા, બાબરિયાવાડ, બરડો, ભાલ, વળાંક અને ઠાંગો, જેવા સૌરાષ્ટ્રના અને સાંબરકાઠા, રેવાકાંઠા, મહીકાંઠા, બનાસકાંઠા, ચરોતર,પંચમહાલ, જતવાડ, કચ્છ, વાગડ, મેવાસ, ડાંગ ... એમ જુદા જુદા નામથી ઓળખાતા પ્રદેશોમાં સ્પષ્ટ રીતે ભિન્ન ભિન્ન સમુદાયો, બોલી, ભાષા, રિતરિવાજો, વિધિવિધાનો, પહેરવેશ, અલંકારો, રહેણીકહેણી વગેરેમાં પોતપોતાના પોતીકા આગવાં લક્ષણો સચવાતાં આવ્યા છે. ને છતાં એ દરેકમાં ગુજરાતની પ્રાદેશિક્તા તો અખંડ-અવિચ્છિન્નપણે જળવાતી આવી છે.

ભારતના અન્ય પ્રદેશોના સાહિત્યની માફક ગુજરાતનાં લોકનૃત્યોનો પણ આગવો મિજાજ છે. લોકનૃત્ય એ આપણી લોકસંસ્કૃતિનો મહામૂલો પરિપાક છે. માનવ સંસ્કૃતિની સાથોસાથ ગાયન, વાદન, નર્તનની કલાઓ વિકસિત થતી રહી છે. પ્રકાર કે નૃત્ય વૈવિધ્યની દ્રષ્ટિએ, એનાં ઢાળ, ઢંગ, તાલની દૃષ્ટિએ અને સંખ્યાની દૃષ્ટિએ અન્ય કોઈ પ્રદેશનાં લોકનૃત્યો એની તોલે ન આવી શકે એટલી વિપુલતા ગુજરાતમાં જોવા મળે છે. જેમાં ગાયન, વાદન અને નર્તનનો ત્રિવેણી સંગમ જોવા મળે છે.

માનવજાત જયારથી સમજણી થઈ સમૂહમાં વસવા લાગી ત્યારથી સંગીત, ચિત્ર, નૃત્ય, નાટ્ય, શિલ્પ, સ્થાપત્ય વગેરે કલાઓનો જન્મ થયો. ભારતના જુદા જુદા પ્રદેશોમાં એ કલાઓ પ્રાદેશિક લક્ષણો અને સ્વરૂપ પ્રકારો મુજબ વિક્સતી આવી છે. અત્યંત પ્રાચીન સમયકાળથી સમસ્ત જનસમુદાયમાં પ્રવાહિત લોકનૃત્યોમાં ગુજરાતપ્રદેશનાં લોક્સમાજના ધાર્મિક, સામાજિક, નૈતિક, ઐતિહાસીક આધ્યાત્મિક વલણો-લક્ષણો, લોકમાન્યતાઓ અને સમસ્ત જીવન વ્યવહારનું પ્રતિબિંબ પડેલું જોઈ શકાય છે. જેનું મૂળ લક્ષ્ય માત્ર નિજાનંદ છે એવા પ્રકૃતિ પરાયણ લોકજીવનમાં વ્યાપ્ત વિવિધ નૃત્યો આપણા આંતરમર્મ સુધી પહોંચે છે ને અંતરના તાર ઝણઝણાવે છે.

પ્રકૃતિની વિવિધ લીલાઓ સાથે હરખ અને આનંદની અભિવ્યક્તિ કરનારાં લોકનૃત્યો.



ગુજરાત પ્રદેશના લોકનૃત્યોને સમજવા માટે સગવડતા ખાતર આપણે છ વર્ગમાં વહેંચી શકીએ. (૧) ધાર્મિક અનુષ્ઠાન સંબંધી લોકનૃત્યો. (૨) ઉત્સવો અને તહેવારો સંબંધી લોકનૃત્યો- જેમાં નવરાત્રિ,જન્માષ્ટમી,હોળી અને લોક મેળાઓમાં થતાં લોક નૃત્યો.(૩) ચોક્કસ લોકજાતિઓ સાથે જોડાયેલાં લોકનૃત્યો. (૪) વિવાહાદિ માંગલિક અવસરો સાથે જોડાયેલાં લોકનૃત્યો. (૫) વ્યાવસાયિક ભવાઈ, આખ્યાન, નાટક, રાસલીલા, દાણલીલા,રામામંડળ જેવાં નાટ્ય સ્વરૂપો સાથે જોડાયેલાં લોકનૃત્યો. (૬) માત્ર મનોરંજન માટે માત્ર પુરુષો દ્વારા, માત્ર સ્ત્રીઓ દ્વારા અને સંયુક્ત સ્ત્રી-પુરૂષો દ્વારા કરવામાં આવતા લોકનૃત્યો. એ જ રીતે (૧) કૃષિજીવન સાથે સંકળાયેલાં, (૨) ગોપજીવન સાથે સંકળાયેલાં, (૩) વનવાસી આદિવાસી કે વન્ય-ડુંગર જીવન સાથે સંકળાયેલાં લોક નૃત્યો, (૪) સાગરજીવન સાથે સંકળાયેલાં નાવિક-ખલાસીઓનાં લોકનૃત્યો, (૫) ક્ષાત્રજીવન સાથે સંકળાયેલાં લોકનૃત્યો.

ઉપરાંત ધાર્મિક, પૌરાણિક, ઐતિહાસિક અને સામાજિક ગીતો સાથે સંકળાયેલાં લોકનૃત્યો મુજબ પણ વર્ગીકૃત કરીને અભ્યાસ કરી શકાય. એનું વર્ગીકરણ કરવા માટે કોઈ એક જ દ્રષ્ટિકોણ કામ નહિં આવે. વિવિધ માપદંડોથી, વિવિધ દ્રષ્ટિકોણથી એનું વિભાગીકરણ-વર્ગીકરણ કરી શકીએ છતાં ય પર્યાપ્ત વર્ગીકરણ ન થઈ શકે એટલું વૈવિધ્ય આ કંઠસ્થ પરંપરાથી લોકમુખે જળવાયેલા લોકસાહિત્ય અને તેની સાથે જોડાયેલાં લોકનૃત્યો જાળવે છે.

લોકનૃત્યો સાથે અવિનાભાવે જોડાયેલા લોકસાહિત્ય-લોકગીતોમાં પણ રાસ, રાસડા (ગીતકથાઓ અને કથાગીતો),ગરબા,ગરબી,દુહા,સાખી,છંદ જેવા અનેક પ્રકારો જોવા મળે.જેમાં પ્રાદેશિક તથા જાતિગત સંસ્કારો મુજબ પહેરવેશ, વેશભૂષા, અલંકારો, ઢાળ, રાગ,તાલ અને સંગીતનું વૈવિધ્ય જોવા મળે.

સંગીતના વિવિધ તાલ હીંચ, હમચી, ટીટોડો,મણિયારો,હૂડો,હાજા, મુજબ હથેળીના તાલ (એક્તાળી, ત્રણતાળી, સાતતાળી),પગનો ઠેકો,હાથના હિલોળા,ટપ્પા, ડગલાં, મંડળ, ચોકડી, દોઢિયા, પંચિયા, સતિયા,અઠિંગો કે અઠિયા,બારિયા, સાથિયો, સોળંગો, નમન, સલામી, ઉલાળિયા, બેઠક, ચકરી, ફૂદરડી જેવી લય અને તાલ સાથે જુદા જુદા નામોથી ઓળખાતાં લોકનૃત્યો પ્રસ્તુત થતા રહે છે. જેમાં દાંડિયાનૃત્ય, મંજીરાંનુત્ય, ઢાલ-તલવાર નૃત્ય, લકુટીનૃત્ય, ખંજરીનૃત્ય, બેડાંનૃત્ય, મટુકીનૃત્ય, મશાલનૃત્ય, ગરબાનૃત્ય, મંડપ કે માંડવડી નૃત્ય, દીવડા નૃત્ય, થાળીનૃત્ય, રૂમાલનૃત્ય, છત્રીનૃત્ય, કરતાલ નૃત્ય, છડીનૃત્ય, લેજીમનૃત્ય, ઢોલનૃત્ય.... જેવાં વિવિધ નામોથી ઓળખાતાં આ લોકનૃત્યો ગોળાકારે, અર્ધ ગોળાકારે, બબ્બેની હરોળમાં, એકએકની હરોળમાં કે સામસામે પંક્તિમાં એમ વિવિધ આકૃતિઓમાં રજૂ થતાં રહે છે.

કોઈપણ જાતની શાસ્ત્રીય તાલીમ વિના સ્વયંભૂ આવિર્ભાવ પામતો કલાપ્રકાર.

કંઠોપકંઠ લોકહૈયામાં સચવાતું આવેલું ગુજરાત પ્રદેશનું આ લોકનર્તન સમૂહનું સર્જન છે. ભલે કોઈ એક સર્જનશીલ વ્યકિત દ્વારા એનું બીજારોપણ થયું હોય કે ઘાટ બંધાયો હોય પણ પછી એમાં સમસ્ત લોક્સમૂહનું કર્તૃત્વ કામ લાગે છે અને આખા લોક્સમૂહ દ્વારા એની રચના થતી આવે છે. એમાં રજૂ થતા લોકગીતોમાં લાઘવ, સરળતા, ગેયતા, સ્વાભાવિક્તા પ્રકૃતિ સાથેનું તાદાત્મ્ય વગેરે તત્વોની સાથે જીવાતા જીવન સાથેનો સુમેળ સધાયો હોય છે. ■

# માન ને મોહ ત્યજવા જ પડશે

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com

ગત અંકમાં ઉચ્ચ લક્ષ્ય બતાવીને હવે ભગવાન કૃષ્ણ તે લક્ષ્યાંક પામવા માટેનાં લક્ષણો સમજાવે છે.

તેમાં સૌ પ્રથમ કહે છે કે ''નિર્માનમોહા'' જે માન અને મોહથી રહિત છે, તે જ આ ઊંચું નિશાન (ભગવાનનું ધામ) પામી શકે છે.

ભગવાન સ્વામિનારાયણનાં દર્શન કરવા એક વિશાળ સંઘ ગઢડા તરફ આવી રહ્યો હતો. અજાણતાં એક અબુધ બાળક ત્યાં થૂક્યું ને થોડીક છીંટ ગામના નિવાસી એક વ્યક્તિ પર પડી. આથી એ વ્યક્તિએ પોતાના તમામ લાગતાં વળગતાં ભાયાતોને બોલાવીને ઉશ્કેર્યા કે 'આ સ્વામિનારાયણના આશ્રિતો મારા પર થૂંકતા જાય છે.' તે સૌ ભાઈઓ બહુધા વેપારી હતા તેથી પૂરા ગઢડા ગામમાં હડતાલ પાડી દીધી. આ પ્રસંગની જાણ જેવી ભગવાન સ્વામિનારાયણને થઈ અને તુરંત તેઓએ સૌ વ્યાપારીઓ પાસે આવી બે હાથ જોડી માફી માગી. આ દૃશ્યથી વેપારી ને ઉપસ્થિત સૌ અચંબિત થઈ ગયા કે આવા મોટા સ્વામિનારાયણ! જેને લોકો ભગવાન તરીકે માને છે, એ આપણી જાહેરમાં માફી માગે છે!' ને તત્ક્ષણ પ્રશ્નનું સમાધાન થઈ ગયું. આ પ્રસંગ ખૂબ જ વિચારણીય છે. ગઢડાના દરબાર દાદાખાચર કે બીજા જીવાખાચર જેવા બીજા અનેક શૂરવીરો ભગવાન સ્વામિનારાયણના દૃઢ ભક્તો હતા. એક વચને માથાને હથેલી પર લેવા માટે પણ સજ્જ હતા. તો ભગવાન માફી સિવાય બીજા ઉપાયો શું ન અજમાવી શક્યા હોત? પરંતુ સૌને 'માન-વટ' મૂકવાનો સંદેશ ભગવાને પોતાના વર્તનથી આપ્યો.

'માન ને મોહ ત્યજવા જ પડશે.' આ ગીતાલેખ કેવળ આધ્યાત્મિક યાત્રી માટે નથી પણ સુખ-શાંતિ-સંતોષ વાંછનારા દરેક માટે આ



લેખ અમૃત સંજીવની છે. જો આધ્યાત્મિકતા માટે જ આ હોત તો સર્વ નાગરિક માટે ઉપકારક એવા 'અર્થશાસ્ત્ર' કે 'ચાણક્યનીતિ' ગ્રંથોમાં માન તથા મોહને ત્યાગવાની વાત કેમ હોય? આદિ મહાકાવ્ય 'રામાયણ' થી માંડી આધુનિક લેખકો પણ 'Personal Development and the Hindrance of Ego and Greed' જેવા ગ્રંથોમાં શા માટે આને ઉલ્લેખે?

માટે મોહ તો સંપૂર્ણતઃ ત્યાજ્ય જ છે પરંતુ માનનાં બે પુત્રો છે એક 'સ્વાભિમાન' ને બીજો 'અહંકાર'. અહંકાર કહે છે કે મારું એ જ સારું.' જ્યારે સ્વાભિમાન કહે છે 'સારું એ બધું જ.'(એટલે અન્યની વાત જો યોગ્ય હોય તો સ્વીકારવી.) 'અહંકાર કહે છે મને કોઈ હરાવી જ ન શકે.' જ્યારે સ્વાભિમાન કહે છે 'હું હાર કદાપિ નહીં માનું.' સ્વાભિમાન મૂલ્યોની ઊંચાઈ અપાવે છે, જ્યારે અહંકાર ફક્ત 'કોલર' જ ઊંચા કરાવે છે, જે અંતે અધોગતિની ખીણમાં ધકેલી દે છે. માટે સ્વાભિમાન અવશ્ય રાખવુ કિન્તુ અહંકાર તો ત્યાગવો જ રહ્યો.

રામાયણમાં હણાયેલા હજારો યોદ્ધાઓનું શું કારણ? 'રાવણ'! હા, મહાપંડિત ચાણક્યએ ચાણક્યનીતિમાં જણાવ્યું છે અતિગર્વ (અહંકાર)થી રાવણ 'હણાયો.' અર્થાત્ અહંકાર જ રામાયણનું કારણ છે' તો મહાભારતમાં ૪૮ લાખ જેટલા વીરોના સંહારનું કારણ ધૃતરાષ્ટ્રનો પુત્રમોહ કે દુર્યોધનનો અહંકાર જ ગણવો રહ્યો ને!

અરે, હિન્દીભાષામાં 'હલ્દીઘાટી' તરીકે ગણાતા અમર મહાકાવ્યમાં કવિ શ્યામનારાયણ પાઠકે પણ હલ્દીઘાટી યુદ્ધના કારણમાં એક રાજાના માનભંગને લખ્યું છે. તે રાજાના કારણે મહારાણા પ્રતાપને ઘણું સહન કરવું પડેલું.

તેથી આ સમસ્યાઓનું સમાધાન સ્વયં શંખનાદ કરીને માનવજાતને ભીતરથી ઢંઢોળે છે કે 'ભાઈ! માન ને મોહ ત્યજવા પડશે.'

ગુરુ મહંતસ્વામી મહારાજે એકવાર જાહેરમાં પોતાનો પરિચય આપ્યો-'સહુનો સેવક એવો હું સાધુ કેશવજીવનદાસ!' ત્યારે સેવકે કહ્યું, 'સ્વામી! આપ તો સહુના ગુરુ છો!' ત્વરિત તેઓ કહે 'મને ગુરુ મનાતું જ નથી, હું દાસનો દાસ જ છું, સેવક છું'

આખી બી.એ.પી.એસ. સંસ્થામાં લાખો ભક્તો, ૧૨૦૦ થી વધુ સંતો, ૧૫૫૦ થી વધુ મંદિરો, સેંકડો શિક્ષણ-સ્વાસ્થ્યાદિ સંકુલો તથા ૧૭,૦૦૦ થી વધુ સત્સંગસભા જે સંભાળે છે. વળી, ૫૦ થી વધુ દેશોમાં જે ભારતીય સંસ્કૃતિની પ્રશસ્તિધજા લહેરાવે છે, રોબિન્સવિલ જેવા સ્થળે વિશ્વ નજરાણાં સમુ અક્ષરધામ જેણે સર્જ્યુ છે તથા યુ.એ.ઈ. અબુધાબીમાં હિન્દુ મંદિર સર્જી જેણે ઈતિહાસને નૂતન પૃષ્ઠ આપ્યું છે એવા વિશ્વવંદનીય ગુરુ પોતાને દાસ અને સેવક માને છે. ખરેખર, આવી રીતે પોતાને ભૂલીને વર્તીએ તો જ માન અને મોહ દૂર થઈ શકે.

એટલે જ કહેવાયું છે-

*ઊંચા ઊંચા સબ કોઈ ચાલે નીચા ન ચાલે કોઈ*
*નીચા નીચા જો કોઈ ચાલે સબસે ઊંચા હોઈ.* ■

# ૫૦૦ ક્વિંટલ ફૂલોથી ખીલી ઊઠ્યો વૈષ્ણોદેવી માતાનો દરબાર

વિશેષ

નિધિ શુકલ
feedback@bombaysamachar.com




જમ્મુ-કાશ્મીરમાં લોકોની આસ્થાનું સ્થાન એટલે ઊંચા પહાડ પર વિરાજમાન વૈષ્ણોદેવી માતાનું મંદિર. એવી માન્યતા છે કે આ એકાવન શક્તિપીઠોમાંનું એક સ્થાન છે, જ્યાં માતા સતીનું કપાળ પડ્યું હતું. એવી પણ માન્યતા છે કે પાંડવોએ સૌ પહેલા માતા પ્રત્યેની અસીમ શ્રદ્ધા વ્યક્ત કરતા કોલ કંડોલી અને ભવનમાં મંદિર બનાવ્યું હતું.

ત્રિકુટા પર્વતની બાજુમાં આવેલા એક પહાડ પર અને પવિત્ર ગુફાની ઉપર પાંચ પથ્થરોની સંરચના છે, જેને પાંચ પાંડવોની ચટ્ટાનીનું પ્રતિક ગણવામાં આવે છે.

વૈષ્ણોદેવી મંદિરમાં આશીર્વાદ આપતા હાથની નિશાની છે. અહીં આખા વર્ષ દરમ્યાન લોકો માતાના દર્શન કરવા જતા હોય છે. આખો પર્વત માતાના જયકારથી ગૂંજી ઊઠે છે. જમ્મુ-કાશ્મીરથી લગભગ ૪૩ કિલોમીટર દૂર કટરામાં આ ધાર્મિક સ્થાન આવેલુ છે. નવરાત્રી હોવાથી લાખો શ્રદ્ધાળુઓએ માતાના દર્શન કર્યા હતા. એવામાં માતાના ભવનની જે શોભા અને શણગાર હતા એ મનોરમ્ય હતા.

રંગબેરંગી વિદેશી ફૂલોથી માતાના મંદિરને સજાવવામાં આવ્યું હતું. એવામાં વરસાદ વરસતા પહાડોએ હરિયાળી ચાદર ઓઢી હોય એવું લાગતું હતું. દેવીના જયકાર, માતાની આસ્થામાં લીન ભક્તો, ભજનના નાદ અને ભવન પર કરવામાં આવેલી રોશની લોકોને આહલાદક અનુભવ આપતી હતી.

ફૂલોના શણગારે સોનામાં સુગંધ ભેળવવા જેવું કામ કર્યું હતું. દરેક બાબત દૈવિય શક્તિનો અનુભવ આપતી હતી. દિલ્હીમાં સ્થિત ડેકોરેશન કરતી એક કંપનીએ માતાના દરબારને શણગાર્યો હતો. એના માટે ૫૦૦ ક્વિંટલ દેશી અને વિદેશી ફૂલોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.


ચારેય બાજુ ફૂલો જ દેખાતાં હતાં. ગુલાબી અને પીળા રંગના ગુલાબોથી જય માતા દી લખેલું હતું. પવિત્ર ગુફા પહેલા માતાની એક કૃત્રિમ ગુફા બનાવવામાં આવી છે. એને પણ ફૂલો અને ફળોથી શણગારવામાં આવી છે. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

## રામ રાખે તેને કોણ ચાખે?

# ઈશ્વરે ઈન્સાન જાત પરથી હજુ વિશ્વાસ ગુમાવ્યો નથી



જઈ રહેલી ક્ષણેક્ષણ અદ્ભુત છે, તેને માણવી જોઈએ, તેનો સદોપયોગ કરવો જોઈએ. તે ફરી આવવાની નથી, તે એક ચમત્કાર જ છે અને ચમત્કારની કૉપી કરી ક્ષણને પાછી લાવી કે સુધારી કે માણી શકાતી નથી.

જેઓ સમયની ક્ષણેક્ષણનો સદોપયોગ કોઈક ઉમદા હેતુ, - ધ્યેય, મિશન, ઘડતર માટે કરે છે તેઓના જીવનમાં દૈવીતત્ત્વો આકસ્મિકરૂપે ઊભાં રહે છે, ઉપર લઈ જવામાં, બચાવવામાં, સફળતા અપાવવામાં ઉમદા ભાગ ભજવે છે તેને આપણે ચમત્કાર, ગેબી મદદ કહીએ છીએ અને

* અવતારો * પયગંબરો - સંદેશવાહકો, * સંતો - મહાત્માઓ,

* સંશોધકો - વૈજ્ઞાનિકો તથા * ગાંધીજી, મધરટેરેસા, * નરસૈયા, કબીરજી જેવા અસંખ્ય મહાનતા પામેલાઓના જીવનમાં આપણે તે જોઈ શકીએ છીએ.

- આજે પણ અવાજ-ધ્વનિ, ફોટો, રેડિયો, મોબાઈલ, ટેલિવીઝન વગેરે અવકાશ અને વીજળી દ્વારા પ્રસારિત કરીએ છીએ શું તે ચમત્કાર નથી?

* તારના ગૂંચવાડાને ગોળગોળ ફેરવીએ તો તેમાં ક્યાંકથી આવતી, ઉત્પન્ન થતી વીજળીની શક્તિએ ચમત્કાર નથી?

* કુદરતી કોપ કે 'માનવઅકસ્માતો' દરમિયાન હજારો દબાઈ મરે અને જીવીં ન શકે તેવાં કુમળાં બાળકો બચી જાય છે!

* ગુરુત્વાકર્ષણ * ધરતીકંપો, * સુનામી વગેરે જેવા પ્રકોપો તથા પ્રેમ શું છે?

- મધમાખી નામનું નાનકડું ઊડતું મધ બનાવવાનું મશીન ચમત્કાર નથી?

- તે કોના માટે આટલી મહેનત-પરિશ્રમ કરે છે?

- ગ્રીષ્મ ઋતુ - ગરમીની સિઝનમાં પાકતાં લગભગ ફળો રસ-પાણીવાળાં હોય છે તે હકીકત શું સૂચવે છે?

- નિંદ્રા ચમત્કાર નથી?

- આજે પણ અવકાશમાં

* સૂર્ય, * તારા,

* ગ્રહો અને તેમના ચંદ્રો અધ્ધર ફરે છે

- આજે પણ વાડી-બાગ-બગીચાની માટીમાંથી જુદા જુદા

* રંગો, * સુગંધો * સ્વાદ ધરાવતા છોડો,

* વૃક્ષો અને તેમાં થતાં સ્વાદિષ્ટ ફળો ઊગે છે અને તે પણ જેને આપણે બી કહીએ છીએ તેવી નાનકડી ચીપ્સમાંથી અને તે ચીપ્સમાં વૃક્ષ કે છોડની સુગંધ, કલર, ઊંચાઈ અને ઉંમરનો પૂરો નકશો લખેલો હોય છે!

**બોધઃ**

'ચમત્કાર ત્યાં નમસ્કાર'એ કહેવત પ્રચલિત છે અને હવાલદારો ગુનેગારને અને ગુનોહ ન કરનારાને પણ 'ચમત્કાર' દેખાડી ગુનો કબૂલ કરાવતા હોય છે!

* જેઓ નોટ, સોનું બમણું-ડબલ કરી શકે છે,

* ગ્રહોની દશા-દિશા ફેરવી શકે છે તેવા જાદુઈ ગુરુઓની તથા રાજકીય નેતાઓની વાત જ જુદી છે. તેઓ આજે પણ ચમત્કાર કરે છે, જીવતાને વોટિંગ લિસ્ટમાં મરેલા અને મરેલાને જીવતા કરી શકે છે!

- સાધુ-સંતો-શાહો-મહાત્માઓને મન ચમત્કારો તો કણેકણમાં છે, અને

- લાલચુ-આળસુ અને અજ્ઞાનીને મન જાદુ-ટોણા, સ્ટોન, કૂઈ અને સૂઈ વગેરેમાં છે.

- આજે પણ સપનામાં, પરીકથામાં, કાર્ટૂન ફિલ્મોમાં ચમત્કારો બને છે.

કવિશ્રી મિશ્કીનની એક કડીઃ
બધે સતત કોઈ રમતું લાગે,
બધી રમત કોઈ રમતું લાગે.

**સનાતન સત્યઃ**

દુઃખ અને અશાંતિ માત્ર ખોટી રીતે વિચારવાથી જ અનુભવાય છે, એટલે જે સ્થિતિમાં ઈશ્વર, અલ્લાહ, ગોડ રાખે તેને હસતા મોએ કબૂલ રાખો.

- જ્યાં સુધી કુદરતનાં તમામ પાસાં નિયમિત રહ્યાં છે ત્યાં સુધી માનવીએ હતાશ થવાની શી જરૂર છે?

- ઈશ્વર મહાન છે - સર્વ શક્તિમાન છે અને આજે પણ ચમત્કાર થાય છે. રામ રાખે તેને ભલા કોણ ચાખે? તેણે હજુ ઈન્સાન જાત પરથી હજુ વિશ્વાસ ગુમાવ્યો નથી. ■

# મેં દબાણ અને અસફળતાઓનો સામનો કરતાં શીખી લીધું છેઃ વિકેટકીપર-બેટ્સમેન સંજુ સેમસન

હૈદરાબાદઃ ભારતીય વિકેટકીપર બેટ્સમેન સંજુ સેમસને કહ્યું હતું કે તેણે ટોચના સ્તરના ક્રિકેટમાં દબાણ અને નિષ્ફળતાઓ સાથે જીવવાનું શીખી લીધું છે અને તેણે ટીમ મેનેજમેન્ટનો પણ આભાર માન્યો હતો જેણે તેને મુશ્કેલ પરિસ્થિતિઓને પાર કરવામાં મદદ કરી અને તેને પોતાને સાબિત કરવાની બીજી તક આપી હતી.




સેમસને પોતાની ક્ષમતા સાથે સંપૂર્ણ ન્યાય કરીને શનિવારે બાંગ્લાદેશ સામે ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાની પ્રથમ સદી ફટકારી હતી, પરંતુ તે પહેલા તેની સફર સારી રહી ન હતી. શ્રીલંકા સામેની બે મેચમાં તે પોતાનું ખાતું પણ ખોલાવી શક્યો ન હતો, જ્યારે બાંગ્લાદેશ સામેની પ્રથમ બે મેચમાં તેનું પ્રદર્શન પણ સારું રહ્યું ન હતું.

સેમસને મેચ બાદ પત્રકારોને કહ્યું હતું કે, શ્રીલંકા સામેની બે મેચમાં ખાતું ન ખોલ્યા બાદ મને આગામી શ્રેણીમાં તક મળવા અંગે થોડી શંકા હતી. પરંતુ તેઓએ (કોચિંગ સ્ટાફ અને કેપ્ટન) મારામાં વિશ્વાસ રાખ્યો હતો. તેઓ કહેતા રહ્યા કે તેઓ સમર્થન કરવાનું ચાલુ રાખશે.

તેણે કહ્યું હતું કે મને લાગે છે કે એક ભારતીય ક્રિકેટર તરીકે તમે દબાણ મુક્ત થઇ શકો નહીં. ખાસ કરીને આ ફોર્મેટમાં (ટી-૨૦). પરંતુ હું દબાણ અને નિષ્ફળતાઓનો સામનો કરવાનું શીખ્યો છું. મને લાગે છે કે આનો ઘણો શ્રેય ડ્રેસિંગ રૂમ, નેતૃત્વ જૂથ, કેપ્ટન અને કોચને જાય છે જેણે મને સતત સમર્થન આપ્યું હતું.

સેમસને કહ્યું કે મુખ્ય કોચ ગૌતમ ગંભીરે તેને બાંગ્લાદેશ શ્રેણી દરમિયાન ઓપનિંગ બેટ્સમેનને રમવાના ટીમ મેનેજમેન્ટના નિર્ણય વિશે પહેલાથી જ જાણ કરી દીધી હતી. તેણે કહ્યું, હું ભાગ્યશાળી હતો કે ગૌતમ ભાઈ, સૂર્યકુમાર (યાદવ) અને અભિષેક નાયર (સહાયક કોચ) એ મને ત્રણ અઠવાડિયા પહેલા જાણ કરી દીધી હતી કે હું બાંગ્લાદેશ સામે ઇનિંગ્સની શરૂઆત કરીશ. આનાથી મને યોગ્ય રીતે તૈયારી કરવામાં મદદ મળી હતી.

સેમસને કહ્યું હતું, આ પછી હું રાજસ્થાન રોયલ્સ એકેડમી ગયો અને ત્યાં નવા બોલરો સામે પ્રેક્ટિસ કરી હતી. મને લાગે છે કે હું આ શ્રેણીમાં અન્ય કોઈપણ શ્રેણી કરતાં ૧૦ ટકા વધુ તૈયાર છું. ■

# વોશિંગ્ટન સુંદરે હાર્દિક પંડ્યા અને રિયાન પરાગને પછાડી જીત્યો 'ઈમ્પેક્ટ ફિલ્ડર'નો એવૉર્ડ

હૈદરાબાદઃ ભારતના યુવા ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરે બાંગ્લાદેશ સામે તાજેતરમાં સમાપ્ત થયેલી ટી-૨૦ સિરીઝમાં તેની શાનદાર ફિલ્ડિંગ માટે ભારતીય ક્રિકેટ ટીમનો 'ઈમ્પેક્ટ ફિલ્ડર' એવૉર્ડ જીત્યો હતો. વોશિંગ્ટને આ એવૉર્ડની રેસમાં હાર્દિક પંડ્યા અને રેયાન પરાગને પાછળ છોડી દીધા છે.




ભારતના ફિલ્ડિંગ કોચ ટી દિલીપે વોશિંગ્ટનના ફિલ્ડિંગમાં તેના શાનદાર સુધારાની પ્રશંસા કરી અને કહ્યું કે ફિલ્ડિંગ કરતી વખતે તે એક અલગ પ્રકારના ખેલાડી જેવો દેખાતો હતો.

સંજુ સેમસનની શાનદાર સદીની મદદથી ભારતે શનિવારે અહીં રમાયેલી ત્રીજી મેચમાં બાંગ્લાદેશને ૧૩૩ રને હરાવીને ટી-૨૦ સિરીઝ ૩-૦થી જીતી લીધી હતી અને આ રીતે ટેસ્ટ અને ટી-૨૦ શ્રેણીમાં ૫-૦થી ક્લીન સ્વીપ કરી લીધું હતું. દિલીપના મતે આ એવૉર્ડનો દાવેદાર હાર્દિક પંડ્યા હતો. ફિલ્ડિંગ કોચે મેદાન પરની તેમની ઊર્જાની સરખામણી 'ટોપ ગિયરમાં ફોર્મ્યુલા વન કાર' સાથે કરી હતી. મુશ્કેલ કેચ પણ ખૂબ જ સરળ બનાવવા માટે પરાગ બીજો દાવેદાર હતો.

પરંતુ વોશિંગ્ટને બાઉન્ડ્રી લાઇન પર શાનદાર ફિલ્ડિંગની મદદથી બંનેને પાછળ છોડી દીધા. તેણે શ્રેણીમાં ત્રણ કેચ લીધા અને પ્રતિ ઓવર માત્ર પાંચ રનના ઉત્તમ ઈકોનોમી રેટ સાથે બોલિંગ કરી હતી.

એવૉર્ડ જીત્યા બાદ વોશિંગ્ટને કહ્યું હતું કે, ''તે ખરેખર આશ્ચર્યજનક લાગે છે,'' જ્યારે પણ હું મેદાન પર હોઉં છું ત્યારે મારું ૧૦૦ ટકા યોગદાન આપવાનો પ્રયત્ન કરું છું. પરિસ્થિતિ ગમે તે હોય દરેક ખેલાડી મેદાન પર યોગદાન આપી શકે છે. હું આ એવૉર્ડ માટે આભારી છું. હું દિલીપ સર અને સપોર્ટ સ્ટાફના અન્ય સભ્યોનો આભાર વ્યક્ત કરું છું.'' ભારત હવે ૧૬ ઑક્ટોબરથી બેંગલૂરુમાં શરૂ થનારી ત્રણ ટેસ્ટની સિરીઝમાં ન્યૂ ઝીલેન્ડ સામે ટકરાશે. ■

# ટી-૨૦માં ૫૦ વિકેટ ઝડપનાર સૌથી યુવા ભારતીય બોલર બન્યો રવિ બિશ્નોઇ

હૈદરાબાદઃ હૈદરાબાદમાં રમાયેલી ત્રીજી ટી-૨૦ મેચમાં ભારતે બાંગ્લાદેશને ૧૩૩ રને હરાવ્યું હતું. સંજુ સેમસન અને સૂર્યકુમાર યાદવની શાનદાર ઈનિંગ્સ બાદ રવિ બિશ્નોઈએ પણ સનસનાટી મચાવી હતી. તેણે ચાર ઓવરમાં ૩૦ રન આપીને ત્રણ વિકેટ લીધી હતી. બિશ્નોઈએ બાંગ્લાદેશના કેપ્ટન નઝમુલ હુસૈન શાંતો, લિટન દાસ અને રિશાદ હુસૈનની વિકેટ લીધી હતી. નઝમુલે ૧૪ રન, લિટને ૨૫ બોલમાં ૪૨ રન કર્યા હતા. બિશ્નોઈએ રિશાદને ખાતું ખોલવા દીધું ન હતું. લિટનની વિકેટ સાથે જ બિશ્નોઈએ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૫૦ વિકેટ પૂરી કરી હતી. તે અર્શદીપ સિંહ અને જસપ્રીત બુમરાહને પાછળ છોડીને ૫૦ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય વિકેટ લેનારો સૌથી યુવા ભારતીય બન્યો છે.




રવિ બિશ્નોઈએ મેડન ઓવરમાં વિકેટ લઈને પોતાના સ્પેલની શરૂઆત કરી હતી. તેની પહેલી જ ઓવરમાં તેણે શાંતોને પેવેલિયન મોકલી દીધો. ત્યારબાદ તેણે લિટનને તેની ત્રીજી ઓવરમાં અને રિશાદને છેલ્લી ઓવરમાં આઉટ કર્યો હતો. ૫૦ વિકેટ પૂરી કરવા સમયે રવિ બિશ્નોઈની ઉંમર ૨૪ વર્ષ અને ૩૭ દિવસ હતી. જ્યારે અર્શદીપે ૨૪ વર્ષ અને ૧૯૬ દિવસની ઉંમરમાં આ કર્યું હતું. જસપ્રીત બુમરાહે ૨૫ વર્ષ અને ૮૦ દિવસની ઉંમરમાં સિદ્ધિ હાંસલ કરી હતી.

મેચની દૃષ્ટિએ ૫૦ ટી-૨૦ ઈન્ટરનેશનલ વિકેટ પૂરી કરનાર અર્શદીપ સાથે રવિ બિશ્નોઈ બીજો સૌથી ઝડપી બોલર છે. આ માટે રવિ અને અર્શદીપે સંયુક્ત રીતે ૩૩-૩૩ મેચ લીધી છે. જ્યારે યુઝવેન્દ્ર ચહલે ૩૪ મેચ રમીને ૫૦ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય વિકેટ પૂરી કરી હતી અને બુમરાહે ૪૧ મેચ રમીને ૫૦ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય વિકેટ પૂરી કરી હતી.

આ સિવાય બાંગ્લાદેશની ઇનિંગના પહેલા જ બોલ પર મયંક યાદવે વિકેટ લીધી હતી. તેણે પરવેઝ હુસૈન ઈમોનને રિયાન પરાગના હાથે કેચ કરાવ્યો. મયંક ઈનિંગના પ્રથમ બોલ પર વિકેટ લેનારો ભારતનો ચોથો બોલર છે. તેની પહેલા ભુવનેશ્વર કુમારે ત્રણ વખત અને હાર્દિક પંડ્યા-અર્શદીપ સિંહે એક-એક વખત આ સિદ્ધિ હાંસલ કરી છે. ■

# સચિન તેંડુલકર બન્યા 'ક્રિકેટ ગુરુ'

## ભારત જ નહીં હવે અમેરિકામાં યુવા ક્રિકેટરોને આપશે ટ્રેનિંગ

હ્યુસ્ટન (અમેરિકા): ભારતના દિગ્ગજ બેટ્સમેન સચિન તેંડુલકર અમેરિકાના ટેક્સાસમાં નેશનલ ક્રિકેટ લીગ ફાઈનલ દરમિયાન ખાસ ક્રિકેટ ક્લિનિકમાં યુવા ક્રિકેટરોને ક્રિકેટના પાઠ ભણાવશે. આ ક્રિકેટ ક્લિનિક યુ.એસ.માં યુવા ક્રિકેટરોને પ્રેરણા આપવા અને રમતને પાયાના સ્તરે પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે યુનિવર્સિટી ઓફ ટેક્સાસ ખાતે યોજવામાં આવશે.



સચિન તેંડુલકરે કહ્યું હતું કે ક્રિકેટે મને ઘણું આપ્યું છે અને હવે તેને પાછું આપવાનો મારો વારો છે. હું આ યુવા ખેલાડીઓને મળીને અને તેમને બતાવવા માટે ઉત્સાહિત છું કે સખત મહેનત અને જુસ્સાથી કંઈપણ હાંસલ કરી શકાય છે.

નેશનલ ક્રિકેટ લીગના પ્રમુખ અરુણ અગ્રવાલે તેંડુલકરની ભાગીદારીના મહત્વ વિશે કહ્યું હતું કે ''તે ક્રિકેટ કરતાં પણ વધુ મહત્ત્વનું છે. તે અન્ય લોકોને તેમની આશાઓ અને સપના સાકાર કરવા માટે પ્રેરણા આપવા વિશે છે. સચિન જેવી વ્યક્તિ આ યુવા ખેલાડીઓને માર્ગદર્શન આપે છે તે ખૂબ જ અર્થપૂર્ણ છે.''

સુનીલ ગાવસ્કર, વસીમ અકરમ અને સર વિવિયન રિચર્ડ્સ સહિત ઘણા દિગ્ગજ ક્રિકેટરો એનસીએલ સાથે જોડાયેલા છે. શાહિદ આફ્રિદી, સુરેશ રૈના, શાકિબ અલ હસન અને ક્રિસ લિન જેવા ખેલાડીઓએ પણ નેશનલ ક્રિકેટ લીગની આ સિઝનમાં સેવા આપી હતી. નેશનલ ક્રિકેટ લીગને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલનું સમર્થન છે. ■

### આઈપીએલ ૨૦૨૫ અગાઉ મુંબઇ ઇન્ડિયન્સનો મોટો નિર્ણય

# બાઉચરના બદલે શ્રીલંકાના જયવર્દનને બનાવ્યો હેડ કોચ

મુંબઇઃ ઇન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૫ મેગા ઓક્શન પહેલા મુંબઈ ઈન્ડિયન્સમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. ફ્રેન્ચાઇઝીએ તેના મુખ્ય કોચ માર્ક બાઉચરને હટાવી દીધો છે. બાઉચરના સ્થાન પર શ્રીલંકાના પૂર્વ કેપ્ટન મહેલા જયવર્દને ફરી એકવાર મુખ્ય કોચની જવાબદારી સોંપી છે. મુંબઈ ઈન્ડિયન્સે રવિવારે ૧૩ ઓક્ટોબરે જયવર્દનેની વાપસીની જાહેરાત કરી હતી. જયવર્દને અગાઉ ૨૦૧૭ થી ૨૦૨૨ સુધી સતત ૬ સિઝન માટે મુંબઈ ઈન્ડિયન્સનો મુખ્ય કોચ હતો, પરંતુ છેલ્લી બે સિઝનથી તે ફ્રેન્ચાઈઝીના ગ્લોબલ હેડ ઓફ ક્રિકેટની ભૂમિકા ભજવી રહ્યા હતા.




માર્ક બાઉચર ૨૦૨૩ અને ૨૦૨૪માં મુંબઈ ઈન્ડિયન્સના મુખ્ય કોચ હતા. પરંતુ હવે જયવર્દને તેનું સ્થાન લેશે. કોચ તરીકે જયવર્દનેનો રેકોર્ડ સારો છે. જયવર્દનેની હાજરીમાં મુંબઈએ ત્રણ ટાઇટલ જીત્યાં હતાં. ટીમે ૨૦૧૭, ૨૦૧૯ અને ૨૦૨૦માં આઈપીએલનું ટાઇટલ જીત્યું હતું. મુંબઈ અત્યાર સુધીમાં પાંચ વખત ટાઈટલ જીત્યું છે. મુંબઈએ ૨૦૨૨માં જયવર્દનેને મહત્ત્વની જવાબદારી સોંપી હતી. તેમને ક્રિકેટના ગ્લોબલ હેડ બનાવવામાં આવ્યા હતા. આ સમયગાળા દરમિયાન તેણે વિમેન્સ પ્રીમિયર લીગમાં મુંબઈ ઈન્ડિયન્સને પણ મદદ કરી હતી.

મુંબઈએ ૨૦૨૩ની સિઝન પહેલા દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ ખેલાડી માર્ક બાઉચરને ટીમના કોચ બનાવવામાં આવ્યા હતા. પરંતુ તેના કાર્યકાળ દરમિયાન ટીમનું પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું હતું. ખાસ કરીને છેલ્લી સિઝનમાં હાર્દિક પંડ્યાની વાપસી અને રોહિત શર્માને કેપ્ટન પદેથી હટાવવા પછી સર્જાયેલા વિવાદે સમગ્ર સિઝન દરમિયાન ફ્રેન્ચાઈઝીને ચર્ચામાં રાખી હતી. મેદાન પર ટીમના સતત ખરાબ પ્રદર્શનનું પરિણામ એ આવ્યું કે ટીમ પોઈન્ટ ટેબલમાં છેલ્લા સ્થાને રહી હતી.

માત્ર જયવર્દને જ નહીં પરંતુ ટીમ ઈન્ડિયાના પૂર્વ બોલિંગ કોચ પારસ મહામ્બ્રે પણ ફ્રેન્ચાઈઝીમાં પરત ફર્યા છે. પારસ જે લગભગ અઢી વર્ષ સુધી ટીમ ઈન્ડિયામાં રાહુલ દ્રવિડના કોચિંગ સ્ટાફનો ભાગ હતા. તે હવે વર્તમાન બોલિંગ કોચ લસિથ મલિંગા સાથે મળીને કામ કરશે. ■

# ઇમર્જિંગ એશિયા કપ માટે ભારતીય ટીમ જાહેર, તિલક વર્માને સોંપાઇ કેપ્ટનશિપ

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટ કંન્ટ્રોલ બોર્ડે ઓમાનમાં યોજાનાર મેન્સ ટી-૨૦ ઇમર્જિંગ ટીમ એશિયા કપ માટે ઇન્ડિયા-એ ટીમની જાહેરાત કરી હતી. ટુર્નામેન્ટ ૧૮ ઓક્ટોબરથી શરૂ થશે જ્યારે ફાઈનલ ૨૭ ઓક્ટોબરે રમાશે. ટૂર્નામેન્ટમાં ૮ ટીમો ભાગ લઈ રહી છે જેમાં યજમાન ઓમાનની સાથે ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનની ટીમો સામેલ છે. ભારતે ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી હતી. તિલક વર્માને ઇન્ડિયા-એ ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. યુવા ઓપનર અભિષેક શર્માનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જે બાંગ્લાદેશ સામેની ટી-૨૦ શ્રેણીમાં ફોર્મ સાથે સંઘર્ષ કરતો જોવા મળ્યો હતો. અભિષેક શર્મા સતત બીજી વખત ઇમર્જિંગ એશિયા કપમાં રમશે. છેલ્લી વખત ભારત યશ ધુલની કેપ્ટનશિપમાં આ ટુર્નામેન્ટમાં રમ્યું હતું જ્યાં ફાઇનલમાં પાકિસ્તાન સામે હાર્યું હતું. આઈપીએલ ફ્રેન્ચાઈઝી લખનઉ સુપર જાયન્ટ્સના બેટ્સમેન આયુષ બદોનીને પણ ટીમમાં સ્થાન મળ્યું છે, જ્યારે ચેન્નઈ સુપર કિંગ્સનો સ્ટાર ખેલાડી નિશાંત સંધુ અને મુંબઈ ઈન્ડિયન્સનો બિગ હિટર નેહલ બઢેરા સાથે રમનદીપ સિંહ પણ ઈન્ડિયા-એ ટીમમાં સામેલ છે.




**ઇમર્જિંગ એશિયા કપ ૨૦૨૪ માટે ભારતની ટીમ**

તિલક વર્મા (કેપ્ટન), અભિષેક શર્મા, આયુષ બદોની, નિશાંત સિંધુ, રમનદીપ સિંહ, અનુજ રાવત, પ્રભ સિમરન સિંહ, નેહલ વઢેરા, અંશુલ કંબોજ, ઋત્વિક શૌકીન, આકિબ ખાન, વૈભવ અરોરા, રસિખ સલામ, સાંઈ કિશોર, રાહુલ ચાહર. ■

# ભારતે એશિયન ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં ત્રણ મેડલ જીત્યા

### ▶ મહિલા ડબલ્સમાં ઐતિહાસિક બ્રોન્ઝ મેડલ પણ સામેલ

અસ્તાના (કઝાકિસ્તાન): ભારતે રવિવારે અહીં એશિયન ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં મહિલા ડબલ્સમાં ઐતિહાસિક બ્રોન્ઝ સહિત ત્રણ મેડલ સાથે તેના અભિયાનનો અંત કર્યો હતો. ગયા વર્ષે એશિયન ગેમ્સમાં ચીનની વર્તમાન વિશ્વ ચેમ્પિયન જોડીને હરાવીને બ્રોન્ઝ મેડલ જીતનાર આહિકા મુખર્જી અને સુતીર્થા મુખર્જીની વિશ્વમાં ૧૫માં ક્રમાંકિત ભારતીય જોડી સેમિફાઇનલમાં જાપાનના મિવા હરિમોતો અને મિયુ કિહારા સામે ૩૦ મિનિટથી પણ ઓછા સમયમાં ૪-૧૧, ૯-૧૧, ૮-૧૧થી હારી ગઇ હતી.

ભારતીય જોડીને બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો પરંતુ આ પ્રથમ વખત છે જ્યારે ભારતે મહિલા ડબલ્સમાં મેડલ જીત્યો હોય. ભારતીય જોડીએ અગાઉ ક્વાર્ટર ફાઈનલમાં દક્ષિણ કોરિયાના કિમ નાયોંગ અને લી યૂન્હેને હરાવીને મેડલ મેળવ્યો હતો. ભારતીય મહિલા ટીમે અગાઉ ટીમ ઈવેન્ટમાં ઐતિહાસિક બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. મનિકા બત્રા, આહિકા મુખર્જી અને સુતીર્થા મુખર્જીની ભારતીય ટીમ સેમિફાઇનલમાં જાપાન સામે ૧-૩થી હારી ગઈ હતી પરંતુ અંતિમ ચારમાં પહોંચીને તેણે બ્રોન્ઝ મેડલ નિશ્ચિત કરી લીધો હતો. ૧૯૭૨માં આ સ્પર્ધા શરૂ થયા બાદ આ પ્રથમ વખત હતું જ્યારે ભારતે મહિલા ટીમ ઈવેન્ટમાં મેડલ જીત્યો હતો. મેન્સ કેટેગરીમાં અચંતા શરથ કમલ, માનવ ઠક્કર અને હરમીત દેસાઈની ભારતીય ટીમ સેમિફાઈનલમાં ચીની તાઈપેઈ સામે ૦-૩થી હારી ગઈ હતી, પરંતુ છેલ્લા ચારમાં પહોંચીને તે સતત ત્રીજી વખત મેડલ જીતવામાં સફળ રહી હતી. મેન્સ સિંગલ્સમાં માનવ ઠક્કર અને માનુષ શાહ પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં હાર્યા બાદ બહાર થઈ ગયાં હતાં. ઠક્કરનો હોંગકોંગના બાલ્ડવિન ચાન સામે ૪-૧૧, ૪-૧૧, ૮-૧૧થી પરાજય થયો હતો. ■

# જેનિક સિનર બન્યો શાંઘાઇ માસ્ટર્સ ચેમ્પિયન

શાંઘાઈઃ ટોચના ક્રમાંકિત ટેનિસ ખેલાડી યાનિક સિનરે રવિવારે અહીં ૨૪ વખતના ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન બનનારા નોવાક જોકોવિચને સીધા સેટમાં હરાવીને શાંઘાઈ માસ્ટર્સ ટેનિસ ટુર્નામેન્ટનું ટાઇટલ જીત્યું હતું. ઇટાલિયન ખેલાડીએ જોકોવિચને ૭-૬ (૪), ૬-૩થી હરાવ્યો હતો.

જોકોવિચ અહીં તેના ટૂર સ્તરના ૧૦૦મું ટાઇટલ જીતવાનો પ્રયાસ કરી રહ્યો હતો. મેન્સ ટેનિસમાં માત્ર જીમી કોનર્સ અને રોજર ફેડરર જ સદીના ટાઈટલનો આંકડો પાર કરી શક્યા છે. કોનોર્સે ૧૦૯ જ્યારે ફેડરરે ૧૦૩ ટૂર લેવલ ટાઇટલ જીત્યા છે. મહિલાઓની વુહાન ઓપનની ફાઇનલમાં બીજા ક્રમાંકિત ખેલાડી આર્યના સબાલેકાનો સામનો સાતમા ક્રમની ઝેંગ કિનવેન સામે થશે. સબાલેન્કા આ સીઝનમાં તેનું ચોથું ટાઇટલ જીતવાનો પ્રયાસ કરી રહી છે જેમાં તેણે ઓસ્ટ્રેલિયન ઓપન અને યુએસ ઓપન ગ્રાન્ડ સ્લેમ પણ જીત્યા છે. ■

# ઈંગ્લેન્ડ સામેની બીજી અને ત્રીજી ટેસ્ટ મેચઃ પાકિસ્તાનની ટીમ જાહેર, બાબર, શાહીન અને નસીમ શાહ બહાર

મુલતાનઃ પાકિસ્તાને ઈંગ્લેન્ડ સામે રમાનારી ટેસ્ટ શ્રેણીની બીજી અને ત્રીજી મેચ માટે ટીમની જાહેરાત કરી દીધી છે. શાન મસૂદની કેપ્ટનશિપવાળી ટીમમાં નવા ખેલાડીઓને સ્થાન મળ્યું છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ખરાબ ફોર્મમાં રહેલા સ્ટાર બેટ્સમેન બાબર આઝમ, શાહીન આફ્રિદી, નસીમ શાહ અને સરફરાઝ અહેમદને ટીમમાંથી બહાર કરી દીધા છે. પીસીબીએ આ ચાર ખેલાડીઓને ટીમમાંથી બહાર કરી દીધા છે. સરફરાઝ મુખ્ય ટીમનો ભાગ નહોતો.




બાબર આઝમ




શાન મસૂદ

મુલતાનમાં રમાયેલી પ્રથમ મેચમાં પાકિસ્તાનને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. એવું માનવામાં આવતું હતું કે નવી પસંદગી સમિતિની સલાહ પર બાબરને પડતો મૂકવામાં આવી શકે છે. પ્રથમ મેચમાં હાર બાદ શુક્રવારે લાહોરમાં સમિતિની બેઠક મળી હતી. હવે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે મોટો નિર્ણય લીધો છે અને બાબરને બીજી ટેસ્ટમાંથી બહાર કરી દીધો છે.

બાબર ઉપરાંત ફાસ્ટ બોલર શાહીન આફ્રિદી અને નસીમ શાહને પણ બહાર કરવામાં આવ્યા છે. શુક્રવાર બાદ શનિવારે મુલતાનમાં પસંદગી સમિતિની ફરી બેઠક થઈ જેમાં પીસીબી અધ્યક્ષ મોહસિન નકવી પણ હાજર રહ્યા હતા. આ ઉપરાંત ત્રણ વર્ષના કોન્ટ્રાક્ટ પર નિમાયેલા પાંચ મેન્ટર પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા. પ્રથમ મેચમાં હાર બાદ પાકિસ્તાનના ટેસ્ટ કેપ્ટન શાન મસૂદે બાબરનું સમર્થન કર્યું હતું અને તેને પાકિસ્તાનનો સર્વશ્રેષ્ઠ બેટ્સમેન ગણાવ્યો હતો. મસૂદે કહ્યું હતું કે ખેલાડીઓને સમય આપવો જરૂરી છે. બાબરે ડિસેમ્બર ૨૦૨૨ પછીથી ટેસ્ટમાં અડધી સદી ફટકારી નથી.

આ ખેલાડીઓના બદલે હસીબુલ્લાહ, મેહરાન મુમતાઝ, કામરાન ગુલામને ટીમમાં સ્થાન મળ્યું છે. પુરુષોની રાષ્ટ્રીય પસંદગી સમિતિના સભ્ય આકિબ જાવેદે કહ્યું કે પસંદગીકારો માટે ઈંગ્લેન્ડ સામેની આગામી ટેસ્ટ માટે ટીમની પસંદગી કરવી એ એક પડકારજનક કાર્ય છે. અમારે વર્તમાન ખેલાડીઓના ફોર્મ, શ્રેણીમાં તેમની વાપસી અને પાકિસ્તાનના ૨૦૨૪-૨૫ના આંતરરાષ્ટ્રી કાર્યક્રમને ધ્યાનમાં લેવો પડશે. આ બાબતોને ધ્યાનમાં રાખીને અને પાકિસ્તાન ક્રિકેટ તેમજ ખેલાડીઓના શ્રેષ્ઠ હિતમાં અમે બાબર આઝમ, નસીમ શાહ, સરફરાઝ અહેમદ અને શાહીન શાહ આફ્રિદને આરામ આપવાનો નિર્ણય કર્યો છે.

નવી સમિતિમાં આકિબ જાવેદ, અસદ શફીક, અઝહર અલી, ભૂતપૂર્વ આઇસીસી અમ્પાયર અલીમ દાર, હસન ચીમા અને કેપ્ટન અને મુખ્ય કોચનો સમાવેશ થાય છે. એવું માનવામાં આવે છે કે શુક્રવારે યોજાયેલી બેઠકમાં મસૂદ અને ગિલેસ્પી સામેલ નહોતા. પસંદગીકારો શનિવારે કેપ્ટન અને કોચ તેમજ પીસીબી ક્યુરેટર ટોની હેમિંગને મળવા મુલતાન ગયા હતા. એવું માનવામાં આવે છે કે શનિવારે મળેલી બેઠકમાં કેટલાક મેન્ટર બાબરને ટીમમાં રાખવાની તરફેણમાં હતા પરંતુ બહુમતનો અભિપ્રાય તેમને ટીમમાંથી બહાર કરવાના પક્ષમાં હતો.

**ઈંગ્લેન્ડ સામેની બીજી અને ત્રીજી ટેસ્ટ માટે પાકિસ્તાનની ટીમ**

શાન મસૂદ (કેપ્ટન), સઉદ શકીલ (વાઈસ-કેપ્ટન), આમિર જમાલ, અબ્દુલ્લા શફીક, હસીબુલ્લાહ (વિકેટકીપર), કામરાન ગુલામ, મેહરાન મુમતાઝ, મીર હમઝા, મોહમ્મદ અલી, મોહમ્મદ હુરાએરા, મોહમ્મદ રિઝવાન (વિકેટકીપર), નોમાન અલી, સઇમ અયૂબ, સાજિદ ખાન, સલમાન અલી આગા અને ઝાહિદ મેહમૂદ. ■

# વિદેશી ફંડો દ્વારા ૧૨ દિવસમાં ₹૫૮૭૧૧ કરોડના શૅરોની વેચવાલી

મુંબઈ : ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈઝ) ભારતીય શેર બજારોમાં છેલ્લા એક પખવાડિયામાં શેરોમાં મોટાપાયે વેચવાલ બનીને ઈન્ડિયા એક્ઝિટ લઈ રહ્યા છે. જીઓપોલિટીકલ ટેન્શનની સાથે તાજેતરમાં ચાઈનાએ તેના અર્થતંત્રને પટરી પર લાવવા જંગી સ્ટીમ્યુલસ, રાહતનું પેકેજ જાહેર કરતાં અને વધુ જંગી પેકેજ આજ-કાલમાં જાહેર કરવાની તૈયારી વચ્ચે ફોરેન ફંડો ભારતીય બજારોમાંથી ઉચાળા ભરવા લાગ્યા છે.

ફોરેન ફંડો એટલે કે એફપીઆઈઝ, એફઆઈઆઈઝ દ્વારા ઓકટોબર ૨૦૨૪ મહિનાના પ્રથમ ૧૨ દિવસમાં જ રૂ.૫૮,૭૧૧ કરોડના શેરોની જંગી વેચવાલી કરવામાં આવી છે. એક તરફ ભારતીય બજારોમાં ઘણી કંપનીઓના શેરોના ભાવો તેમના ફંડામેન્ટલથી આગળ નીકળી જઈ અત્યંત મોંઘા બની ગયા છે.

ત્યારે બીજી તરફ જીઓપોલિટીકલ ટેન્શનના પરિણામે ભારતની એનજી સિક્યુરિટી જોખમમાં મૂકાવા લાગી હોઈ ફંડો શેરો વેચી રહ્યા છે. જ્યારે બીજી તરફ ચાઈનાની આર્થિક રિકવરીના અંદાજોએ આ વિદેશી ફંડો તેમનું ભારતમાં રોકાણ પાછું ખેચવા લાગી આ ફંડ ચાઈનાના બજારોમાં ઠાલવી રહ્યાનું કહેવાય છે.

એનએસડીએલના આંકડા મુજબ ઓકટોબરના પ્રથમ ૧૨ મહિનામાં ભારતના શેર બજારોમાં એફપીઆઈઝ દ્વારા કરાયેલી અત્યાર સુધીની સૌથી વધુ વેચવાલી છે. જે રૂ. ૫૮,૭૧૧ કરોડની થઈ છે. ૭ થી ૧૧ ઓકટોબરના સપ્તાહમાં વિદેશી રોકાણકારોએ શેરોમાં રૂ. ૩૧,૫૬૮.૦૩ કરોડના શેરોની વેચવાલી કરી હતી. જ્યારે ગત સપ્તાહમાં રૂ. ૨૭,૧૪૨.૧૭ કરોડના શેરોની ચોખ્ખી વેચવાલી કરી છે.

ભારતીય શેર બજારોમાં અસાધારણ અફડાતફડીના દિવસોમાં એફપીઆઈઝ દ્વારા મોટાપાયે હોલ્ડિંગ વેચવામાં આવ્યું છે. ૩૦, સપ્ટેમ્બરથી ૪, ઓકટોબર ૨૦૨૪ દરમિયાન એફપીઆઈઝ દ્વારા રૂ. ૨૭,૧૪૨.૧૭ કરોડના શેરોની વેચવાલી કરાઈ હતી. જેમાં ખાસ ૪, ઓકટોબરના રૂ.૧૫,૫૦૬ કરોડના શેરોની ચોખ્ખી વેચવાલી કરાઈ હતી.■

# બજાર પર મંદીવાળા હાવીઃ બેન્ચમાર્ક કોન્સોલિડેશન સાધીને રિબાઉન્ડ થવાનો પ્રયાસ કરશે

મુંબઈઃ બજાર અનેક પ્રતિકૂળ સંજોગોમાં ઘેરાઇ ગયું છે. આમાં મુખ્યત્વે ઇરાન અને ઇઝરાયલના સંઘર્ષમાં નવો વળાંક કેવો આવે છે અને તેની તીવ્રતા કેવી રહે છે તે મહત્ત્વનું છે. ચાઇના ફેટકર અને યુએસ ટ્રેઝરી બિલ્સની યિલ્ડમાં વધારા સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)ની વેચવાલી વધુ તીવ્ર બનવાની આશંકા છે. બજારની મુવમેન્ટને કોર્પોરેટ પરિણામ અસર કરશે અને આ પરિણામ નબળા આવવાની ચર્ચા છે. દેશના ઇતિહાસમાં સૌથી મોટા એવા રૂ. ૧૭,૮૦૦ કરોડના હ્યુન્ડાઈના આઇપીઓ પર પણ બજારની નજર રહેશે. આ ઉપરાંત યુએસરીટેલ સેલ્સ ડેટા, ઇસીબીનો વ્યાજ દરનો નિર્ણય, ચાઇના જીડીપી ડેટાની પણ બજાર પર અસર જોવા મળશે.

સમીક્ષા હેઠળના સપ્તાહમાં સેન્સેક્સ ૦.૪ ટકા ઘટીને ૮૧,૩૮૧ પોઇન્ટની સપાટી પર હતો, અને નિફ્ટી ૦.૨ ટકા ઘટીને ૨૪,૯૬૪ પોઇન્ટની સપાટી પર હતો, જ્યારે વ્યાપક બજારોએ બેન્ચમાર્ક સૂચકાંકો કરતાં વધુ સારો દેખાવ કર્યો હતો, કારણ કે નિફ્ટી મિડકેપ ૧૦૦ અને સ્મોલકેપ ૧૦૦ સૂચકાંકો પ્રત્યેક ૧.૩ ટકા વધ્યા હતા.

આ સપ્તાહે બજાર કોન્સોલિડેશન અને વોલેટિલિટીમાં ઘટાડા સાથે રિબાઉન્ડ કરવાનો પ્રયાસ કરશે. બજારના સહભાગીઓ સપ્ટેમ્બર ક્વાર્ટરની કમાણી, હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયા આઇપીઓ, યુએસ રિટેલ વેચાણ, ઇસીબી વ્યાજ દરનો નિર્ણય, ચીનના ત્રીજા ક્વાર્ટરના જીડીપી અને

**ફોરકાસ્ટ**
**નિલેશ વાઘેલા**

ક્રૂડ ઓઇલના ભાવ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

વેલ્યુએશનની ચિંતાઓ, કોર્પોરેટ પરિણામો માટે નીચું આઉટલૂક, હરિયાણાની ચૂંટણીમાં ભાજપની જીત અને એફઆઇઆઇની સતત વેચવાલી વચ્ચે બજાર ૧૧ ઓક્ટોબરના રોજ પૂરા થયેલા સપ્તાહમાં સાધારણ ઘટીને કોન્સોલિડેશનના તબક્કામાં પ્રવેશ્યું હતું. આ અગાઉના સપ્તાહમાં ૪.૫ ટકાના તીવ્ર કરેક્શન નોંધાયું હતું. સપ્તાહ દરમિયાન આરબીઆઈ દ્વારા નીતિવિષયક વલણમાં ફેરફાર નજીકના ગાળામાં રેટ કટની શક્યતા દર્શાવતો નથી.

બીજા ક્વાર્ટરના પરિણામ અને આગામી સમય માટેના ગાઇડન્સ બાદ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ઇન્ફોસિસ અને એચડીએફસી બેન્ક જેવા હેવીવેઇટ શેરો પર થનારી અસર ઉપરાંત હ્યુન્ડાઇ મોટર્સનાસ પ્રાઇમરી માર્કેટના સૌથી મોટા સથી મોટા આઇપીઓની પણ બજારના માનસ પર મોટી અસર જોવા મળશે.

આ અઠવાડિયે, બજારે મિશ્ર વલણ દર્શાવ્યું હતું અને નરમ ટોન સાથે બંધ થયું હતું. ભારતીય બજાર હાલમાં વધુ પડતા ઊંચા મૂલ્યાંકન અને બીજા ત્રિમાસિકના કોર્પોરેટ પરિણામ નબળા રહેવાની ધારણાને કારણે કોન્સોલિડેશનના તબક્કામાં છે. તેનાથી વિપરીત, વિદેશી ફંડો ચાઇનનાના સંદર્ભે આર્બિટ્રેજની તકોનો લાભ ઉઠાવી રહ્યા છે. હરિયાણા અને જમ્મુ અને કાશ્મીર રાજ્યની ચૂંટણીઓમાં શાસક પક્ષના અપેક્ષા કરતાં વધુ મજબૂત પ્રદર્શને સ્થાનિક બજારમાં આશાવાદની એક લહેર લાવી હતી. પરિણામે, વ્યાપક બજારે થોડી સ્થિતિસ્થાપકતા દર્શાવી હતી અને નિફ્ટી૫૦ ઇન્ડેક્સે ૨૪,૮૦૦ના સ્તરે ટેકો મળવાની સાથે બાઉન્સ બેક કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, આ સમર્થન કામચલાઉ પુરવાર થયું. આ અઠવાડિયે, બજાર તેની સકારાત્મકતા જાળવી શક્યું નથી, અને નિફ્ટી ૫૦ ૨૫,૦૦૦ની નીચે બંધ થયો છે.

કોર ફુગાવામાં અણધાર્યા વધારા અને વર્તમાન ભૌગોલિક રાજકીય પડકારોને લીધે, યુએસ ૧૦-વર્ષની ટ્રેઝરી યીલ્ડમાં તાજેતરમાં થયેલા વધારાએ એફઆઇઆઇ અન્ય બજારો તરફ વળવા પ્રેરાયા છે. આ વલણ ટૂંકા ગાળામાં ઇક્વિટી એસેટ કામગીરીને અસર કરે તેવી અપેક્ષા છે. આવતા અઠવાડિયે, બીજા ક્વાર્ટરના પરિણામો પર રોકાણકારોની ખાસ નજર રહેશે.

ટેકનિકલી, એકંદરે નિફ્ટી આ સપ્તાહમાં ૨૪,૭૦૦-૨૫,૫૦૦ની રેન્જમાં રહેવાની શક્યતા છે. ઉપરની બાજુએ ૨૫,૨૦૦-૨૫,૩૦૦ પછી ૨૫,૫૦૦એ નિર્ણાયક અવરોધ છે અને ડાઉનસાઇડ પર, ૨૪,૯૦૦ એ ઇન્ડેક્સ માટે તાત્કાલિક સમર્થન છે. સાપ્તાહિક ઓપ્શન્સ ડેટા દર્શાવે છે કે ૨૫,૦૦૦ની સપાટી બજારને આગળ વધવા માટે મહત્ત્વનું સ્તર પુરુ પાડે તેવી શક્યતા છે, જેમાં ઊંચી બાજુએ ૨૫,૫૦૦ પર અવરોધ અને નીચલી બાજુએ ૨૪,૭૦૦ પર સપોર્ટ છે.

આ અઠવાડિયે મુખ્ય ફોકસ સપ્ટેમ્બર ૨૦૨૪ ક્વાર્ટરની કમાણીની મોસમ પર રહેશે જે ટાટા કન્સલ્ટન્સી સર્વિસે ગયા અઠવાડિયે ઇન-લાઇન નંબરો જાહેર કરીને શરૂ કરી હતી. હવે બધાની નજર આવતા અઠવાડિયે ઈન્ફોસિસના પરિણામો અને આખા વર્ષની આવક વૃદ્ધિ માર્ગદર્શન પર મેનેજમેન્ટ કોમેન્ટ્રી પર રહેશે.

ત્રિમાસિક કમાણીના સ્કોરકાર્ડ જાહેર કરનારી અન્ય નિફ્ટી કંપનીઓમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ઈન્ફોસિસ, એચડીએફસી બેંક, કોટક મહિન્દ્રા બેંક, એચસીએલ ટેક્નોલોજીસ, એચડીએફસી લાઈફ ઈન્સ્યોરન્સ કંપની, બજાજ ઓટો, એક્સિસ બેંક, એલટીઆઇમાઇન્ડટ્રી, ટેક મહિન્દ્રા, નેસ્લે ઈન્ડિયા, વિપ્રો અને ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે. આ કંપનીઓ ઇન્ડેક્સમાં ૩૮ ટકાથી વધુ વેઇટેજ ધરાવે છે.

એચડીએફસી એસેટ મેનેજમેન્ટ કંપની, જિયો ફાઇનાન્સિયલ સર્વિસિસ, એલ એન્ડ ટી ફાઇનાન્સ, એન્જલ વન, સ્ટર્લિંગ એન્ડ વિલ્સન રિન્યુએબલ એનર્જી, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, પીવીઆર ઈંગઘડ, આદિત્ય બિરલા મની, એલ એન્ડ ટી ટેક્નોલોજી સર્વિસ, એમફેસિસ, સીએટ, સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા, હેવેલ્સ ઇન્ડિયા, ઇન્ડિયન ઓવરસીઝ બેંક, જિંદાલ સ્ટેનલેસ, પોલીકેબ ઈન્ડિયા, ટાટા કેમિકલ્સ, ટાટા કોમ્યુનિકેશન્સ, આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની, જિંદાલ સો, એલએન્ડટી ફાઈનાન્સ, ઓબેરોય રિયલ્ટી, ઝી એન્ટરટેઈનમેન્ટ એન્ટરપ્રાઈઝ, એમસીએક્સ ઈન્ડિયા અને આરબીએલ બેંક પણ પરિણામ જાહેર કરશે. ■

# નિફ્ટી ૧૦૦માં ૨૧ ટકા, નિફ્ટી મિડકેપમાં ૪૫ ટકા, નિફ્ટી સ્મોલ કેપમાં ૪૯ ટકા રિટર્ન

મુંબઈઃ શેરબજારમાં દરેક ઊથલપાથલમાં રોકાણકારો માટે તુલનાત્મક રીતે સલામત અને વળતરદાયી સાધન મલ્ટિકેપ ફંડ બની શકે છે. આ એક એવી સ્કીમ હોય છે જે તમામ માર્કેટ કેપ લાર્જકેપ, મિડકેપ અને સ્મોલકેપમાં રોકાણ કરે છે. જ્યારે લાર્જ કેપ શેર બજારના ઘટાડા વખતે રક્ષણ પૂરું પાડે છે, મિડ અને સ્મોલ કેપ શેરો નફો પૂરો પાડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. કોઈ સિંગલ માર્કેટ કેપ સતત આઉટપરફોર્મ કરી શકતું નથી. તેથી રોકાણકારોએ એસેટ ફાળવણી હેઠળ તમામ માર્કેટ કેપમાં રોકાણ કરવું જોઈએ.

વાર્ષિક ધોરણે, ૨૦૨૩માં નિફ્ટી ૧૦૦ ટીઆરઆઇનું વળતર ૨૧ ટકા રહ્યું છે જ્યારે નિફ્ટી મિડકેપ ૧૫૦ ટીઆરઆઇનું વળતર ૪૫ ટકા રહ્યું છે. નિફ્ટી સ્મોલકેપ ૨૫૦ ટીઆરઆઇનું વળતર ૪૯ ટકા રહ્યું છે. સમગ્ર માર્કેટ કેપમાં રોકાણ કરવાનો ફાયદો એ છે કે જોખમ અને વળતર એક માર્કેટ કેપિટલાઇઝેશનમાં કેન્દ્રિત થવાને બદલે સમગ્ર માર્કેટ કેપિટલાઇઝેશનમાં વૈવિધ્યસભર છે.

એક વર્ષમાં સારા વળતર આપનારા ચાર મલ્ટિકેપ ફંડ્સમાં એક્સિસના મલ્ટિકેપે સૌથી વધુ ૫૬.૦૨ ટકા વળતર આપ્યું છે. કોટક મલ્ટિકેપ સ્કીમ એ ૫૨.૮૩ ટકા, એચએસબીસી સ્કીમ એ ૫૧.૯૦ ટકા અને એલઆઇસી મલ્ટિકેપ સ્કીમ એ ૫૧.૩૭ ટકા વળતર આપ્યું છે. એક્સિસ મ્યુચ્યુઅલ ફંડના મલ્ટિકેપ ફંડે નાણાકીય સેવાઓ, ઓટોમોબાઈલ, કેપિટલ ગુડ્સ, હેલ્થકેર, આઈટી, રિયલ્ટી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં મહત્તમ રોકાણ કર્યું છે. મલ્ટિકેપ ફંડ લાર્જકેપ, મિડકેપ, સ્મોલકેપ અને ડાયનેમિકમાં ૨૫-૨૫ ટકા રોકાણ કરે છે. ■

# રાઈટ્સ ઈશ્યૂના નવા નિયમથી મંજૂરી વગર જ શૅરધારકનો હિસ્સો ડાઈલ્યૂટ થશે

## રાઈટ્સ ઈશ્યૂ પૂરો ભરાયો ન હોય તો કંપની બાકીનો હિસ્સો ચોક્કસ રોકાણકારને શૅર ફાળવીને પૂરો કરી શકે છેઃ સેબી

નવી દિલ્હીઃ સેબીએ તાજેતરમાં જે કેટલાક નવા નિયમો જાહેર કર્યા છે તે પૈકી એક નિયમ રાઈટ્સ ઈશ્યૂ સંબંધિત છે જેનો ઉપયોગ પાછલા બારણેથી પ્રેફરન્શિયલ એલોટમેન્ટ માટે થવાનું જોખમ રહેલું છે તેમ કાનૂની નિષ્ણાતો માને છે.

મતલબ કે આ નિયમના અમલથી શેરધારકોની મંજૂરી વગર જ તેમનો હિસ્સો વેચાઈ જાય તેવું પણ બની શકે. જોકે તેમ છતાં પ્રોક્સી એડવાઈઝર્સ સેબીના આ નવા નિયમને આવકારી રહ્યા છે. તેમના મતે કેટલાક તત્વો તેનો દુરુપયોગ કરી શકે છે તેમ છતાં કંપની શેરધારકોના અધિકારનું રક્ષણ કરવાની સાથે ફંડ મેળવી શકશે.

સેબીએ ગત ૩૦ સપ્ટેમ્બરે રાઈટ્સ ઈશ્યૂની પ્રક્રિયા ઝડપી પૂરી થાય તે માટે નવા નિયમો જાહેર કર્યા હતા. તે અંતર્ગત રાઈટ્સ ઈશ્યૂ પૂરો ભરાયો ન હોય તો તે બાકીનો હિસ્સો કોઈ ચોક્કસ રોકાણકારને શેર ફાળવીને પૂરો કરી શકે છે.

જોકે આ અંગે જાહેરખબર આપીને કંપનીએ યોગ્ય ડિસ્ક્લોઝર આપવાના રહેશે. સેબીના ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સંદીપ પારેખે કહ્યું હતું કે આ નિર્ણયથી એક પ્રકારે શેરધારકોની મંજૂરી વગર પ્રેફરન્શિયલ એલોટમેન્ટ થઈ જશે.

શેરધારકોની મંજૂરી વગર હિસ્સો ડાઈલ્યૂટ કરવાની બાબત કાયદાથી વિરુદ્ધ થાય છે. સેબીએ માત્ર એટલું જ કહ્યું છે કે કંપની રાઈટ્સ ઈશ્યૂનો જેટલો હિસ્સો ભરાયો ન હોય તે થર્ડ પાર્ટી ઈન્વેસ્ટર્સને વેચી શકે છે. મતલબ કે પ્રેફરન્શિયલ એલોટમેન્ટ માટે કંપનીઝ એક્ટ હેઠળ આ હિસ્સો ફાળવવામાં આવશે.

એક અન્ય નિષ્ણાતો કહ્યું હતું કે શેરધારકોને રાઈટ્સ ઈશ્યૂમાં ભાગ લેવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે જેના દ્વારા તેઓ તેમનું હિત જાળવી શકે. પરંતુ જો રોકાણકાર આ વિકલ્પનો ઉપયોગ ન કરો તો કંપની કંપની સફળતાપૂર્વક નાણાં મેળવી શકતી નથી. જો ઈશ્યૂ ઓછો ભરાયો હોય અને કંપનીને નાણાંની જરૂર હોય તો પ્રેફરન્શિયલ એલોટમેન્ટ માટે અને શેરધારકોની મંજૂરી માટે વધારે સમયની જરૂર પડે. ■

# બીએસઈના માર્કેટ કેપિટલમાં ₹ ૧.૩૮ લાખ કરોડની વૃદ્ધિ

મુંબઇઃ શેરબજારમાં હવે અફડાતફડી વધવાની સંભાવના છે. વિગત સપ્તાહ દરમિયાન હેલ્થકેર, ઓટો અને કેપિટલ ગુડ્સ શેરો વધ્યા, મેટલ અને એફએમસીજી શેરો ઘટ્યા માર્કેટ કેપમાં માત્ર રૂ.૧.૩૮ લાખ કરોડની વૃદ્ધિ જોવા મળી હતી. બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૮૧,૬૮૮.૪૫ના બંધથી પોઈન્ટ્સ (૦.૩૮ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૭ ઓક્ટોબર અને સોમવારે ૮૧,૯૨૬.૯૯ ખૂલી એ જ દિવસે નીચામાં ૮૦,૭૨૬.૦૬ સુધી અને ૯ ઓક્ટોબર અને બુધવારે ઊંચામાં ૮૨,૩૧૯.૨૧ સુધી જઈ સપ્તાહ અંતે ૮૧,૩૮૧.૩૬ બંધ રહ્યો હતો.

આ સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ.૪૬૨.૨૭ લાખ કરોડ રહ્યું હતું, જે ૪ ઓક્ટોબરના શુક્રવારના અંતે રૂ.૪૬૦.૮૯ લાખ કરોડ હતું. બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૧.૫૯ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૦.૨૦ ટકા, બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૦.૩૦ ટકા, બીએસઈ મિડકેપ ૧.૧૧ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૧૭ ટકા વધ્યા હતા. આઈપીઓ ૦.૮૭ ટકા અને એસએમઈ આઈપીઓ ૨.૨૦ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ઈન્ડેક્સમાં બીએસઈ હેલ્થકેર ૨.૦૨ ટકા, ઓટો ૧.૯૮ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૮૨ ટકા, ટેક ૧.૧૧ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૧.૧ ટકા, રિયલ્ટી ૦.૮૬ ટકા અને પાવર ૦.૭૭ ટકા વધ્યા હતા, જ્યારે મેટલ ૧.૮૪ ટકા, એફએમસીજી ૧.૭૩ ટકા, ઓઈલ એન્ડગેસ ૧.૧૫ ટકા, ઈન્ફ્રાસ્ટ્રકચર ૦.૬૪ ટકા, પીએસયુ ૦.૪૧ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૩૮ ટકા અને બેન્કેક્સ ૦.૨૨ ટકા ઘટ્યા હતા.

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦ શેરોમાંથી સૌથી અધિક વધેલા ચાર શેરોમાં કોટક બેન્ક ૩.૯૪ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૩.૭૬ ટકા, એચસીએલ ટેકનોલોજી ૩.૪૫ ટકા, ભારતી એરટેલ ૨.૭૪ ટકા, અને ટેક મહિન્દ્ર ૧.૭૮ ટકા વધ્યે હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક ઘટેલા પાંચ શેરોમાં ટાઈટન ૫.૪૧ ટકા, તાતા સ્ટીલ ૩.૭૬ ટકા, નેસ્લે ૩.૪૬ ટકા, આઈટીસી ૩.૦૭ ટકા અને પાવર ગ્રીડ ૨.૬૭ ટકા ગબડ્યો હતો. જ્યારે એ ગ્રુપની ૭૨૬ કંપનીઓમાં ૩૫૫ સ્ક્રિપ્સના ભાવ વધ્યા, ૩૭૧ સ્ક્રિપ્સના ભાવ ઘટ્યા હતા. બી ગ્રુપની ૧,૧૩૨ કંપનીઓમાંથી ૬૦૩ વધી હતી, ૫૨૩ ઘટી અને છ સ્ક્રિપ્સ સ્થિર રહી હતી.

સેન્સેક્સમાંની ૧૦ સ્ક્રિપ્સ વધી હતી અને ૨૦ ઘટી હતી. બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સમાંની ૪૩ સ્ક્રિપ્સ વધી હતી અને ૫૭ ઘટી હતી. બીએસઈ ૨૦૦ સમાવિષ્ટ ૯૪ સ્ક્રિપ્સ વધી અને ૧૦૬ ઘટી હતી, મિડકેપમાંની ૧૩૨ સ્ક્રિપ્સમાંથી ૬૬ વધી, ૬૬ ઘટી હતી. સ્મોલ કેપમાંની ૯૪૮ સ્ક્રિપ્સમાંથી ૫૦૫ વધી હતી, ૪૪૩ ઘટી હતી.

સપ્તાહ દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ) રૂ.૪૦,૨૬૮.૬૯ કરોડની ચોખ્ખી લેવાલી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ.૩૭,૫૭૧.૯૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. ■

# કારના વેચાણમાં એક સપ્તાહમાં 30 ટકાનો વધારો

અમદાવાદઃ નવરાત્રીના આગમન સાથે ત્રણ મહિનાથી સતત મંદ પડેલા ઓટો સેક્ટરમાં નવો પ્રાણ ફૂંકાયો છે. આ વર્ષે ગણપતિ ઉત્સવ દરમિયાન પણ વેચાણ સારૂં ન રહેતા ઓટોમેકર્સ અને ડીલરો ચિંતિત હતા પરંતુ નવરાત્રી દરમિયાન વાહનોનું નોંધપાત્ર વેચાણ દિવાળી માટે ઉત્સાહ જગાવી રહ્યો છે. શ્રાદ્ધ સમાપ્ત થવાની અને નવરાત્રી શરૂ થવાની સાથે કારની ડીલિવરીઓ પણ વધી રહી છે અને સિઝનલ ડિમાન્ડ પણ વધી છે.

અહેવાલ અનુસાર ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં કારના શોરૂમમાં ગ્રાહકોની સંખ્યામાં ત્રણ ગણો વધારો જોવા મળ્યો છે. માત્ર ઈન્કવાયરી જ નહિ પરંતુ વાસ્તવિક વેચાણમાં પણ લગભગ ૩૦ ટકાનો વધારો થયો છે. મધ્ય ભારત, રાજસ્થાન, દિલ્હી જેવા વિસ્તારોમાં કારના વેચાણમાં સારી વૃદ્ધિ જોવા મળી રહી છે પરંતુ ઉત્તર પ્રદેશ અને બિહાર જેવા રાજ્યોમાં વેચાણમાં વૃદ્ધિ હજુ મંદ છે. કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં અનિયમિત વરસાદના કારણે સમસ્યા સર્જાઈ હતી અને કેટલીક જગ્યાએ પાક વેચવાનો બાકી હતો તેથી સ્થિતિ આગામી સમયમાં સુધરી શકે છે. અંદાજે રૂ. ૮૦,૦૦૦ કરોડની ઇન્વેન્ટરી એટલે કે લગભગ ૮૦ દિવસનો સ્ટોક ધરાવતા ઓટો સેક્ટરને હવે ઝડપથી ગાડી પાટે ચઢવાની આસ છે. કાર કંપનીઓના વાર્ષિક વેચાણમાં તહેવારોની સિઝનનો હિસ્સો ૩૦-૪૦ ટકા જેટલો હોય છે તેથી જ આ વર્ષે ઉદ્યોગ ઓફર્સ અને ડિસ્કાઉન્ટ દ્વારા ઇન્વેન્ટરી બેકલોગને ઘટાડવા કરવા માગે છે. હિંદુ માન્યતા અનુસાર નવરાત્રી નવા કાર્યો માટે ખૂબ જ શુભ માનવામાં આવે છે. આવી સ્થિતિમાં લોકોએ સપ્ટેમ્બર મહિનાથી જ વાહનોનું બુકિંગ શરૂ કરી દે છે. સાથે જ નવરાત્રી જ નહીં, આ વખતે ધનતેરસ, દિવાળી સહિત સમગ્ર તહેવારોની સિઝનમાં સારો ધંધો થાય તેવી અપેક્ષા છે. ■

# ચીનનું સ્ટિમ્યુલસ પેકેજ અર્થતંત્રને વેગ આપવામાં કારગત નહીં નિવડે, ભારતનું અર્થતંત્ર મજબૂતઃ વર્લ્ડ બેન્ક

નવી દિલ્હીઃ વિશ્વની મહાસત્તા એવા અમેરિકા અને ચીનમાં આર્થિક સંકટના વાદળો ઘેરાવા લાગ્યા છે ત્યારે તાજેતરમાં ચીનના ઉત્તેજક પગલાં રજૂ કરવામાં આવ્યા છે પરંતુ આ તેની આર્થિક વૃદ્ધિમાં મંદીને રોકવા માટે પૂરતા નથી. આ સમસ્યાઓ તેના પડોશી દેશોની અર્થવ્યવસ્થા પર પણ બોજ બની જશે.

વર્લ્ડ બેંકેના નવા રિપોર્ટમાં આ સંભાવનાઓ વ્યક્ત કરી છે. વર્લ્ડ બેંકના જણાવ્યા અનુસાર આગામી વર્ષે ચીનનો આર્થિક વિકાસ દર ઘટીને ૪.૩ ટકા થઈ જશે. આ ૨૦૨૪ના ૪.૮ ટકા અનુમાન કરતાં ઓછું છે. દરમિયાન, પૂર્વ એશિયા અને પેસિફિક ક્ષેત્રમાં આર્થિક વૃદ્ધિ આ વર્ષે ૪.૮ ટકા થી ઘટીને ૨૦૨૫માં ૪.૪ ટકા થઈ શકે છે.

ચીનની ધીમી વૃદ્ધિથી પૂર્વ એશિયાઈ દેશોની વૃદ્ધિ પણ ધીમી પડશે, જેમને આયાત માટે ચીનની માંગમાં વધારો થવાથી ફાયદો થયો હતો. ચીનની વૃદ્ધિમાં એક ટકાનો ઘટાડો પડોશી વિકાસશીલ દેશોના જીડીપી વૃદ્ધિમાં ૦.૨૧ ટકા ઘટાડો કરી શકે છે.

આગામી દાયકામાં ભારતની જીડીપી ૨૪ દેશોમાં સૌથી ઝડપી હશે. આગામી દાયકામાં જગતના ૨૪ મોટા દેશોમાં ભારતની કુલ સ્થાનિક ઉત્પાદનની વૃદ્ધિ સૌથી ઝડપી હશે. રે ડાલિયોના ધ ગ્રેટ પાવર્સ ઈન્ડેક્સ ૨૦૨૪ મુજબ જે વિવિધ દેશોના આર્થિક સ્વાસ્થ્યને તપાસે છે, ભારત ૬.૩૦% ની સરેરાશ જીડીપી ગ્રોથ સાથે ટોચના સ્થાને રહેશે.

એ જ સમયે ચીન ચાર ટકાની સરેરાશ જીડીપી વૃદ્ધિ સાથે તુર્કી સાથે સંયુક્ત રીતે ચોથા ક્રમે આવશે. આ યાદીમાં ઈન્ડોનેશિયાને ચીન અને સાઉદી અરેબિયા બીજા સ્થાને રાખવામાં આવ્યું છે. આનો અર્થ એ છે કે ચીનની અર્થવ્યવસ્થા ઇન્ડોનેશિયા અને સાઉદી અરેબિયા કરતાં પણ ખરાબ પ્રદર્શન કરી શકે છે. સિંગાપોર છઠ્ઠા, મેક્સિકો સાતમા અને ઓસ્ટ્રેલિયા આઠમા ક્રમે છે. ચીનના પ્રોત્સાહક પગલાં હજુ સ્પષ્ટ નથી. વર્લ્ડ બેંકે ચેતવણી આપી કે ચીનના ઉત્તેજક પગલાં અસ્પષ્ટ છે. આવી સ્થિતિમાં આર્થિક વૃદ્ધિ પર તેમની અસરની ગણતરી કરવી મુશ્કેલ છે. બેઇજિંગમાં ચીની અધિકારીઓએ પગલાંની જાહેરાત કર્યા પછી તરત જ વિશ્વ બેંકનો અહેવાલ આવ્યો છે. ચીનની અર્થવ્યવસ્થાને સંઘર્ષ કરી રહેલા રિયલ એસ્ટેટ સેક્ટર અને નબળી ગ્રાહક માંગમાંથી બચાવવાનો દાવો કર્યો.

તાજેતરના પગલાંથી ચીનના બજારો ઉછળ્યા છે. વિદેશી રોકાણકારો ભારતીય શેરમાંથી પૈસા કાઢીને ચીનમાં રોકાણ કરી રહ્યા છે. આ મહિને બુધવાર સુધી વિદેશી રોકાણકારે ભારતીય શેરમાંથી ૫૦૨૯૫ કરોડ પાછા ખેંચી છે. બજારના જાણકારો માને છે કે વર્લ્ડ બેંકનો અહેવાલ રાહત આપનારો છે. તેનાથી વિદેશી રોકાણકારો ભારતમાંથી નાણાં ઉપાડવાની ગતિ ધીમી પડી શકે છે. ■

# સેબીના નવા નિયમોથી બ્રોકરેજ ફર્મ્સને ઝટકો

મુંબઇઃ માર્કેટ રેગ્યુલેટર સેબીએ રોકાણકારોના હિતોની રક્ષા કરતા તેમજ વધુ પડતા ખર્ચના બોજામાં ઘટાડો કરવાના હેતુ સાથે નવો સર્ક્યુલર રજૂ કર્યો છે. જે હેઠળ હવે બ્રોકરેજ કંપનીઓને વધુ પડતી ફી ચૂકવવી નહીં પડે. નવો નિયમ પહેલી ઑક્ટોબરથી લાગુ થયો છે. સર્ક્યુલર અનુસાર, બ્રોકરેજ કંપનીઓએ સ્ટોક ઍક્સચેન્જીસ, ક્લિયરિંગ કોર્પોરેશન અને ડિપોઝિટરીઝ સહિત માર્કેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંસ્થાઓ(એમઆઇઆઇ)માં ટ્રાન્ઝેક્શન પર એકસમાન ફી વસૂલવાનો નિર્દેશ કર્યો છે. સ્ટોક એક્સચેન્જમાં સ્લેબ મુજબનું માળખું હોય છે, જ્યાં તેઓ બ્રોકરેજ કંપનીઓ કરતાં ઊંચા વોલ્યુમના ટ્રાન્ઝેક્શન પર ઓછી ફી વસૂલે છે.

જોકે, બ્રોકરેજ કંપનીઓ આ માસિક ઓપરેટિંગ ખર્ચને રોકાણકારો પાસેથી સૌથી વધુ દરે ફી વસૂલે છે, જેનાથી રોકાણકારોના નફામાં ઘટાડો થાય છે. નવા નિયમોનો હેતુ પારદર્શિતાને પ્રોત્સાહન આપવા અને ગ્રાહકો દ્વારા ચૂકવવામાં આવતી ટ્રાન્જેક્શન ફી ઘટાડવાનો છે. નેશનલ સ્ટોક ઍક્સચેન્જે બ્રોકરેજ ફર્મ્સ દ્વારા ગ્રાહક આધારના વિસ્તરણ માટે ઉપયોગમાં લેવાતા રેફરલ પ્રોગ્રામ્સ પર કડક કાર્યવાહી કરી છે. તેણે બ્રોકરેજ ફર્મ્સને રેફરલ ઇન્સેન્ટિવનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે સિવાય કે વ્યક્તિ ઍક્સચેન્જમાં અધિકૃત વ્યક્તિ તરીકે નોંધાયેલ હોય.

આ પગલાનો હેતુ પ્રેરિત ટ્રેડિંગ ઘટાડવાનો છે, જ્યાં રોકાણકારો જોખમી રેફરલ પ્રવૃત્તિઓ અથવા અનધિકૃત રોકાણ યોજનાઓમાં ભાગ લેવા માટે લલચાઈ શકે છે. આ નવો નિયમ ઓનલાઇન બ્રોકરેજ કંપનીઓને નોંધપાત્ર રીતે અસર કરી શકે છે.

સરકારે બજેટમાં ફ્યુચર્સ ઍન્ડ ઓપ્શન્સ (એફએન્ડઓ) ટ્રેડ પર સિક્યોરિટીઝ ટ્રાન્જેક્શન ટેક્સ (એસટીટી) ૦.૦૧ ટકાથી વધારી ૦.૦૨ ટકા કર્યો હતો. જેનો અમલ પહેલી ઑક્ટોબરથી લાગુ થશે. ટ્રેડ્સ પર ટેક્સ બમણો કરવાથી ટ્રાન્જેક્શન વોલ્યુમ ઘટશે.

બીજી બાજુ, ઊંચો ટેક્સ રોકાણકારોના નફાના માર્જિનમાં પણ વધારો કરશે, સંભવિતપણે તેમને વધુ જોખમ લેવા પ્રેરશે. એફએન્ડઓમાં રૂ. ૭૫ હજાર કરોડનું નુકસાન નોંધાયું છે. સેબીએ રોકાણકારોના હિતોનું રક્ષણ કરવા અને શેરબજારમાં અટકળો ઘટાડવા માટે આ પગલાં લીધાં છે. વર્ષ ૨૦૨૪માં લગભગ ૯૧ ટકા એફએન્ડઓ ટ્રેડર્સે જોખમી ટ્રેડિંગમાં કુલ રૂ. ૭૫,૦૦૦ કરોડનું નુકસાન કર્યું છે.■

# વીજળીની મહત્તમ માગ ૨૭૦ ગીગાવોટ રહેશે

નવી દિલ્હીઃ વીજળીની માગ આવતા વર્ષે મહત્તમ ૨૭૦ ગીગાવોટ રહેશે અને ૨૦૩૫ સુધીમાં મહત્તમ ૪૪૬ ગીગાવોટ રહેવાનો અંદાજ છે. સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટીના ચેરપર્સન ઘનશ્યામ પ્રસાદે કહ્યું હતું કે, ચાલુ નાણાકીય વર્ષમાં ૪૦ ગીગાવોટ વીજ ઉત્પાદન ક્ષમતાનો ઉમેરો થશે.

ચાલુ વર્ષે મહત્તમ ૨૬૦ ગીગાવોટ વીજળીની માંગ રહેવાનો સરકારનો અંદાજ હતો, પરંતુ સપ્ટેમ્બરમાં પણ દેશના અનેક વિસ્તારોમાં વરસાદ પડવાથી તાપમાન નીચું રહેવાને કારણે આટલી માગ જોવા મળી ન હતી અને ૨૫૦ ગીગાવોટ જેટલી મહત્તમ માગ રહી હતી. દેશમાં ૨૦૪૭માં વીજ સેક્ટરની સ્થિતિ શું હશે તે અંગેના બ્રેઈનસ્ટોર્મિંગ સેશન આવતા સપ્તાહે ૧૪-૧૫ ઓક્ટોબરે યોજાશે જેનું આયોજન સીઈએ અને ફિક્કી દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે. આ બે દિવસની ઈવેન્ટ અંગે મીડિયાને માહિતી આપતા તેમણે આ વિગત આપી હતી. ■

## જીએસટીના સ્લેબમાં મોટા કાપ અંગે ચર્ચા

# ૧૦૦થી વધુ વસ્તુઓ સસ્તી થવાની તૈયારીમાં

મુંબઇઃ જીએસટી કાઉન્સિલની આગામી મહિને યોજાનારી બેઠકમાં જીએસટીના રેટમાં ઘટાડો અને ૧૦૦થી વધુ ચીજ-વસ્તુઓના ભાવમાં ફેરફારો થવાની શક્યતાઓ દર્શાવવામાં આવી છે. જીએસટી રેટમાં ફેરફારો મુદ્દે સામાન્ય પ્રજાને રાહત આપવા અમુક વસ્તુઓ પર જીએસટી ૧૨ ટકાથી ઘટાડી પાંચ ટકા કરવાની શક્યતાઓ વ્યક્ત થઈ રહી છે.

પશ્ચિમ બંગાળના નાણા પ્રધાન ચંદ્રિમા ભટ્ટાચાર્યાએ ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ આ અંગે માહિતી આપતાં કહ્યું હતું કે, જીએસટી રેટમાં પુનઃવિચારની જરૂર છે. સાયકલ અને બોટલ્ડ વોટર પર ટેક્સ ઘટાડવાની જાહેરાત થઈ શકે છે. જીએસટી કાઉન્સિલની આગામી બેઠક ૨૦ ઑક્ટોબરે યોજાશે.

જીએસટી હેઠળ સરેરાશ ટેક્સ રેટ ૧૧.૫૬ ટકા સુધી ઘટ્યો છે. પશ્ચિમ બંગાળે સલાહ આપી છે કે, જીએસટી કાઉન્સિલની ૨૩મી બેઠકમાં લેવામાં આવેલા નિર્ણયો પર પુનઃવિચાર કરવો જોઈએ. જેમાં ૧૭૮ વસ્તુઓ પર જીએસટી ૨૮ ટકાથી ઘટાડવામાં આવ્યો હતો. ભટ્ટાચાર્યે જણાવ્યું હતું કે, કાઉન્સિલે અમુક જરૂરી ચીજો પર જીએસટી ઘટાડી પાંચ ટકા કરવો જોઈએ, જેથી સામાન્ય પ્રજાને રાહત મળશે. ખાદ્ય ચીજોને ૧૨ ટકાથી ઘટાડી પાંચ ટકાના સ્લેબમાં આવરી લેવી જોઈએ, બીજી તરફ ૧૮ ટકાના સ્લેબમાં સામેલ હેર ડ્રાયર, હેર કલર, અને સૌંદર્ય પ્રસાધનોને ફરી પાછા ૨૮ ટકાના સ્લેબમાં સામેલ કરી આવકમાં થતું નુકસાન ભરપાઈ કરી શકાશે. છ પ્રધાનોની સદસ્યતા સાથેની જીએસટી કાઉન્સિલની બેઠક ૨૫ સપ્ટેમ્બરે યોજાઈ હતી. જેમાં મેડિકલ અને ફાર્મા સંબંધિત વસ્તુઓ પર જીએસટી રેટ ૧૨ ટકાથી ઘટાડવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. આગામી મહિને યોજાનારી બેઠક પર આ મુદ્દે નિર્ણય જાહેર કરાશે. આ સિવાય હેલ્થ અને લાઇફ ઇન્સ્યોરન્સ પ્રીમિયમ પર લાગુ જીએસટી દૂર કે ઘટાડવા મામલે પણ મોટી જાહેરાત થશે. હાલ જીએસટીના ચાર સ્લેબ છે.■



રાજકોટમાં વિવિધ ૯ સ્થળોએ રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘ (આરએસએસ) દ્વારા વિજયાદશમી ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સ્વયંસેવકો દ્વારા લાઠીદાવ સહિતનાં કૌશલ્યનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. (તસવીર– પ્રવિણ સેદાણી રાજકોટ)

# રાજકોટમાં ૧૫૦૦ આહીરાણીઓ સોનાના આભૂષણો સાથે ગરબે ઘૂમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમા આહીર સમાજ દ્વારા એક દિવસીય નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે દરમિયાન વરસાદ વરસ્યો હતો. જો કે વરસતા વરસાદમાં પણ સમાજના ભાઇઓ અને બહેનો દ્વારા ગરબા રમવામાં આવ્યા હતા. પરંપરાગત પહેરવેશમાં સમાજના ભાઇઓ અને બહેનોએ ગરબાની રમઝટ બોલાવી હતી.

આહીર સમાજની બહેનોની ઓળખ તેમના દ્વારા પહેરવામાં આવતા ઘરેણાં હોય છે. એક દિવસીય નવરાત્રિ મહોત્સવમાં પણ આહીર સમાજની બહેનો સોનાના ઘરેણાં પહેરીને આવી હતી. આંહીર સમાજની ૧૫૦૦ બહેનો ૧૫૦૦૦ તોલા સોનાના ઘરેણાં પહેરી પરંપરાગત પહેરવેશ સાથે ગરબે ઘૂમી હતી. કેડ સુધીના હારથી તો ગ્રાઉન્ડ પણ ગોલ્ડન બની ગયું હતું. આહીરાણીઓએ પહેરેલું ૧૫૦૦ તોલા એટલે ૧૫૦ કિલો સોનું થાય. જો તેનો તોલાનો ભાવ ૭૫૦૦૦ હજાર ગણીએ તો અંદાજે ૧૧૨ કરોડ કિંમત થાય છે. ■

# જૂનાગઢ શહેરમાં સમી સાંજે અનરાધાર વરસાદનું આગમન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ શહેરમાં નવરાત્રી પૂર્ણ થઈ હોવા છતાં શહેરમાં ઘણી જગ્યાઓ પર બાય નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે રવિવારે સમી સાંજે જૂનાગઢ શહેરમાં અચાનક જ અનરાધાર વરસાદના આગમનથી ખેલૈયાઓ નારાજ થયા હતા. જૂનાગઢ શહેરમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદી આગમનથી લોકો પણ મૂંઝવણમાં મુકાયા હતા. શહેરના સોનાપુરી વિસ્તારમાં કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો હતો. જૂનાગઢ શહેરના અલગ અલગ વિસ્તારોમાં પાણી ભરાવાના કારણે લોકોને હાલાકી ભોગવવી પડી હતી.

રવિવારની રજાના દિવસે જૂનાગઢ શહેરના લોકો ભવનાથ તરફ જતા હોય છે. ત્યારે વરસાદે અચાનક જ વરસવાનું શરૂ કરતા લોકોની રજાની મજા બગડી હતી. આ વર્ષે જૂનાગઢ જિલ્લામાં વર્ષનો સૌથી વધુ વરસાદ પડ્યો હતો તેમ જ જિલ્લાના તમામ ડેમો ઓવરફ્લો થયા હતા. હાલ ચોમાસાની સીઝન પૂરી થવા આવી છે તો બીજી તરફ વાતાવરણમાં પલટાવો આવતા અચાનક જ વરસાદી આગમનથી લોકો હેરાન-પરેશાન થયા હતા.

જામનગરમાં તહેવારો નજીક આવતાની સાથે જ મહાનગરપાલિકાની ફૂડ શાખા ફરી સક્રિય થઈ છે ત્યારે શહેરમાં ૧૪ જગ્યાએથી પણ વધુ જગ્યાએ ફૂડ વિભાગ દ્વારા તપાસની કામગીરી હાથ ધરી છે. નાઘેડીમાં લક્ષ્મી ગૃહ ઉદ્યોગમાં તપાસ કરતા ખાદ્ય પદાર્થ પામોલીન તેલ વાપરી પૂજન સામગ્રી વાળું ઘી બનાવવામાં આવતું હોવાની વિગતો મળતા ૯૧ કિલોનો જથ્થો સીઝ કરી સેમ્પલ લઈ તપાસ અર્થે મોકલી અપાયા છે. તેમ જ જામનગર શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં દૂધ, પનીર, મીઠાઈ, સુકામેવા, તેલ, મસાલા સહિતના અન્ય ખાદ્ય પદાર્થના દુકાનોમાં ચેકિંગની કાર્યવાહી કરાઈ જેમાં ખાદ્ય પદાર્થના નમૂના લેવામાં આવ્યા છે અને તેને લેબમાં મોકલવામાં આવ્યા છે. ■

# ભાવનગરના શ્રી માલણકા ખોડીયાર માના મંદિરે ૫૮મો નવચંડી યજ્ઞ યોજાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના માલણકા ગામ ખાતે આવેલ દવે, ભાયાણી, શાહ (જસપરાવાળા), ભટ્ટ (શિહોર) અને પટેલ પરિવારના કુળદેવી શ્રી માલણકા ખોડીયાર માના મંદિરે આસો મહિનાની નવરાત્રી ધામ-ધૂમથી ઉજવવામાં આવે છે. આસો મહિનાની નવરાત્રી દરમિયાન દરરોજ માતાજીને પારે ચંડીપાઠ કરવામાં આવે છે અને દશેરાના દિવસે હવનનું આયોજન કરવામાં આવે છે. આ ઉત્સવમાં ગુજરાતભરમાંથી તેમ જ ગુજરાત બહારથી ઘણા ભક્તો દર્શનાર્થે આવે છે.

આસો નવરાત્રી નિમિત્તે આયોજિત નવચંડી યજ્ઞ આસો-સુદ ૧૦, દશેરાના દિવસે તા.૧૨-૧૦ ને શનિવારે આયોજિત કરવામાં આવ્યો હતો. રોનકભાઈ ઓઝાના આચાર્ય પદે હોમાત્મક નવચંડી યજ્ઞ સવારના શરૂ થયો હતો અને હોમનું બીડું સાંજના હોમવામાં આવ્યું હતું

આ પ્રસંગે ભાવનગર અને બહારગામથી ઘણા ભક્તો દર્શનાર્થે આવ્યા હતા અને શક્તિના પર્વ પછી ઉજવાતા આ દશેરાના પર્વ નિમિત્તે માતાજી પાસે આશીર્વાદ માગ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે ટ્રસ્ટીઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. ■

# જામનગરમાં ફૂડ વિભાગના ૨૭૫ સ્થળે દરોડા

## અખાદ્ય તેલનો જથ્થો નાશ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળી પર્વ નજીક આવી રહ્યો છે ત્યારે જામનગરમાં મીઠાઈ ફરસાણની દુકાનમાં પણ ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતું અને મીઠાઈની ફરસાણની દુકાનમાંથી ૮૦ કિલો બળેલા તેલનું સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. તેમ જ દિવસમાં ૯૦ જગ્યાએથી વસ્તુઓના સેમ્પલ લઇ લેબમાં મોકલવામાં આવ્યા હતા અને ૨૦૫ સ્થળે ફરતી લેબોરેટરી દ્વારા તેલમાં ટીપીસીની માત્રાનું ચેકિંગ કરવામાં આવ્યું હતું, જેમાં ૮૦ કિલો અખાદ્ય તેલનો જથ્થો નાશ કરવામાં આવ્યો હતો.

મહાનગરપાલિકાની ફૂડ સેફટીના અધિકારીઓ દ્વારા સેક્શન રોડ ઉપર માહી મિલ્ક તથા પેલેસ રોડ ઉપરની મોમાઈ ડેરી સહિત કુલ ૧૨ સ્થળેથી દૂધના નમૂના લેવામાં આવ્યા હતા તેમ જ માવાની મીઠાઈની ડ્રાઈવમાં પણ એમપી શાહ ઉદ્યોગ નગરમાં શિવ શક્તિ ડેરી અને સ્વીટના તથા અંબિકા ડેરી પ્રોડક્ટસ સહિત ૧૨ સ્થળેથી મીઠો માવો અને બરફી મીઠાઈના સેમ્પલ લેવામાં આવ્યા હતા. ફૂડ સેફટી વિભાગના અધિકારીઓએ પામોલીન તેલ તથા શ્રીજ્યોત બ્રાન્ડ અને હોમ બ્રાન્ડ વગેરે કુલ મળીને રૂપિયા ૨૩ હજારનો ૪૧ કિલો જથ્થો સેમ્પલ લઈને સીઝ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# સુરતમાં ગઠિયાઓએ તબીબ પાસેથી બંગલો અને ₹૪.૯૫ કરોડ પડાવ્યા, કૌભાંડી સદ્દામની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં રાંદેર વિસ્તારમાં રહેતા તબીબ મિલકત ખરીદવા જતા ગઠિયાઓની માયાજાળમાં ફસાઈ ગયા હતા. જેમાં ગઠિયાઓએ તબીબનો એક બંગલો સહિત ૪.૯૫ કરોડની રકમ પડાવી લીધી હતી, જેના કારણે તબીબ મોહંમદ ઝાકીર ઐયુબ મેમણે ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ આપી હતી. જેના આધારે પોલીસે ત્રણ સામે ફરિયાદ નોંધી હતી અને જીએસટી કૌભાંડી સદ્દામની ધરપકડ કરી હતી. ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે, આરોપીના છેડા ઉપર સુધી હોવાથી પોલીસ ફરિયાદ પણ નહોતી લેતી. જેમ તેમ કરીને ક્રાઈમ બ્રાન્સમાં ફરિયાદ નોંધાવી છે.

આ મામલે મળતી વિગતો મુજબ, રાંદેર ગોરાટ રોડ પર અમી રો હાઉસમાં ડો. મોહંમદ ઝાકીર ઐયુબ મેમણના ૩ બંગલા છે, જેમાં બે બંગલા ભાડે આપેલા છે. ડોક્ટરના બે દીકરા પણ મેડિકલ કોલેજમાં અભ્યાસ કરે છે. વર્ષ ૨૦૨૨માં તબીબને તેના પરિચિતે કહ્યું કે, તમારા બન્ને દીકરા મેડિકલમાં અભ્યાસ કરે છે તો તમારે કોઈ સારી જગ્યા પર રેસિડન્સ સાથે દવાખાનું ચાલુ કરી શકાય તેવી મિલકતની ખરીદી કરવી જોઈએ. આથી તેઓ પરિચિતને કહ્યું કે, કોઈ સારી જગ્યા હોય તો કહેજો.

થોડા દિવસો પછી પરિચિતે રાણીતળાવના અલીફ ડેવલોપ નામથી જમીન લે-વેચનું કામ કરતા ઉમર મોહંમદ ઝુબેર પીલા સાથે ઓળખાણ કરાવી હતી. ઝુબેર પીલાએ રાણીતળાવમાં રોયલ રેસિડન્સી બિલ્ડિંગ તબીબને બતાવી હતી, જે તબીબને પસંદ આવી હતી. તબીબે માલિક સાથે મુલાકાત કરાવવાનું કહેતા ઝુબેર પીલાએ પોતે ભાગીદાર હોવાની વાત કરી પોતે બાંધકામ કરાવે છે, એમ કહ્યું હતું. પછી રોયલ રેસિડન્સીની કિંમત ૬.૫૫ કરોડ જણાવી હતી. જોકે, બાદમાં ૫.૫૫ કરોડમાં સોદો નક્કી થયો હતો. તબીબે આ બિલ્ડિંગ માટે પોતાની માલિકીનો એક બંગલો વેચાણ કરી અને બીજી રોકડની વ્યવસ્થા કરી આપવાનું નક્કી કર્યુ હતું. પછી ચીટર ઝુબેર પીલાએ તબીબને કહ્યું કે, તમારા બંગલા માટે ગ્રાહક મળી ગયો છે જોકે રૂપિયા લઈને પણ મિલકતનો કબજો સોંપ્યો ન હતો. અંતે તબીબે છેતરપિંડીનો ગુનો નોંધાવ્યો હતો. ■

## રાજકોટમાં વધુ એક હીટ ઍન્ડ રનની ઘટના

# વાહનચાલકે ટક્કર મારતા મોપેડસવાર યુવકનું મોત

અમદાવાદઃ રાજકોટમાં વધુ એક હીટ ઍન્ડ રનની ઘટના બની હતી. કાગદડી પાસે મોપેડ પર જતા યુવાનને એક અજાણ્યા વાહનચાલકે અડફેટે લીધો હતો. આ અકસ્માતમાં ગંભીર ઇજાઓ થતાં મોપેડસવાર યુવકનું ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું હતું, જ્યારે વાહનચાલક અકસ્માત સર્જી ફરાર થયો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહને પીએમ અર્થે મોકલી અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

હીટ ઍન્ડ રનની ઘટના અંગે પ્રાપ્ત માહિતી મુજબ, કાગદડી વિસ્તાર પાસે મોપેડ પર જતા યુવાનને એક અજાણ્યા વાહનચાલકે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મોપેડસવાર યુવક હવામાં ફંગોળાઈને રોડ પર પટકાયો હતો. યુવકને માથાનાં ભાગે ગંભીર ઇજાઓ થતાં તેનું ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જોકે, અકસ્માત સર્જીને અજાણ્યો વાહનચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો, જ્યારે અન્ય કેટલાક વાહનો યુવકનાં મૃતદેહ પરથી પસાર થયા હતા. આ ગોઝારા અકસ્માતને પગલે લોકોની ભીડ ભેગી થઈ હતી અને સ્થાનિક પોલીસને જાણ કરતા ટીમ ત્યાં પહોંચી હતી. પોલીસે મૃતદેહને પીએમ અર્થે હૉસ્પિટલ મોકલ્યો હતો. આ સાથે પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધીને તેની શોધખોળ આદરી હતી. ■

# સુરતમાં ગેસ્ટહાઉસ-સ્પાની આડમાં ચાલતા પાંચ કૂટણખાનાનો પર્દાફાશઃ ૧૩ મહિલા ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત રેલવે સ્ટેશન પાસે આવેલી ચાર ગેસ્ટહાઉસમાં ચાલતા કૂટણખાનાનો પોલીસે પર્દાફાશ કર્યો હતો. આ સાથે જ વરાછામાં એક સ્પામાં ચાલતું કૂટણખાનું પણ પકડાયું હતું. વર્ષોથી ગેસ્ટહાઉસની આડમાં ગોરખધંધા ચલાવતા ઉદય, પારસ, વિજય, સહયોગ ગેસ્ટહાઉસના માલિકો, સંચાલક, ગ્રાહકની ધરપકડ કરાઇ હતી. વરાછામાં સ્પામાં ચાલતા કૂટણખાનાના સંચાલકની ધરપકડ કરી હતી. આ પાંચ જગ્યાએથી પોલીસને ૧૩ મહિલા પણ મળી આવી હતી.

શહેરના રેલવે સ્ટેશન વિસ્તારની હોટલ અને ગેસ્ટહાઉસમાં કૂટણખાના ધમધમી રહ્યાં હોવાની વ્યાપક ફરિયાદોને પગલે ક્રાઇમ બ્રાન્ચના એન્ટિ-હ્યુમન ટ્રાફિક યુનિટે આ દિશામાં વર્કઆઉટ કર્યુ હતું, જે અંતર્ગત લંબે હનુમાન ગરનાળા પાસે આવેલા સહયોગ ગેસ્ટહાઉસ, ઉદય ગેસ્ટહાઉસ વિજય રેસ્ટહાઉસ અને પારસ ગેસ્ટહાઉસમાં આ પ્રકારના ગોરખધંધા ચાલી રહ્યા હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસે લંબે હનુમાન ગરનાળા પારી સહયોગ ગેસ્ટ હાઉસમાં દરોડા પાડયા હતા. અહીં એક રૂમમાં એક પુરુષ અને મહિલા કઢંગી હાલતમાં મળી આવ્યાં હતાં. રૂમમાં તલાશી લેતા ૧ મોબાઈલ, રોકડા રૂપિયા ૩૮૦૦ મળી કુલ રૂપિયા ૬૮૦૦નો મુદ્દામાલ કબજે લેવાયો હતો.

ગેસ્ટહાઉસનો માલિક જહીર મોહંમદ કરીમ મલેક પોતાના ગેસ્ટહાઉસમાં સંચાલક તરીકે અશરફ ઈકબાલ મલેકને રાખી સેક્સરેકેટ ચલાવતો હતો, પોલીસે સંચાલક અશરફ ઇકબાલ મલેક અને ગ્રાહક સૂરજ મહેશ રામ (રહે. હરિનગર, એથી માર્કેટ, ઉપનાની અટક કરી ગેસ્ટહાઉસના માલિક જાહીર મલેક રહે રામપુરાને વોન્ટેડ જાહેર કર્યો હતો. આ મામલે મહિધરપુરા પોલીસમાં ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ અન્વયે ગુનો નોંધાવાયો હતો. ■

# કચ્છના ખારીના ચકચારી ખારી પ્રેમ પ્રકરણમાં વૃદ્ધના મોતનો થયો ખુલાસો




(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ખાવડાના ખારી ગામમાં કોઈ ક્રાઇમ થ્રીલરની વાર્તા જેવી ચકચારી અને રહસ્યમયી ઘટના પરથી આખરે પડદો ઉંચકાઈ ગયો હતો, જેમાં પ્રેમી યુગલે એક મેકને પામવા માટે ભુજના એક નિર્દોષ નિરાધાર વૃધ્ધની કરપીણ હત્યા કરી નાખી હતી, પ્રેમિકાના આપઘાતમાં ખપાવી દેવા માટે તેમના મૃતદેહને સળગાવી દેવાયો હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો.

સમગ્ર કચ્છમાં ભારે ચકચાર જગાવનાર ખારી ગામના પ્રેમ પ્રકરણમાં આપઘાતના નાટક બાદ મૃત માની લેવાયેલી પરિણીતા જીવિત હોવાની સાથે સમગ્ર રહસ્યમય બનાવ હત્યામાં ફેરવાયો હતો અને ભુજમાંથી ઉઠાવી ફાંસો આપી મોતને ઘાટ ઉતાર્યા તે વૃદ્ધ માનકુવાના હોવાનું પોલીસ તપાસમાં ખુલાસો થયો હતો. પોલીસે આરોપી યુગલની અટકાયત કરી લીધી હતી અને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

આ ઘટના અંગે મળતી વિગતો મુજબ, ગત ૬ ઓક્ટોબરના પ્રકાશમાં આવેલા ખારી ગામના પ્રેમ પ્રકરણના રહસ્યમય બનાવનો માત્ર છ દિવસમાં ખાવડા પોલીસે ભેદ ઉકેલી આરોપી પ્રેમી અનીલ ગોપાલ ગાગલ અને તેની પ્રેમિકા રામીબેન કાના ચાડ વિરુદ્ધ હત્યા, અપહરણ અને ગુનાહિત કાવતરું રચવાનો ગુનો દાખલ કર્યો હતો.

બનાવની શરૂઆતથી જ અનેક તર્કવિતર્ક સર્જયા હતા, આ ઘટનામાં ખરેખર કોનો મૃતદેહ સળગાવવામાં આવ્યો તે યક્ષ પ્રશ્ન હતો. પોલીસે આરોપીઓની પૂછપરછ કરી ઝીણવટ ભરી તપાસ આદરી હતી. જેમાં મૃતક માનકુવાના ૭૨ વર્ષીય ભરતભાઈ પ્રતાપસિંગ ગાંધી(ભાટિયા) હોવાનું બહાર આવ્યું હતું અને ગણેશનગરમાં રહેતા નરેશભાઈ ગાંધીએ પણ પોલીસે જાહેર કરેલો સ્કેચ પોતાના ભાઈનો હોવાનું જણાવ્યું હતું. શનિવારે ખાવડા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ માલદેભાઈ હમીરભાઈ સોલંકીની ફરિયાદને આધારે બન્ને આરોપી અટકાયત કરી હતી. ■

# ભુજમાં નંબર પ્લેટ વગરની કાર હંકારતા નશામાં ધૂત યુવક પાસેથી દેશી પિસ્તોલ ઝડપાઈ

ભુજઃ કચ્છના મુખ્ય મથક ભુજમાં નવરાત્રી પર્વ દરમિયાન વાહનોનું ચેકિંગ કરી રહેલી સ્થાનિક પોલીસે એક નંબર પ્લેટ વિહોણી અને કાળા કાચવાળી કારને અટકાવી, શરાબ પીધેલી હાલતમાં રહેલાં યુવક પાસેથી લોડેડ દેશી પિસ્તોલ કબજે કરી હતી. ભુજ એ ડિવિઝન પોલીસે આપેલી માહિતી પ્રમાણે, શહેરના વોકળા ફળિયા નજીક અનમ રીંગરોડ પર ગત મોડી રાત્રે બે વાગ્યે વાહન ચેકિંગનું કાર્ય ચાલી રહ્યું હતું ત્યારે નંબર પ્લેટ વિહોણી કાળા રંગની ટાટા હેરિયર એસયુવી કારને અટકાવી તપાસ હાથ ધરવામાં આવતાં અંદર રહેલા નિર્મલસિંહ પ્રવિણસિંહ ગોહિલ (૩૨, રહે. જૂની ઉમેદનગર કોલોની, ભુજ) નશામાં ધુત જણાયો હતો. પોલીસે કારની વધુ તલાશી લેતા ગલ્વબોક્સમાં ચામડાના કવરમાં રાખેલી દેશી હાથ બનાવટની લોડેડ પિસ્તોલ મળી આવી હતી. ■

# કંડલામાં નાસ્તો લેવા નીકળેલા ચાર વર્ષના માસૂમ બાળકનું ટ્રેઈલર હડફેટે અકાળે મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ તહેવારોમાં ચાલી રહેલા સપરમા દિવસો દરમિયાન બંદરીય કંડલા ખાતે માર્ગ ઓળંગી રહેલા દિલીપ રંજન ઉર્ફે રંજન કોડા નામના ૪ વર્ષના માસૂમ બાળકને કાળ બનીને આવી ચઢેલા ટ્રેઇલરે હડફેટમાં લેતાં આ માસૂમ બાળકનું મોત થતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી છે.

મરીન પોલીસના જણાવ્યા અનુસાર, આશા વે-બ્રિજ પાસે રહી મજૂરીકામ કરનારો રંજન વીરેન્દ્ર કોડા ગત સાંજે કામ કરી રહ્યો હતો એ દરમ્યાન આ શ્રમિકનો બીજા નંબરનો પુત્ર દિલીપ વેફરનું પડીકું લેવા માર્ગ ઓળંગી રહ્યો હતો ત્યારે પૂરઝડપે આવેલાં ટ્રેઇલર (જી.જે.૩૯ ટી.૨૦૫૫) એ દિલીપને હડફેટમાં લેતાં તેને ગંભીર ઇજાઓ પહોંચી હતી અને સારવાર મળે તે પહેલાં માસૂમે છેલ્લા શ્વાસ લીધા હતા.

પોલીસે બાળકનો જીવ લઇ, વાહન સમેત નાસી છૂટેલા ભારે વાહનના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# ભાવનગર નજીક લક્ઝરી બસમાં ચડવા જતા આધેડનું મોત


(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ બસમાં ચડવા જતાં મુસાફરનું ખાનગી ટ્રાવેલ્સ તળે કચડાઇ જતાં આધેડનું મોત નિપજ્યું હતું. ભાવનગર - અમદાવાદ શોર્ટ રૂટ ઉપર મોડી રાત્રીના ધરતી હોટલ પાસે આ ઘટના સર્જાઈ હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર - સુરત વચ્ચે ચાલતી મારૂતી ટ્રાવેલ્સ રાત્રે ભાવનગરથી સુરત ખાતે જવા નિકળી હતા તે વેળાએ બસના ડ્રાઇવરે ભાવનગર- અમદાવાદ શોર્ટ રૂટ ઉપર આવેલ ધરતી હોટલમાં બસનો હોલ્ટ કરાવ્યો હતો તે વેળાએ બસમાં સવાર હિંમતભાઇ ગણેશભાઇ બસમાંથી બાથરૂમ જવા નીચે ઊતર્યા હતા ત્યાર બાદ હોલ્ટ પૂરો થતાં મારૂતી ટ્રાવેલ્સના ડ્રાઇવરે બસ શરૂ કરી હતી તે વેળાએ હિમંતભાઇ ગણેશભાઇ બસમાં ચડવા જતાં ડ્રાઇવરે બસ ચલાવતા હિમંતભાઇનો પગ લપસી ગયો હતો અને આગળના ટાયરમાં કચડાઇ ગયા હતાં.ગંભીર હાલતે ભાવનગરની સર. ટી. હૉસ્પિટલ ખાતે ખસેડાયા હતા જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. ■

# નભોમંડળમાં સુચીશાન-એટલાસ નામના ધૂમકેતુના દર્શનનો રોમાંચ

## છેક દિવાળી સુધી જોઈ શકાશે



ભુજઃ દીપોત્સવી પર્વ માટે નભોમંડળ જાણે અત્યારથી જ શૃંગાર સજી રહ્યું હોય તેમ અત્યંત દુર્લભ એવા સુચીશાન-એટલાસ નામનો ધૂમકેતુ સમગ્ર ઉત્તર ગોળાર્ધ તેમજ દક્ષિણ ગોળાર્ધની સાથે-સાથે ગુજરાતના આકાશમાં પણ દેખાઈ રહ્યો છે અને હજુ તેને થોડા દિવસો સુધી જોવાનો મોકો મળી શકશે. આ ધૂમકેતુ નરી આંખે જોઈ શકાય છે અને તેને જોવા બાયનોક્યુલર્સ કે ટેલિસ્કોપની જરૂરત નથી. વિજયાદશમીના દિવસે એટલે કે, ૧૨મી ઓક્ટોબર ૨૦૨૪ના રોજ તે +૨ મેગ્નીટ્યૂડની સાથે તે સૌથી વધુ ઝળહળતો જોવા મળ્યો હતો. આ ધૂમકેતુ પશ્ચિમ આકાશમાં ક્ષિતિજની સહેજ ઉપર સૂર્યોદય પહેલાંની ૪૫ મિનિટ બાદ જોવા મળી રહ્યો છે. આ ધૂમકેતુ ગયા વર્ષે ચીન ખાતેની 'પર્પલ માઉન્ટેન' નામની એક ખગોળ પ્રયોગશાળા દ્વારા શોધી કઢાયો હતો અને તે એકવખત જોવા મળ્યા બાદ તે બીજી વાર જોવાનો લ્હાવો આગામી ૮૦૦૦૦ વર્ષ સુધી મળશે નહિ તેથી આ ધૂમકેતુને જોવો એ જિંદગીભરનો લહાવો બની રહેશે. આ ધૂમકેતુની શોધમાં દક્ષિણ આફ્રિકા દ્વારા પણ નોંધપત્ર યોગદાન અપાયું છે. આવી ઘટના ૮૦૦૦૦ વર્ષ બાદ બની રહી છે. આ ધૂમકેતુ નાના ફીણનાં ગોટા જેવો લાગે છે અને તેને પૂંછડી પણ છે. દીપોત્સવી પર્વ જયારે નજીક છે ત્યારે આ પ્રકારનો અવલોકિક નજારો જોવા ખગોળ રસિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ■